બાળસભા કોર્સ તથા
બાળ સત્સંગ શિક્ષણ પરીક્ષા માટેની પુસ્તકશ્રેણી

# સત્સંગ વિહાર

## ભાગ - ૩



# કરું વંદના



અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી    પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ


**શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ**



બ્રહ્મસ્વરૂપ
**શ્રી ભગતજી મહારાજ**



બ્રહ્મસ્વરૂપ
**શ્રી શાસ્ત્રીજી મહારાજ**



બ્રહ્મસ્વરૂપ
**શ્રી યોગીજી મહારાજ**




બ્રહ્મસ્વરૂપ
**શ્રી પ્રમુખસ્વામી મહારાજ**




પ્રગટ બ્રહ્મસ્વરૂપ
**શ્રી મહંતસ્વામી મહારાજ**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા સંચાલિત બાળમંડળોના બાળકો માટે
સ્વામિનારાયણીય હિંદુ ધર્મનો પરિચય કરાવતી
બાળસભા કોર્સ (BSC) તથા બાળ સત્સંગ શિક્ષણ પરીક્ષા માટેની પુસ્તકશ્રેણી



# સત્સંગ વિહાર

## ભાગ-૩




**પ્રકાશક**
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૪.

**Satsang Vihar 3 (Gujarati Edition)**

(An Introductory Study Programme of
BAPS Swaminarayan Hinduism for Children)

**Blessing :** His Holiness Pramukh Swami Maharaj

**Inspirer :** His Holiness Mahant Swami Maharaj

**Presented by :** Children's Activities Central Office
BAPS Swaminarayan Sanstha
Shahibaug, Ahmedabad - 380 004, Gujarat, India

**Publishers :** Swaminarayan Aksharpith
Shahibaug, Ahmedabad - 380 004, Gujarat, India

**5th Edition :** October, 2023

**Copyright:** © Swaminarayan Aksharpith
All rights reserved. No part of this book may be used or reproduced in any form or by any means without permission in writing from the publisher, except for brief quotations embodied in reviews and articles.

**ISBN :** 978-81-7526-444-1

**રજૂકર્તા :** બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ - ૪.

**પાવન નિશ્રા :** પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ

**કોપીરાઈટ :** © સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકનો કોઈ પણ અંશ કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

**મુખ્ય ચિત્રાંકન :** શ્રી રણજિતસિંહ ‘મેઘાવી’

**રંગપૂરણી :** શ્રી સંજીવ મિશ્રા

**પાંચમી આવૃત્તિ :** ઓક્ટોબર, ૨૦૨૩

**મુદ્રક અને પ્રકાશક :**
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# ભરીએ અક્ષરધામની ઉડાન





અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી   પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ

સત્સંગ વિહાર પુસ્તક શ્રેણી

બી.એ.પી.એસ. સંપ્રદાયના બાળકોમાં સત્સંગના પાયાના સંસ્કાર દૃઢ કરાવતી પુસ્તક શ્રેણી

બાળમિત્રો, પંખીને ઊડતું જોયું છે ? જોઈને થાય કે આપણનેય બે પાંખો મળે તો કેવું સારું ? એય...ને ઊંચે આકાશમાં ઊડવાનું અને રંગબેરંગી દુનિયા જોવાની ! ભાતભાતનું જમવાનું ને કશાનીય ચિંતા નહીં કરવાની !

પણ તમે પૂછશો : ભગવાને આપણને માણસોને પાંખો આપી જ નથી, એનું શું ? જવાબ છે : ભગવાને આપણને સૌનેય બે પાંખો આપી જ છે. તે છે આજ્ઞા અને ઉપાસનારૂપી પાંખો. આ બે પાંખો મજબૂત હોય, તો આપણેય ખૂબ ઊંચી ઉડાન ભરી શકીએ. એક બે દુનિયા જેટલી નહીં, છેક અક્ષરધામ સુધીની.

આપણે એવી ઉડાન ભરીએ એ માટે જ ભગવાને આપણને મનુષ્યનું સુંદર શરીર અને અદ્‌ભુત મન આપ્યાં છે. તથા આટલી આશ્ચર્યકારી દુનિયા બનાવી છે.

બાળમિત્રો, સત્સંગવિહારની આ પુસ્તિકાઓ આજ્ઞા અને ઉપાસનાની પાંખો મજબૂત કરવા માટે જ છે. જો તમે આ પુસ્તિકાઓ મન દઈને વાંચશો, સમજશો અને જીવનમાં ઉતારશો, તો તમે મહારાજ-સ્વામીના પ્યારા આદર્શ ભક્ત બની જશો.

તો તૈયાર છોને, આજ્ઞા અને ઉપાસનાની પાંખો મજબૂત કરી, અક્ષરધામના સુખની ઉડાન ભરવા !

**(નોંધ : દરેક પાઠમાં કી-વર્ડ્ઝ અને કી-સેન્ટેન્સ તથા બોધ બોલ્ડ કરીને છાપવામાં આવ્યાં છે.)**




BAPS

# અનુક્રમણિકા

મુદ્રક અને પ્રકાશક ................................ ૨

પ્રસ્તાવના ............................................ ૩

## ઉપાસના વિભાગ

### ■ આપણો હિંદુ ધર્મ

**૧.** ગુરુ મળે તો ભગવાન મળે (ગુરુ-શિષ્ય) ........ ૫
**૨.** હિંદુ ધર્મની અન્ય માન્યતાઓ .................... ૮

### ■ આપણા ભગવાન

**૩.** પ્રભુના કર્મમાં મર્મ (કર્મમાં મર્મ) ............. ૧૦
**૪.** સેવકરામની સેવા (સદ્‌ગુણ-સેવા) ............... ૧૨
**૫.** મગનીરામમાંથી અદ્વૈતાનંદ (સર્વશક્તિમાન) ...૧૪
**૬.** કઠપૂતળીને નચાવનાર (કર્તા+નિયંતા) ........ ૧૬
**૭.** સ્વામિનારાયણ મહામંત્ર (મંત્ર+ભક્તવત્સલ) ...૧૮
**૮.** અંતકાળે તેડવા આવે (સર્વોપરી+સાકાર) ...... ૨૦
**૯.** શ્રીજીની લીલા અપરંપાર (લીલા) .............. ૨૨
**૧૦.** ગુણાતીત ગુરુપરંપરા (પ્રગટ) ................. ૨૪

### ■ આપણી ગુરુપરંપરા

**૧૧.** ગુણાતીતાનંદ મૂળઅક્ષર ....................... ૨૬
**૧૨.** આવા હતા ભગતજી મહારાજ .................. ૨૮
**૧૩.** તેઓ આપણા માટે જીવ્યા (શાસ્ત્રીજી મહારાજ)૩૦
**૧૪.** યોગીજી મહારાજની દિવ્ય દૃષ્ટિ ............... ૩૨
**૧૫.** કળિયુગનો જાદુ (કાર્ય) ........................ ૩૪
**૧૬.** ભક્તો માટે જ જીવન (સદ્‌ગુણ) .............. ૩૬
**૧૭.** પંચ વર્તમાનમાં દૃઢ (જીવન) .................. ૩૮
**૧૮.** પ્રમુખસ્વામી મહારાજ : જીવન અને કાર્ય ..... ૪૧

### ■ આપણું તત્ત્વજ્ઞાન - આપણો સિદ્ધાંત

**૧૯.** આપણે કોણ ? ................................... ૪૨

## આજ્ઞા વિભાગ

### ■ આપણા નિયમ ધર્મ

**૨૦.** પતિવ્રતાની ટેક (કંઠી) ......................... ૪૪
**૨૧.** વિધિ છે તો કારણ પણ છે (પૂજા) ........... ૪૬
**૨૨.** ઘર બને મંદિર, જીવન બને મંદિર (આહ્‌નિક)૪૮
**૨૩.** એક પણ સભા છોડવી નહીં (સભા) ......... ૫૦
**૨૪.** ઈન્દ્રિયોની એકાદશી ............................ ૫૩
**૨૫.** માંસાહાર અને વ્યસન ત્યાગ (આહારશુદ્ધિ) ૫૬
**૨૬.** અમારા પર દયા રાખજો (પંચવ્રત) ............ ૫૮
**૨૭.** વાંચન કરીએ, રાજીપો મેળવીએ ............. ૬૦
**૨૮.** દાનનો લહાવો લઈ લેજો (ધર્માદો) ............ ૬૨

### ■ આપણા સંતો-ભક્તો

**૨૯.** આનું નામ જોડાણ (પરમહંસો) ................ ૬૪
**૩૦.** દુ:ખો સામે અડગ (સત્સંગ દૃઢતા) ........... ૬૬
**૩૧.** ઉકાખાચરની સેવા (સેવા)...................... ૬૮
**૩૨.** આજ્ઞા પાળે તેને લાભ જ લાભ (આજ્ઞાપાલન) ૭૦
**૩૩.** ભગવાન કરે તે દિવ્ય (દિવ્યભાવ) ........... ૭૨
**૩૪.** તપસ્વી ધ્રુવ (બાળભક્ત) ..................... ૭૪

### ■ આપણા ધર્મગ્રંથો

**૩૫.** 'સ્વામીની વાતો' જાદુગારી .................. ૭૬

### ■ આપણી સેવા

**૩૬.** પાંદડે પાંદડે સ્વામિનારાયણ (સત્સંગ પ્રસાર) ૭૮

### ■ અન્ય

**૩૭-૩૮.** મુખપાઠ ...................................... ૮૦
**૩૯.** જાણવા જેવું ...................................... ૮૨
**૪૦.** બી.એ.પી.એસ.ના સત્સંગમાં મોક્ષ પાક્કો ..... ૮૫

# ૧. ગુરુ મળે તો ભગવાન મળે

**(૧) કર્મસિદ્ધાંત (૨) પુનર્જન્મ (૩) અવતારવાદ અને (૪) મૂર્તિપૂજા**, આ ૪ માન્યતા ઉપરાંત હિંદુ ધર્મની અગત્યની માન્યતા છે : **ગુરુ-શિષ્ય સંબંધ**. આ પાઠમાં આપણે તેના વિશે જાણીશું.

■ **જીવન શા માટે ?**

જન્મ લેવો. મોટા થવું. ભણવું. નોકરી-ધંધો કરી પૈસા કમાવા. લગ્ન કરવાં. ગાડી, બંગલા, સુખ-સગવડ ભોગવવી, પરિવાર થવો અને અંતે મૃત્યુ પામવું... શું આ જ જીવન છે ? ના.



'જીવન શા માટે ?' એ પ્રશ્નનો ઉત્તર હિંદુ ધર્મના સૌથી મોટા વિદ્વાન આદિગુરુ વ્યાસજીએ આપ્યો છે :

આલોડ્ય સર્વશાસ્ત્રાણિ
વિચાર્ય ચ પુનઃ પુનઃ ।
ઈદમ્ એકં સુનિષ્પન્નં
ધ્યેયો નારાયણો હરિઃ॥

(બધાં જ શાસ્ત્રોને મેં ઊંડાણથી તપાસ્યાં અને વારંવાર વિચાર કર્યો, તો સાર નીકળ્યો કે '**ભગવાનને પામવા એ જ જીવનનું એકમાત્ર ધ્યેય છે.**')

■ **ભગવાન કેવી રીતે મળે ?**

આ પ્રશ્નનો જવાબ વેદોના ભાગરૂપ ઉપનિષદ આપે છે :

તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમેવાભિગચ્છેત્ સમિત્પાણિઃ શ્રોત્રિયં બ્રહ્મ નિષ્ઠમ્ ॥

(ભગવાનને પામવા માટે શ્રોત્રિય, અક્ષરબ્રહ્મસ્વરૂપ અને પરબ્રહ્મમાં નિષ્ઠાવાળા **ગુરુને શરણે** જવું જોઈએ.)

■ <u>**ગુરુ દ્વારા ભગવાન કઈ રીતે મળે ?**</u>

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે :

તદ્‌વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ॥

(ભગવાનનું જ્ઞાન મેળવવા માટે ગુરુ પ્રત્યે **દાસભાવ** રાખી, જ્ઞાનની **જિજ્ઞાસા** રાખી, ગુરુની **સેવા** કરી, ગુરુને સેવવા જોઈએ.)

(નોંધ : પાઠના શ્લોકો પરીક્ષામાં પુછાશે નહિ.)

■ <u>**ગુરુની આજ્ઞા કેવી રીતે પાળવી ?**</u>

**ગૌતમ** નામના એક **ઋષિ** હતા. એકવાર **સત્યકામ** નામનો એક નાનકડો **બાળક** તેમના આશ્રમમાં આવ્યો. વંદન કરી કહે, 'હું **બ્રહ્મજ્ઞાન મેળવવા** આવ્યો છું.' નાના બાળકમાં નમ્રતા અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા હતી. તે જોઈ ગૌતમ ઋષિએ સત્યકામ જાબાલિને શિષ્ય બનાવ્યો.

થોડા દિવસ બાદ ગુરુજીએ ૪૦૦ ગાયો આપી સત્યકામને કહ્યું, 'બેટા ! આને જંગલમાં લઈ જા. **૪૦૦માંથી ૧,૦૦૦ ગાયો** થાય, ત્યારે પાછો આવજે.' સત્યકામે ગુરુની આજ્ઞા માથે ચઢાવી.

'હું નાનો છું, મારાથી આ કામ કેવી રીતે થશે ? હું તો બ્રહ્મજ્ઞાન લેવા આવ્યો છું, અને ગુરુજીએ મને આવું શું સોંપ્યું ?' આવો કોઈ વિચાર સત્યકામને ન આવ્યો.

જંગલમાં તેણે ચારો-પાણી મળે તેવી જગ્યાએ ઝૂંપડી બનાવી, **ગાયોની સેવા** શરૂ કરી દીધી. દરેક ગાયને ખાવાનું અને પીવાનું મળે, તેનું તે **ધ્યાન** રાખતો. કોઈ જંગલી પ્રાણી ગાયને મારી ન નાંખે, તે અંગે પણ તે **સાવચેતી** રાખતો.

ઠંડી, ગરમી કે વરસાદ... ત્રણેય ઋતુમાં **દિવસ-રાત** તે ગુરુએ સોંપેલ સેવા પૂર્ણ કરવામાં મંડ્યો રહેતો.

એક બે નહીં, **ઘણાં વર્ષો** આમ ને આમ વીતી ગયાં. હવે **ગાયોની સંખ્યા ૧,૦૦૦**ની થઈ હતી ! સત્યકામ જાબાલિના આનંદનો પાર ન હતો. તે બધી ગાયોને લઈ હોંશે-હોંશે ગુરુ ગૌતમ ઋષિના **આશ્રમે જવા** નીકળ્યો. ગુરુની કૃપાથી **રસ્તામાં** જ તેને વાયુદેવ, અગ્નિદેવ, સૂર્યદેવ અને પ્રાણદેવ પશુ-પંખી સ્વરૂપે મળ્યા. આ **દેવોએ** સત્યકામને **બ્રહ્મજ્ઞાન શીખવ્યું**.

સત્યકામ જ્યારે ગુરુના આશ્રમમાં આવ્યો, ત્યારે તેનું મુખ બ્રહ્મતેજથી ઝળહળતું હતું. ગુરુએ પ્રસન્ન થઈ પૂછ્યું, 'અરે વત્સ ! તું તો બ્રહ્મજ્ઞાની લાગે છે.' સત્યકામ કહે, 'ગુરુદેવ ! મને પશુ-પંખીના સ્વરૂપમાં કોઈ જ્ઞાન આપી ગયું છે, પણ મને એની કોઈ મહત્તા નથી. માટે મને જ્ઞાન આપો.'

**ગૌતમ ઋષિ** સત્યકામને ભેટી પડ્યા. ને **આશીર્વાદ** આપતાં કહ્યું, 'તને જે જ્ઞાન મળ્યું છે, એ જ બ્રહ્મજ્ઞાન છે. હવે તારા માટે **કાંઈ જાણવું બાકી રહેતું નથી.**'

■ <u>**સાચા ગુરુના સંગે જીવન બને ઉત્સવ**</u>


વેદ, ઉપનિષદ, ગીતા વગેરે શાસ્ત્રોમાં વર્ણવાયા છે એવા ગુરુ એટલે **ગુણાતીત ગુરુ**. ગુણાતીત ગુરુ-પરંપરામાં આવા ગુરુ આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ **મહંતસ્વામી મહારાજ** છે. **એમની આજ્ઞા મુજબ જીવન બને**, તેમનામાં દિવ્યભાવ રહે, અખંડ તેમનું અનુસંધાન રહે, **તો** જીવનની દરેક પળ સુખ, શાંતિ અને આનંદમય બની જાય. અને અંતકાળે **અક્ષરધામ મળે**. પરબ્રહ્મ ભગવાન શ્રી



સ્વામિનારાયણનું અખંડ સુખ મળે.

શ્રીજી મહારાજ પણ ગઢડા અંત્યના બીજા વચનામૃતમાં કહે છે : 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. અને જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો, ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા, તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને 'પરમ પદ' કહીએ, મોક્ષ કહીએ, તેને (તે ભક્ત) છતે દેહે જ પામ્યો છે.'

**આવો ગુરુ-શિષ્ય સંબંધ જીવનમાં ઉતારે તે હિંદુ.**




MEGHAVI

# ૨. હિંદુ ધર્મની અન્ય માન્યતાઓ

■ **વેદો : સનાતન ધર્મગ્રંથો**

હિંદુ ધર્મનો મુખ્ય આધારભૂત ધર્મગ્રંથ વેદ છે. **ઋષિઓએ** ધ્યાનમાં **વેદના મંત્રો પરબ્રહ્મ ભગવાન પાસેથી જાણ્યા હતા**. વેદોનું આ જ્ઞાન જ હિંદુધર્મના વિવિધ સંપ્રદાયોમાં જુદાજુદા સ્વરૂપે જોવા મળે છે.

● **શાસ્ત્રો માટે મરવા તૈયાર**

હજારો વર્ષ પહેલાં **નાલંદા અને તક્ષશિલા** વિશ્વવિદ્યાલયોમાં દેશ-વિદેશથી લોકો ભણવા આવતા હતા. એમાંના એક એટલે **ચીનના હ્યુ-એન-ત્સંગ** (Xuanzang). તેઓ પોતાના શિષ્યો સાથે ભારતીય દર્શન અને સંસ્કૃતિનો અભ્યાસ કરવા ભારત આવ્યા હતા. તેમના વિષેનો એક પ્રસંગ પ્રચલિત બન્યો છે. **૧૪ વર્ષ** રહ્યા બાદ જ્યારે તેઓ ચીન પાછા વળતા હતા, ત્યારે **રાજા હર્ષે** તેમને સોનામહોરો અને **રત્નો ભેટમાં** આપ્યાં. ત્યારે હ્યુ-એન-ત્સંગ કહે, '**ના.** અમારે રત્નો નહીં, **જ્ઞાનના ગ્રંથો જોઈએ છે.**' આમ તેઓ **૬૫૭ ધાર્મિક હસ્તલિખિત ગ્રંથો** પોતાની સાથે **લઈ ગયા**.

પરંતુ સ્વદેશ જતાં **માર્ગમાં** એક **દુર્ઘટના** બની. અચાનક જ સમુદ્રમાં ભયંકર **તોફાન** આવ્યું. નાવિકે કહ્યું, 'નૌકામાંથી **ભાર ઓછો કરવો પડશે.**' શિષ્યોએ, તેમની સાથે લીધેલી ભારતીય કલાકૃતિઓ અને વધારાનો **સામાન ફેંકી દીધો**. પરંતુ તોફાન વધુ તીવ્ર બન્યું, ત્યારે નાવિકે ફરીથી કહ્યું, '**વજન હજુ ઓછું** કરવું પડશે.'

હવે નાવિકની **નજર** હસ્તલિખિત **શાસ્ત્રો પર** પડી. **હ્યુ-એન-ત્સંગ** સમજી ગયા. અને શાસ્ત્રોને ફેંકવાને બદલે પોતે સાગરમાં **પડવા તૈયાર** થયા અને કહે, '**આ શાસ્ત્રો મારા જેવા ૧૦૦ જણની ગરજ સારશે!** હું જાઉં છું.' હિંદુશાસ્ત્રોનો આટલો મહિમા સાંભળી, ગુરુને અટકાવી કેટલાક **શિષ્યો સાગરમાં કૂદી પડ્યા** !

આ રીતે દેશ-વિદેશના અનેક લોકો વેદ-ઉપનિષદ, ગીતા, ભાગવત, રામાયણ, મહાભારત, ષડ્દર્શન વગેરે હિંદુ શાસ્ત્રોથી પ્રભાવિત થયા છે.

■ **એક જ ભગવાન**

ભગવાન અનેક નહીં, પરંતુ એક જ છે, તેવી હિંદુ ધર્મની માન્યતા છે. તેમના અનુપ્રવેશથી અનેક અવતારો થાય છે.

■ **આદર્શ ભક્ત થઈ ભગવાનની ઉપાસના**

હિંદુ ધર્મ આદર્શ ભક્ત થઈ ભગવાનની ઉપાસના કરવાનું સ્વીકારે છે. સીતાજી જેવા આદર્શ ભક્ત થઈ રામ ભગવાનની ઉપાસના કરવી, રાધાજી જેવા આદર્શ ભક્ત થઈ શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસના કરવી. એવી રીતે અક્ષરબ્રહ્મ જેવા આદર્શ ભક્ત થઈ પુરુષોત્તમની ભક્તિ કરવી.

■ **ચાર પુરુષાર્થ**

ચાર પુરુષાર્થની સિદ્ધિ થાય ત્યારે જીવન સફળ કહેવાય : (૧) **ધર્મ** એટલે કે **નિયમ**-ધર્મ પાળવા. (૨) **અર્થ** એટલે કે **સંપત્તિ** મેળવવી. (૩) **કામ** એટલે કે ગૃહસ્થાશ્રમ સંબંધિત **ઇચ્છાઓ** પૂરી કરવી અને (૪) **મોક્ષ** એટલે કે ગુરુની આજ્ઞા મુજબ ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ સિદ્ધ કરી **આત્માનું કલ્યાણ** કરવું.

■ **અહિંસા**

મનુષ્ય, પશુ-પંખી, જીવ-જંતુ **દરેકમાં પરમાત્મા** વસે છે, તેવો ભાવ રાખી કોઈનું **મન-કર્મ-વચને ખરાબ ન થાય એમ વર્તવું** એટલે અહિંસા.

**ઉપરની માન્યતાઓ સ્વીકારે તે હિંદુ.**

ચાલો, આપણી સંસ્કૃતિના આ સંદેશાઓને જીવનમાં ઉતારીએ અને સમગ્ર વિશ્વમાં ફેલાવીએ.

# ૩. પ્રભુના



ભગવાન સ્વામિનારાયણનું બાળપણનું નામ **ઘનશ્યામ** હતું. તેમનો જન્મ **છપૈયા**માં થયો હતો.

એક વાર તેઓના પિતા **ધર્મદેવને વિચાર** આવ્યો કે, 'બાળ ઘનશ્યામ મોટા થઈને શું બનશે ? રાજા બનશે? ધનવાન શેઠ બનશે ? કે શાસ્ત્રવેત્તા? લાવને, પરીક્ષા કરું !' ઘનશ્યામની **પરીક્ષા** કરવા તેમણે એક **પાટલા પર** ત્રણ વસ્તુ મૂકી : **૧. કટાર, ૨. સોનામહોર અને ૩. ધર્મશાસ્ત્ર.**

કટાર એ રાજાનું નિશાન. સોનામહોર એ ધનવાન શેઠનું નિશાન અને ધર્મશાસ્ત્ર એ શાસ્ત્રવેત્તાનું નિશાન.

નાનકડા **ઘનશ્યામ**ને ધર્મદેવે પરીક્ષા માટે બોલાવ્યા. ભક્તિમાતાએ ઘનશ્યામને ખોળામાંથી નીચે ઉતાર્યા. તેઓ ઘૂંટણિયે ચાલતાં-ચાલતાં પાટલા પાસે **આવ્યા**. તેના પર મૂકેલ **ધર્મશાસ્ત્ર ઉપાડીને જાણે વાંચતા હોય તેમ ઉઘાડીને બેસી ગયા** !

ધર્મદેવ તો ઘનશ્યામ પ્રભુની સામે જોઈ જ રહ્યા. તેમને થયું કે ઘનશ્યામ જરૂર મોટા **શાસ્ત્રવેત્તા બનશે**. તેઓ મોટા થઈને જગતમાં **ધર્મની સ્થાપના કરશે**.

■ ■ ■

**કાશી** એટલે પંડિતોની નગરી. એકવાર ધર્મદેવ **ચંદ્રગ્રહણ** કરવા ત્યાં પહોંચ્યા. આ જાણી વિદ્વાનોએ ગોમઠમાં તેમનો ઉતારો કરાવ્યો. અને **ધર્મસભા**નું આયોજન કર્યું.

સભાની **ચર્ચા**માં કોણ સાચું ? ને કોણ ખોટું ? એનો **નિર્ણય લેવા** માટે સૌએ **ધર્મદેવ**ને બેસાડ્યા. નાનકડા ઘનશ્યામ પણ સભામાં બેઠા હતા.

# કર્મમાં મર્મ



અનાદિ તત્ત્વ એક છે કે અનેક ? ભગવાન સાકાર છે કે નિરાકાર ? ભક્તિ શ્રેષ્ઠ કે જ્ઞાન શ્રેષ્ઠ ? વિદ્વાનોમાં **બે પક્ષ** પડી ગયા. બંને પક્ષના વિદ્વાનો શાસ્ત્રોનાં વચનો ટાંકી-ટાંકીને પોતાના પક્ષનું સમર્થન કરવા લાગ્યા. પંડિતો બોલી-બોલીને થાક્યા, પણ **ચર્ચાનો અંત આવે જ નહિ**.

ત્યાં અચાનક **ઘનશ્યામ પ્રભુ ઊભા** થયા. હાથ જોડીને કહે, 'આજ્ઞા હોય તો હું ચર્ચાનું સમાપન કરું.' સૌને થયું, 'આ નાનો બાળક શું બોલશે ?' પરંતુ આજ્ઞા મળતાં ઘનશ્યામ ધાણી ફૂટે એમ બોલવા લાગ્યા. **શાસ્ત્રોનાં પ્રમાણો**ને આધારે બોલાતાં વચનો સાંભળી, **વિદ્વાનો દંગ** રહી ગયા.

થોડીવારમાં તો સૌને **સમાધિ** થઈ ગઈ ! દરેકને **પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન** થયાં. થોડીવાર પછી ઘનશ્યામે દિવ્યભાવ સં કેલ્યો, ત્યારે સૌ ભાનમાં આવ્યા. ઘનશ્યામે રજૂ કરેલ **અનાદિ પંચતત્ત્વની વાત**માં **કોઈને** જરાય **શંકા ન રહી**.

સૌના આનંદનો પાર ન રહ્યો. ચારે બાજુ જયઘોષ થયો : બાપ એવા બેટા. ધન્ય પિતા ! ધન્ય પુત્ર ! આ વખતે ઘનશ્યામની **ઉંમર** હતી: માત્ર **૧૦ વર્ષ** !

**આવા હતા ઘનશ્યામ પ્રભુ !**
**તેમના દરેક કર્મમાં મર્મ (રહસ્ય) હોય.**

જે ઘનશ્યામે પુસ્તક પસંદ કર્યું, તે જ ઘનશ્યામે ભગવાન સ્વામિનારાયણરૂપે 'વચનામૃત'નો ગ્રંથ આપ્યો.

જે ઘનશ્યામે કાશીમાં સભા જીતી, એમણે જ બ્રહ્મ અને પરબ્રહ્મનો સનાતન સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો.

એમના બાળપણના આવા પ્રસંગોમાં, મોટા થઈ તેઓ કેવાં અદ્‌ભુત કાર્યો કરવાના છે, તેનું રહસ્ય છુપાયું હતું.

# ૪. સેવકરામની સેવા

**ઘનશ્યામ** પ્રભુએ ૧૧ વર્ષે **ગૃહત્યાગ** કર્યો. ત્યારથી તેઓ **નીલકંઠ વર્ણી** કહેવાયા. વનવિચરણ દરમ્યાન તેમણે સેવકરામ નામના સાધુની ખૂબ જ અદ્‌ભુત સેવા કરી હતી. તેનું વર્ણન તેમણે ગઢડા પ્રથમના ૧૦મા વચનામૃતમાં કર્યું છે.



'અમે **વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર** જતા હતા, ત્યાં એક **સેવકરામ** નામે **સાધુ** (અમને મળ્યો) હતો. તે **શ્રીમદ્‌ભાગવતાદિક પુરાણને ભણ્યો હતો**. તે માર્ગમાં ચાલતાં **માંદો** પડ્યો. તેની પાસે રૂપિયા હજારની સોનામહોર હતી, પણ ચાકરીનો કરનારો કોઈ નહીં, માટે (તે) **રોવા લાગ્યો.**'

'પછી તેને અમે કહ્યું જે, 'કાંઈ ચિંતા રાખશો મા, તમારી **ચાકરી અમે કરીશું.**' પછી ગામને બહાર એક **કેળાંની ફૂલવાડી** હતી, તેમાં એક **વડનો વૃક્ષ** હતો, તે વડના વૃક્ષને વિષે હજાર ભૂત રહેતાં, પણ તે સાધુ તો ચાલી શકે એવો રહ્યો નહીં અને અતિશય માંદો થયો, (તેથી) તે ઉપર અમને અતિશય દયા આવી.'

'પછી તે ઠેકાણે, અમે તે સાધુને કેળનાં પત્ર લાવીને **હાથ**


**એક ઊંચી પથારી** કરી આપી. અને તે સાધુને (ઝાડા એટલે કે) **લોહીખંડ પેટબેસણું** (થયું) હતું, તેને અમે ધોતા અને **ચાકરી** કરતા. અને તે સાધુ પોતાને જેટલું જોઈએ તેટલું અમારી પાસે ખાંડ, સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપિયા આપીને મંગાવતો, તે અમો લાવીને **રાંધી ખવરાવતા** અને અમો વસ્તીમાં જઈને જમી આવતા. અને કોઈક દિવસ તો અમને વસ્તીમાં અન્ન મળતું નહીં, ત્યારે અમારે **ઉપવાસ** થતો, તોપણ કોઈ દિવસ તે સાધુએ અમને એમ કહ્યું નહીં જે, 'અમ પાસે દ્રવ્ય છે, તે આપણે બેને કાજે રસોઈ કરો અને તમે પણ અમ ભેળા જમો.''

'પછી એમ સેવા કરતે થકે તે સાધુ **બે માસે** કાંઈક **સાજો** થયો. પછી સેતુબંધ રામેશ્વરને માર્ગે ચાલ્યા, ત્યારે તેનો **ભાર મણ એક** હતો, તે **અમારે પાસે ઉપડાવતો** અને પોતે તો એક માળા લઈને ચાલતો. અને દેહે પણ સાજો અને એક **શેર ઘી જમીને પચાવે એવો સમર્થ** થયો, **તોપણ** ભાર અમારી પાસે ઉપડાવે અને પોતે **અમથો ચાલે.**'

'અને અમારી પ્રકૃતિ તો એવી હતી જે, 'ભાર નામે તો એક રૂમાલ પણ રાખતા નહિ.' માટે તેને સાધુ જાણીને અમે એનો મણ એકનો ભાર ઉપાડી ચાલતા. એવી રીતે તે સાધુની અમે ચાકરી કરીને સાજો કર્યો, પણ તે સાધુએ અમને એક પૈસાભાર અન્ન આપ્યું નહિ. પછી (તેને સેવાની જરૂર ન હતી તેથી) અમે તેને **કૃતઘ્ની જાણીને** તેના સંગનો **ત્યાગ** કર્યો.'

**આવા હતા નીલકંઠ પ્રભુ !**

**આદર્શ સેવક. કોઈનું દુઃખ એમનાથી જોઈ ન શકાય. દુઃખી માણસ સાજો ન થાય, ત્યાં સુધી નિઃસ્વાર્થભાવે સેવા કર્યા જ કરે.**



# ૫. મગનીરામમાંથી અદ્વૈતાનંદ

**દક્ષિણ ભારત**માં એક **મગનીરામ** નામનો વ્યક્તિ **ભગવાનની શોધમાં** નીકળ્યો હતો. **બંગાળમાં** તેને એક **ગુરુ** મળી ગયા. ગુરુ મેલી વિદ્યાના જાણકાર હતા. મગનીરામે પણ મેલી વિદ્યા તેમની પાસેથી શીખી. તેના દ્વારા મગનીરામે ઘણી **સિદ્ધિઓ** પ્રાપ્ત કરી.



પછી તે ફરતો-ફરતો **જગન્નાથપુરી** પહોંચ્યો. ત્યાં **ખરાબ માણસોના સંગે** તે ભગવાન મેળવવાનું **ધ્યેય ભૂલી ગયો**. તેણે પણ બાવાનો **ભયાનક વેશ** ધારણ કર્યો. જોત-જોતાંમાં સિદ્ધાઈ દેખાડી તેણે **અનેક શિષ્યો** કરી દીધા. તે ગામો-ગામ ફરતો. રાજા-મહારાજા અને જોગી-મહંતો પાસે જતો. **જંત્ર-મંત્રનું જોર** દેખાડતો. સોનામહોર ઉઘરાવતો. તેનું નામ સાંભળતાં જ **લોકો 'ત્રાહિમામ્'** પોકારી ઊઠતા.

હવે ફરતો-ફરતો તે ગુજરાતમાં **પોરબંદર** પહોંચ્યો. ત્યાંના **મઠધારી મહંતને ચીપિયાથી માર** માર્યો. ધમકી આપી દંડ ઉઘરાવ્યો. ત્યારે **મહંતજી** કહે, 'અમારાં જેવાં દેડકાંને ડાંભો છો, પણ **મણિધરને જીતો તો ખરા**. હિંમત હોય તો માંગરોળ જઈ સ્વામિનારાયણને વશ કરો.'

આવું સાંભળવાથી મગનીરામના ક્રોધરૂપી અગ્નિમાં તેલ રેડાયું. તે ધૂંઆપૂંઆ થતો **માંગરોળ આવ્યો**. ત્યાંના રાજા **ગજેફરખાન**ને કહેવડાવ્યું, '૫,૦૦૦ રૂપિયા આપો, નહીંતર આખા શહેરનું ધનોતપનોત કરી નાંખીશ.' ગજેફરખાને સામે કહેવડાવ્યું, 'બાવાજી! પાંચ શું **૧૦ હજાર રૂપિયા આપું**, જો તમે **સ્વામિનારાયણને જીતી લો તો.**'

ગુસ્સા અને ગર્વથી મગનીરામ અંધ થયો હતો. આખરે ૧૦-૨૦ ચેલા સાથે તે **શ્રીજી મહારાજ પાસે** આવ્યો. ચીપિયો પછાડી ગર્જ્યો, 'અરે એ જીવનમુક્તા ! **પાખંડ કેમ ચલાવો છો ?**' શ્રીજી મહારાજ કહે, 'અમે પાખંડ નથી ચલાવતા. ભક્તોને ઉપદેશ આપી, **કલ્યાણનો માર્ગ દેખાડીએ છીએ.**' મગનીરામ **ડારો** દેતાં કહે, 'મને ઓળખો છો ? હું મગનીરામ છું. **૧૦ હજાર રૂપિયા આપો**, નહીંતર આખું શહેર સમુદ્રમાં ડુબાડી દઈશ.' શ્રીજી મહારાજ ઠંડે કલેજે કહે, 'અમારી પાસે રૂપિયા નથી. જમવું

હોય તો અન્ન આપીએ. અને હા, **અમે જંત્ર-મંત્રથી ડરતા નથી.** '


આવું સાંભળી ચીપિયો પછાડી મગનીરામ પહોંચ્યો તેના ઉતારે. તેણે શ્રીજી મહારાજને હેરાન કરવા ઘણા મંત્રો અજમાવ્યા, પણ એકેય સફળ ન થયો. ત્યાં તેને દિવ્ય અવાજ સંભળાયો, 'અરે ઓ મગનીરામ! ભૂલી ગયો... કે તેં શા માટે ઘર છોડ્યું હતું ? **સ્વામિનારાયણ ભગવાન** છે. માટે કલ્યાણ જોઈતું હોય, તો તેમનો **આશરો કરી તેમને રાજી કર.** '

આવી દિવ્યવાણી સાંભળી મગનીરામની અંતરની આંખો ખૂલી ગઈ. **સવારે** નાહીધોઈ તે **શ્રીજી મહારાજના ઉતારે** આવ્યો. ત્યાં પડેલાં એઠાં વાસણો તેણે જોયાં. સેવા કરવાની ભાવનાથી તેણે તે બધા વાસણો ઊટકી નાંખ્યાં. પછી શ્રીજી મહારાજનાં **ચરણોમાં** પડી, **માફી** માંગી કહે, 'આપ સર્વ અવતારના અવતારી છો. મને ક્ષમા આપો. આપનો **સાધુ કરો.** '

પછી તો શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ મગનીરામે મૂછ અને જટા ઉતરાવી નાંખ્યાં ! સંતોના જોડાની ગાંસડી ઉપાડી તેણે સભાની પાંચ પ્રદક્ષિણા કરી ! શ્રીજી મહારાજે તેને સાધુ કર્યો. તેમનું નામ પડ્યું : **અદ્વૈતાનંદ**.

**આવા હતા શ્રીજી મહારાજ !**

**સર્વશક્તિમાન. તેમની સામે કોઈના જંત્ર-મંત્ર ન ચાલે. તેમને જીતવા જાય તે ખુદ જ હારી જાય.**



# ૬. કઠપૂતળીને નચાવનાર



**લોયા** ગામમાં **સંઘા પટેલ** નામના હરિભક્ત રહેતા હતા. એકવાર **શ્રીજી મહારાજ તેમના ઘરે** વિરાજમાન હતા. ત્યારે કેટલાક કઠપૂતળીનો ખેલ કરનારા માણસો આવ્યા. તેથી શ્રીજી મહારાજે પૂછ્યું, 'તમને કઈ કળા આવડે છે ?' તેઓ કહે, 'અમને ભાતભાતના ખેલ કરતા આવડે છે. વળી, **પાટવિદ્યા**માં નળ - દમયંતી, રુક્મિણી, રામાયણ, મહાભારત વગેરેના ખેલ કરતાં **આવડે છે**. અને જમાવટ તો એવી કરીએ કે કોઈને આખી રાત ઊંઘ તો શું ઝોલુંય ન આવે. આપની સમક્ષ અમારે કઠપૂતળીનો ખેલ કરી અમારી કળા પાવન કરવી છે.'

કઠપૂતળીનો ખેલ કરનારા માણસોની વિનંતી સ્વીકારી **શ્રીજી મહારાજે 'હા' પાડી**.

રાત પડી કે જમી-પરવારી આખું ગામ પાદરે ભેગું થયું. સૌ સાથે શ્રીજી મહારાજ પણ ત્યાં પધાર્યા. ખેલ કરનારાઓએ **આખી બપોર મહેનત** કરી હતી. જેવો શ્રીજી મહારાજે ઈશારો કર્યો કે **ખેલ શરૂ** થયો.


પણ આ શું ? પૂતળાં તો આવ્યાં, પણ એકેય હલે જ નહીં ! સૌને થયું કે થોડી વારે હલશે. તે માણસો પણ ખૂબ **પ્રયત્ન** કરતા હતા, પણ **પૂતળાં** તો બિલકુલ **ચોંટડૂક** થઈ ગયાં હતાં ! ખેલ કરનારાઓને પોતાની લાજ જતી લાગી. તરત જ તેમણે પૂતળાં ડેલામાં અંદરની બાજુ લીધાં. ત્યાં પ્રયત્ન કરી જોયો તો બધાં પૂતળાં ખૂબ જ સારી રીતે નાચતાં હતાં. પણ જેવાં પૂતળાં મંચ પર આવ્યાં, પાછાં સૂનમૂન થઈ ગયાં !

ખેલ જોવા બેઠેલા બાળકોને તો આમાં જ આનંદ આવવા લાગ્યો. આખું ગામ હસતું હતું. શ્રીજી મહારાજ પણ મંદ-મંદ હસતા હતા. **ત્રણ વાર આમ** થયું, ત્યારે **એક ખેલ કરનારો શ્રીજી મહારાજ પાસે** ગયો અને કહેવા લાગ્યો, '**આપ તો ભગવાન** છો. અમને જણાય છે કે આ આપની જ લીલા છે. **જીવપ્રાણીમાત્રની દોરી તમારા હાથમાં** છે. પણ આજે ખેલ ન થયો, તો અમારી નામના ઘટી જશે અને આજીવિકા તૂટી જશે. માટે દયા કરો.'

વિનંતીને માન્ય રાખી દયાળુ **શ્રીજી મહારાજે** પોતાનો જમણો **હાથ ઊંચો** કર્યો. અને બોલ્યા, 'તો ભલે ખેલ થાય.' અને બધાં જ **પૂતળાંઓમાં** જાણે **પ્રાણ** આવ્યા. એવો તે ખેલ થયો કે ઘણા કલાકો ક્યાં વીત્યા કોઈનેય ખબર ન પડી.

ખેલના અંતે શ્રીજી મહારાજે **ઉપદેશ** આપતાં કહ્યું, 'જુઓ, **પૈસાના લોભ માટે** કોઈના મનમાં **વિકાર થાય તેવા ખેલ કરશો નહિ**. ધર્મ રાખશો તો અમારા આશીર્વાદ સદાય તમારી સાથે રહેશે.' પછી જમાડીને શ્રીજી મહારાજે ખેલ કરનારાઓને વિદાય આપી.

**સૌને સમજાઈ ગયું કે સજીવ અને નિર્જીવ, સર્વના નિયંતા (નિયમન કરનાર) શ્રીજી મહારાજ છે. તેમની ઈચ્છાથી જ બધું થાય છે, તે વિના પાંદડુંય હલી ન શકે.**





# ૭. સ્વામિનારાયણ મહામંત્ર

એકવાર શ્રીજી મહારાજ **કારિયાણી** ગામે હતા. ઉતારેથી વસ્તા ખાચરના ઘરે જતા હતા. રસ્તામાં તેમની નજર એક **ડોશીમા** પર પડી. તેઓ તેમના **પૌત્રને કાંઈક શીખવી રહ્યાં હતાં**. શ્રીજી મહારાજ પાછળ ઊભા રહીને આ સંવાદ સાંભળી રહ્યા.

દાદીમા બોલ્યાં, 'બોલ બેટા... સ્વામિનારાયણ...' બાળકે તોતડા શબ્દોમાં પ્રયત્ન કર્યો, 'સામિનાલાયન...' દાદીમાએ ઘૂંટાવ્યું, 'એમ નહીં બેટા ... સ્વામિ...નારાયણ... એમ બોલ.' ઘણા પ્રયત્નો પછી **બાળક સ્પષ્ટપણે** બોલ્યો, '**સ્વામિનારાયણ.**' અને દાદીમા ખૂબ જ ખુશ થઈ ગયાં. અને કહેવા લાગ્યાં, 'અરે મારા વા'લા... તું સ્વામિનારાયણ બોલ્યો ! તારા પર હું વારી જાઉં. તું સ્વામિનારાયણ બોલ્યો એટલે **તું બધાં શાસ્ત્રો ભણ્યો**. **જન્મ-મરણનો રોગ ટાળી, અક્ષરધામ પમાડનાર સર્વોપરી મંત્ર તારા મોઢે** બોલાયો ! **તારાં હું ઓવારણાં લઉં**...' એમ કહી ડોશીમાએ પૌત્રને છાતીએ ચાંપી દીધો.

પાછળ ઊભેલા શ્રીજી મહારાજ આ બધું જોઈ રહ્યા હતા. વસ્તાખાચર પણ ક્યારના ત્યાં આવી પહોંચ્યા હતા. શ્રીજી મહારાજ તેમને કહે, 'જોયું ! આ **ડોશીમાએ અમારા નામનો કેવો મહિમા સમજ્યો છે**. અમારે એમનું અને આ બાળકનું **કલ્યાણ કરવું જોઈશે**.'

ખરેખર, સ્વામિનારાયણ નામનો આટલો બધો મહિમા છે. તેથી જ શ્રીજી મહારાજ ગઢડા પ્રથમના ૫૬મા વચનામૃતમાં કહે છે : 'ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટી બ્રહ્મમહોલ (અક્ષરધામ)ને વિષે નિવાસ કરે.'

■ ■ ■

BAPS

**ભોંયરા** ગામનો દરબાર **વાસુર ખાચર** ખૂબ જ **ક્રૂર** અને ઘાતકી હતો. શ્રીજી મહારાજના **ભક્ત નાજા જોગીઆ** પણ તે ગામમાં રહેતા હતા. એક વાર વાસુર ખાચરે નાજા જોગીઆને બોલાવ્યા ને કહ્યું, '**તારા સ્વામિનારાયણ ખરેખર ભગવાન હોય, તો આવતીકાલે સવારે અહીં તને દર્શન આપવા આવે. જો તેઓ નહીં આવે, તો હું તારા ઢીંચણ ભાંગી નાંખીશ.**'

નાજા જોગીઆ પોતાના ઉતારે આવ્યા. હાથમાં માળા લઈને બેઠા. એક એક મણકો પડતો જાય ને **અંતરમાંથી ભજન** થાય, 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' તેઓ ભજનમાં એવા પરોવાઈ ગયા કે મૃત્યુની બીક ક્યાંય ઊડી ગઈ ! આમ ને આમ આખી રાત મંત્રનું ઉચ્ચારણ ચાલ્યું.



બીજા દિવસે સૂર્ય ઊગ્યો. નાજા ભક્તે જેવું ઘરનું બારણું ઉઘાડ્યું, તો આશ્ચર્ય જોયું ! **શ્રીજી મહારાજ** તેમને દર્શન આપવા પધાર્યા હતા. **છેક વીસનગરથી** પોતાના ભક્તની રક્ષા કરવા, રાત માથે લઈને તેઓ આવ્યા હતા. **એક જ દિવસમાં** તેઓએ આશરે **૨૫૦ કિ.મી.**થી વધુ **અંતર કાપ્યું** હતું. તેમને પગે **કાંટા** પણ વાગ્યા હતા. એક સાચા ભક્ત તેમને યાદ કરતા હતા, તેથી તેઓ હાજર થઈ ગયા હતા.

આજે નાજા ભક્તને પ્રતીતિ થઈ ગઈ કે, જે ભક્ત વિશ્વાસથી સ્વામિનારાયણ મંત્ર રટે છે, તેની રક્ષામાં શ્રીજી મહારાજ અખંડ હાજર રહે છે.

## ■ સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા

- આ મહામંત્ર શ્રીજી મહારાજે **ફણેણી ગામમાં** સંવત્ ૧૮૫૮, માગશર વદ ૧૧ (૩૧-૧૨-૧૮૦૧)ના દિવસે **આપ્યો** હતો.
- હરિલીલામૃતમાં કહેવાયું છે :


  જે સ્વામિનારાયણ નામ લેશે,
  તેનાં બધાં પાતક બાળી દેશે;
  છે નામ મારા સ્મૃતિમાં અનેક,
  **સર્વોપરી** આ જ ગણાય એક.
  ષડક્ષરી **મંત્ર** મહા સમર્થ,
  તેથી **થશે સિદ્ધ સમસ્ત અર્થ**;
  સુખી કરે સંકટ સર્વ કાપે,
  અંતે વળી અક્ષરધામ આપે.
- **'સ્વામિનારાયણ' મંત્રમાં સ્વામી (અક્ષર એવા ગુણાતીતાનંદ સ્વામી)રૂપ થઈ નારાયણ (પુરુષોત્તમ એવા શ્રીજી મહારાજ)ની ઉપાસના કરવાનો મર્મ છુપાયેલો છે.**
- **ખરા દિલથી 'સ્વામિનારાયણ' મંત્ર રટી પ્રાર્થના કરે, તેની રક્ષા શ્રીજી મહારાજ ચોક્કસ કરે છે.**
- સ્વામીની વાતોમાં પણ કહેવાયું છે : મૂંઝવણ આવે તો કેમ કરવું ? 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ...' ભજન કરવું. તેથી મૂંઝવણ ટળી જાય.

# ૮. અંતકાળે તેડવા આવે

**અમદાવાદ**માં **પ્રાણવલ્લભ** કરીને એક સત્સંગી રહેતા હતા. એકવાર તેઓ **નાસિક** ગયા હતા. ત્યાં મરકી (એટલે કે **કોલેરા**)નો રોગચાળો ફેલાયો હતો. પ્રાણવલ્લભ તેમાં સપડાયા અને **મરણ** પામ્યા, ત્યારે **શ્રીજી મહારાજ** તેમને **તેડવા** આવ્યા. તેમના શરીરમાંથી જીવ જુદો પડી ગયો. શ્રીજી મહારાજ તેમને દિવ્ય વિમાનમાં બેસાડી લઈ જતા હતા, ત્યારે શ્રીજી મહારાજે તેમને પૂછ્યું, ‘તમારે કોઈ **અંતિમ ઇચ્છા** છે ?’

તે કહે, ‘**આપ** મને **તેડવા આવ્યા** છો, તે મારે **બધાને કહેવું છે**. લોકો કહે છે કે સ્વામિનારાયણના ભક્તનું રોગને લીધે **અપમૃત્યુ** થયું. તે મહારાજ!





મારે એ વાતની **સ્પષ્ટતા કરવી છે**.' શ્રીજી મહારાજ કહે, 'ભલે તો જાઓ. હું તમને ફરી જીવતા કરું છું.'

તે વખતે આ **પ્રાણવલ્લભનું શરીર ચિતા પર** મૂકેલું હતું. ફક્ત અગ્નિ મૂકવાની જ વાર હતી, ત્યાં **અચાનક** તેઓ **બેઠા** થયા ! અને કહે, 'હું તમને કહેવા આવ્યો છું કે શ્રીજી મહારાજ મને ધામમાં લઈ જવા તેડવા આવ્યા છે. હાલ કાળનો વેગ છે. **'સ્વામિનારાયણ'નું ભજન કરજો, તો જીવતા રહેશો. સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનું શરણું લેશો, તો તેઓ તમને પણ તેડવા આવશે.**'

પછી પ્રાણવલ્લભે તાળી પાડી સૌને ભજન કરતાં શીખવ્યું. ત્યાં **હાજર** અનેક **લોકો** ખૂબ જ **આશ્ચર્ય** પામ્યા. અને સ્વામિનારાયણની **ધૂન** બોલવા લાગ્યા. સ્મશાન મંદિર જેવું બની ગયું. ધૂન પૂરી થતાં તેનો જીવ ચાલ્યો ગયો.

**આવા હતા મહારાજ !**


**ભક્તો પર એમની દયાનો પાર નહિ. જીવતાં પણ દયા ને મરતી વખતે પણ દયા. ભાવિકો ભાવથી નાની-મોટી સેવા કરે, તે શ્રીજી મહારાજ ક્યારેય ભૂલતા નહિ. અને તેને અંતકાળે દિવ્ય વિમાનમાં બેસાડી પોતાના ધામમાં લઈ જતા.**

**આ વાત શ્રીજી મહારાજનું સર્વોપરીપણું સૂચવે છે.**

શ્રીજી મહારાજે વરદાન આપ્યું છે કે
'મારા જનને અંતકાળે,
જરૂર મારે આવવું;
બિરુદ મારું એ ન બદલે,
એ સર્વે જનને જણાવવું.'
(ભક્તચિંતામણિ : ૬૫/૮૦)

# ૯. શ્રીજીની લીલા અપરંપાર

**ફૂલદોલ**નો ઉત્સવ એટલે **શ્રીજી મહારાજનો સૌથી પ્રિય ઉત્સવ**. એકવાર **વરતાલ** ગામમાં તેમણે ઉત્સવ ઊજવવાનું નક્કી કર્યું. જોબનપગી અને બીજા ભક્તોએ **ગાડાં ભરીને ગુલાલ** મંગાવ્યો. **રંગના બે** મોટા **હોજ** તૈયાર કરાવ્યા. તાંબાનાં વાસણો પણ આખા ગામમાંથી ભેગાં કર્યાં.



**પિચકારી**, ફૂલો, રંગમંચ, અત્તર, હિંડોળો, ઢોલ, નગારાં, ત્રાંસાં વગેરે જે કાંઈ તૈયારી કરવી ઘટે બધી જ તૈયારી થઈ ગઈ. શ્રીજી મહારાજ પણ તૈયારી જોઈ પ્રસન્ન થયા. સૌ બીજા દિવસની **સવાર** પડવાની રાહ જોતા હતા.

સૂર્ય ઊગ્યો. **શ્રીજી મહારાજ** નિત્યવિધિથી પરવાર્યા. તેમણે સુંદર વસ્ત્રો ધારણ કર્યાં. ફૂલના હાર અને ગજરા પણ પહેર્યા. ચાખડીએ ચઢીને તેઓ **રંગમંચ પર** પધાર્યા. સૌને રંગે રમવાનો જ ઉમંગ હતો, તેથી શ્રીજી મહારાજે આવતાંવેંત કહી દીધું, 'સૌ **બે વૃંદ**માં વહેંચાઈ જાઓ, તો જ અમે રંગે રમીશું.' સંતો કહે, 'આપ કહો તેમ વૃંદ કરીએ.' શ્રીજી મહારાજ કહે, **'એક તરફ** બધા **સંતો** રહો. **એક તરફ અમે અને હરિભક્તો** રહીએ. પછી જોઈએ કોણ જીતે છે !'

સૌ હાથમાં પિચકારી અને ગુલાલ લઈને તૈયાર હતા. જેવો સોનાની પિચકારીથી શ્રીજી મહારાજે રંગ ઉડાડ્યો કે **રંગલીલા** શરૂ થઈ. સૌ એકબીજાને રંગતા હતા. ખૂબ **રસાકસી** જામી. એવામાં સુરાખાચરે **રંગ ભરેલો** આખો **દેગડો** નિત્યાનંદ સ્વામી પર રેડ્યો. બ્રહ્માનંદ સ્વામી આ જોઈ ગયા. તેમણે સુરાખાચર પર રંગનો દેગડો રેડ્યો ને ગુલાલની મૂઠી આંખમાં નાંખી. સુરાખાચર અંધ જેવા થઈ ગયા. આ જોઈ સોમલાખાચરે બ્રહ્માનંદ સ્વામી પર રંગ રેડ્યો. તેથી નિત્યાનંદ સ્વામી ફરી દોડ્યા ને સોમલાખાચરની **આંખમાં ગુલાલ** ભરી દીધો. આમ સંતો-ભક્તો વચ્ચે ઘણી રમૂજ થઈ.

હવે શ્રીજી મહારાજનો વારો હતો. બધા **સંતો** એક થઈ તેમના પર રંગભરેલી પિચકારી અને **ગુલાલની મૂઠીઓ ઉડાડવા માંડ્યા**. અકળાઈને **શ્રીજી મહારાજ** મંચ પર ચઢી ગયા. અને આડી **ઢાલ ધરીને બેસી ગયા**. આ જોઈ સંતો વધુ જોરમાં આવ્યા, ત્યારે બચવા માટે શ્રીજી મહારાજ **ઢોલિયા પર ચઢી ગયા**. પણ એક ઈસ પરથી બીજી ઈસ પર કૂદવા ગયા, ત્યાં **ઢોલિયો ભાંગી ગયો** !

શ્રીજી મહારાજે નાનખાચરને કહ્યું, 'જલદી અમારી **ઘોડી** લાઓ.' નિત્યાનંદ સ્વામી આ સાંભળી ગયા. તેમણે **ઘોડી પર રંગ ઉડાડ્યો.** ઘોડી ગભરાઈને ભાગી ગઈ. કોઈ ભક્ત ફરી ઘોડી લાવ્યા, તો અદ્ભુતાનંદ સ્વામીએ તેના પર ગુલાલ ઉડાડ્યો. ઘોડી ભડકી અને ઠેકડા મારતી ત્યાંથી રવાના થઈ ગઈ. ઘોડી લાવનાર ભક્ત કહે, 'આ ઘોડી યુદ્ધમાંય સામી દોડે એવી છે, પણ સંતોની રંગની પિચકારી અને ગુલાલ સામે ભડકે છે.'

શ્રીજી મહારાજ કહે, 'તો ઘોડીને **મોટે કપડું** ઢાંકી ઘોડી લાવો.' ભક્તે એમ કર્યું. જેવી ઘોડી આવી કે શ્રીજી મહારાજ તેની પર ચઢી ગયા. સંતો હજુય રંગ અને ગુલાલ ઉડાડતા હતા. પછી તો બંને હાથ ઊંચા કરી શ્રીજી મહારાજ બોલ્યા, 'સંતો જીત્યા, **સંતો જીત્યા !** હવે રમવાનું બંધ રાખો.' આવું કહી શ્રીજી મહારાજ ઉતારે પધાર્યા. તેમની મૂર્તિને અંતરમાં ઉતારી સંતો-ભક્તો પણ શાંત થયા.

■ **<u>ભગવાન લીલા શા માટે કરે છે ?</u>**

**શ્રીજી મહારાજ** કહે છે : 'અમે જ્યાં-જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને કીર્તન ગવરાવ્યાં હોય ને (કથા) વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય, એ આદિક જે **અમારાં ચરિત્ર-લીલા** તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું. અને જેને એનું **ચિંતવન અંતકાળે** જો થઈ આવ્યું હોય, તો તેનો **જીવ** ભગવાનના **ધામને જરૂર પામે**. માટે એવાં જે અમારાં સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ તે **કલ્યાણકારી** છે.'

**આવા હતા શ્રીજી મહારાજ !**

**લીલાચરિત્ર જોનાર, બોલનાર, સાંભળનાર, લખનાર, વાંચનાર, ચિંતવનાર વગેરે સર્વનું કલ્યાણ થાય એ માટે શ્રીજી મહારાજે રંગ-લીલા, સ્નાનલીલા, અશ્વલીલા, ભોજનલીલા, હાસ્યવિનોદલીલા, મંદવાડલીલા, રાસલીલા વગેરે અનેક લીલાઓ કરી હતી.**

# ૧૦. ગુણાતીત ગુરુપરંપરા

**શ્રીજી મહારાજ ધામમાં** ગયા ત્યારે અક્ષરમૂર્તિ **ગુણાતીતાનંદ સ્વામીને** ખૂબ જ **દુઃખ** થયું. લક્ષ્મીવાડીમાં લીલી ધ્રો જોઈ તેઓ બેભાન થઈ ગયા. એ સમયે શ્રીજી મહારાજે એમને **દર્શન** આપ્યાં અને ૩ વાર કહ્યું, '**હું ક્યાં ગયો છું. તમારામાં અખંડ રહ્યો છું.**'

આમ, પરબ્રહ્મ શ્રીજી મહારાજે ગુણાતીત સંતમાં પ્રગટ રહેવાનું વચન આપ્યું છે.

**ડભોઈના કરુણાશંકરભાઈ** નિષ્ઠાવાન હરિભક્ત હતા. શ્રીજી મહારાજના ધામગમન બાદ તેઓ વરતાલ, અમદાવાદ, ગઢડા, ધોળકા, ધોલેરા, જેતપુર વગેરે **તીર્થોમાં ફરી જૂનાગઢ** આવ્યા. ત્યાં તેમણે શુદ્ધ ઉપાસના જોઈ. નિયમ-ધર્મનું ચુસ્ત પાલન જોયું. સૌમાં ભજન-ભક્તિનો ઈશક પણ જોયો. તેથી કરુણાશંકરભાઈના અંતરે પણ શાંતિ થઈ ગઈ.

તેઓ **ગુણાતીતાનંદ સ્વામીને કહે**, 'હું સત્સંગમાં બધે ફર્યો. **બધે સત્સંગ ઘરડો** થઈ ગયો છે. **અહીં** તમારા પ્રતાપે **લીલો પલ્લવ** લાગે છે.' ત્યારે સ્વામી બોલ્યા, 'અહીં **શ્રીજી મહારાજ પ્રગટ છે**, તેથી સત્સંગ લીલો પલ્લવ છે.'

■ ■ ■

**ગુણાતીતાનંદ સ્વામી** ૪૦ વર્ષ ૪ માસ અને ૪ દિવસ જૂનાગઢ રહ્યા હતા. હવે તેમણે પૃથ્વી પરની પોતાની લીલા સંકેલવાનો સંકલ્પ કર્યો. ૮૨ વર્ષે તેઓ **જૂનાગઢ મંદિરેથી નીકળ્યા**. જતાં-જતાં મંદિરના દરવાજા સામું જોઈ ભક્તોને કહે, 'હવે સત્સંગમાં ફરીશું અને **મહુવે જઈને રહીશું**.'

ગુણાતીતાનંદ સ્વામી 'મહુવે જઈને રહીશું.' એવું કેમ બોલ્યા ? સ્વામી **કહેવા માંગતા હતા કે** મહુવામાં તેમના ગુણાતીત **વારસદાર ભગતજી મહારાજ** છે. તેમના રૂપે હવે તેઓ પ્રગટ રહેશે.

■ ■ ■

**શાસ્ત્રીજી મહારાજ રાજકોટ** હતા. ત્યાં **ભગતજી મહારાજના ધામગમનના સમાચાર** આવ્યા. તેઓ ખૂબ **ઉદાસ** થયા. ત્યારે **ભગતજી મહારાજે દર્શન** દઈ, હાર પહેરાવી કહ્યું, 'આમ ઉદાસ કેમ થયા છો ? હું તો **તમારામાં અખંડ રહ્યો છું**.'

ત્યાં બેઠેલા રામજી ભટ્ટે કહ્યું, 'હવે પૃથ્વીનું મંગલ ગયું. ભગતજી પૃથ્વી ઉપર મંગલ હતા.' ત્યારે **શાસ્ત્રીજી મહારાજ કહે**, '**સત્પુરુષ પૃથ્વી ઉપરથી કદી જતા જ નથી.**'

■ ■ ■

**શાસ્ત્રીજી મહારાજ** વારંવાર કહેતા, '**હું તે જોગી** (યોગીજી મહારાજ) **અને જોગી તે હું.**'

■ ■ ■

૧૯૭૧. ગોંડલ. **યોગીજી મહારાજની અંતિમ બીમારી**નો સમય હતો. હર્ષદભાઈ દવેએ પૂછ્યું, 'હવે અમારું કોણ ?' યોગીજી મહારાજે તરત જ કહ્યું, '**પ્રમુખસ્વામી** છેને. એ અમારા કરતાં **સવાયું સુખ આપશે**.' વળી, યોગીબાપા વારંવાર કહેતા, 'પ્રમુખસ્વામી **મારું સર્વસ્વ** છે.'

■ ■ ■

**૨૦ જુલાઈ ૨૦૧૨**ના રોજ પ્રમુખસ્વામી મહારાજ **અમદાવાદ**માં બિરાજમાન હતા. એ વખતે તેમણે **પત્ર** લખીને સૌને જણાવ્યું કે, '**મારા દેહવિલય પછી ગુરુપદે હું પૂજ્ય મહંતસ્વામી, સાધુ કેશવજીવનદાસની નિમણૂક કરું છું.**'

■ ■ ■

સને ૨૦૦૩. અમદાવાદ. **એક સંતે પ્રમુખસ્વામી મહારાજને** પૂછ્યું, 'આ **પૃથ્વી રહે ત્યાં સુધી ગુણાતીત સંતની પરંપરા રહેશે ?**' **સ્વામીબાપા** તરત જ કહે, '**હા, રહેશે.** સારી રીતે રહેશે. શ્રીજી મહારાજની આવી ઈચ્છા છે.'

■ <u>ગુણાતીત ગુરુપરંપરા</u>

- **પરબ્રહ્મ શ્રીજી મહારાજ અક્ષરબ્રહ્મ એવી ગુણાતીત ગુરુપરંપરા દ્વારા પૃથ્વી પર અખંડ પ્રગટ રહે છે.**
- ગુણાતીત ગુરુપરંપરામાં એક જ ગુરુ આખી પૃથ્વીના સૌ ભક્તોનું કલ્યાણ કરે છે.
- શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે : 'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે, ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ, એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય; તેની જો એ જીવને ઓળખાણ થાય, તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.' શ્રીજી મહારાજે અહીં જે સાધુની વાત કરી તે સાધુ એટલે ગુણાતીત સંત.

પરબ્રહ્મ શ્રીજી મહારાજના અખંડ ધારક ગુણાતીત ગુરુપરંપરાના છઠ્ઠા વારસદાર એવા સત્પુરુષ **આજે ગુરુહરિ મહંતસ્વામી મહારાજ** છે. તેમની આપણને ઓળખાણ થઈ એ આપણું સૌથી મોટું ભાગ્ય છે.



# ૧૧. ગુણાતીતાનંદ

શ્રીજી મહારાજે અનેક **વચનામૃત**માં કહ્યું છે કે **પાંચ તત્ત્વો** અનાદિ છે : (૧) જીવ (૨) ઈશ્વર (૩) માયા (૪) અક્ષરબ્રહ્મ અને (૫) પરબ્રહ્મ. જીવ અને ઈશ્વર અક્ષરબ્રહ્મનો સંગ કરી અક્ષરરૂપ થાય, ત્યારે માયાને તરે છે. અને પરબ્રહ્મને પામે છે.

હવે સવાલ છે : એ **અક્ષરબ્રહ્મ કોણ ?** જવાબ છે: **ગુણાતીતાનંદ સ્વામી**. આ પાઠમાં આપણે એ વાતનાં અનેક પ્રમાણો જાણીશું.

■ **<u>શ્રીજી મહારાજ કહે છે</u>**

**સારંગપુર**માં **રાઠોડ ધાધલના દરબારમાં શ્રીજી મહારાજ** સંતો સાથે **રાસ** રમ્યા. રાસ રમતાં-રમતાં તેઓ કબીરનું પદ ગાતા હતા :

'જહાં સદ્‌ગુરુ ખેલે વસંત.'

એમ ગાતાં-ગાતાં શ્રીજી મહારાજે પોતાના હાથમાં પકડેલી **છડી** (ડાંડિયો-લાકડી) **ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં ત્રણ વખત અડાડી**. પછી સંતોને પૂછ્યું, 'કબીરજીએ આ પદમાં કહ્યું એવા **સદ્‌ગુરુ કોણ ?**'

ત્યારે આનંદાનંદ સ્વામી અને **મુક્તાનંદ સ્વામી બોલ્યા**, '**મહારાજ !** એવા સદ્‌ગુરુ તો **આપ**.'

ત્યારે **શ્રીજી મહારાજે કહ્યું**, 'ના, **અમે** તો સાક્ષાત્ **પુરુષોત્તમનારાયણ** છીએ. એવા **સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે** અને એ **અક્ષરબ્રહ્મનો અવતાર છે**.'

વળી, શ્રીજી મહારાજ અવારનવાર સમજાવતા કે, 'આ ગુણાતીતાનંદ સ્વામી અમારે રહેવાનું અક્ષરધામ છે. તેમના જેવા (અક્ષરરૂપ) થશો, તો જ તમને મારી ભક્તિનો અધિકાર મળશે.'

■ **<u>પરમહંસો કહે છે</u>**

**વડતાલ**માં સભા ભરાઈ હતી. **સંતપંક્તિ**માં ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા. **ભોયકા ગામના** હરિભક્ત **માલજી સોની**એ **ગોપાળાનંદ સ્વામીને** પૂછ્યું, 'સ્વામી ! આ **સદ્‌ગુરુ કોણ છે ?**'

ગોપાળાનંદ સ્વામી કહે, 'મેં તને કહ્યું હતું કે હું તને અક્ષરધામ બતાવીશ. આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ **અક્ષરધામનો અવતાર** છે.



**શ્રીજી મહારાજે ઘણીવાર** તેમને 'અક્ષર' તરીકે **ઓળખાવ્યા છે**. માટે તું ઓળખી લે.' માલજી સોનીએ આ વાત શાસ્ત્રીજી મહારાજ અને અનેક સંતો-ભક્તોને સંભળાવી હતી.

**વિજ્ઞાનાનંદ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને** કહ્યું હતું : 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે,

BAPS

# મૂળ અક્ષર



એ **વાત મેં શ્રીજી મહારાજ પાસેથી ઘણીવાર સાંભળી છે**. પણ શ્રીજી મહારાજનું સર્વોપરીપણું પણ બધાને સમજાતું નથી, તો આ વાત કેમ સમજાય ? તેથી આ વાત થઈ શકતી નથી, પણ વાત સાચી છે. માટે **જીવમાં સમજી રાખશો**.'

આ રીતે અનેક પરમહંસો ગુણાતીતાનંદ સ્વામીનું અક્ષરપણું જાણતા હતા.

■ **<u>સાંપ્રદાયિક શાસ્ત્રો કહે છે</u>**


- '**કીર્તન કૌસ્તુભમાળા**' નામના ગ્રંથમાં આચાર્ય **વિહારીલાલજી મહારાજ** લખે છેઃ '**અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી**, તેણે આપ્યાં વર્તમાન.'

■ **<u>ઇતિહાસના પુરાવા કહે છે</u>**

- **સોરઠ પ્રદેશનાં ૩૦ થી વધુ જૂનાં મંદિરોમાં** ગુણાતીતાનંદ સ્વામીની **મૂર્તિ નીચે** આજેય '**મૂળ અક્ષરમૂર્તિ**' લખેલું છે.
- **શાસ્ત્રીજી મહારાજ એક પત્રમાં** લખે છે : 'મને ખોટી વાત ગોઠવણી કરીને બીજાને સમજાવી સ્વાર્થ સાધવો એવું આવડતું નથી. માટે ખાસ **મારો વિશ્વાસ હોય તો**, (હું) સાચાબોલો (અને) પ્રામાણિક પુરુષ હોઉં એમ માનતા હો, તો ઉપરની વાત સાચી માની ખરા અંતઃકરણથી '**સ્વામી અનાદિ અક્ષર છે ને શ્રીજી મહારાજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે.' એ વાતની નિષ્ઠા કરશો.**'
- આવાં તો **અનેક પ્રમાણો** છે. ટૂંકમાં આ વાત કાંઈ કોઈએ ઉપજાવેલી નથી. સનાતન સત્ય છે.
- **ગુણાતીતાનંદ સ્વામીનું જીવન**, તેમની **વાતો**, તેમણે કરાવેલી **શ્રીજી મહારાજના સ્વરૂપની ઓળખાણ**, તેમણે કરાવેલી **બ્રહ્મસ્થિતિ** વગેરે તમામ પરમહંસોમાં શ્રેષ્ઠ છે.

■ **<u>અનુભૂતિ કહે છે</u>**

- **અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની પરંપરા** એટલે ગુણાતીત ગુરુપરંપરા. **આના જેવી ઉજ્જ્વળ પરંપરા** આજે **બીજે ક્યાંય દેખાતી નથી**. આજે આખી દુનિયામાં ૧,૧૦૦ થી વધુ મંદિરોમાં, લાખો ઘરોમાં 'ગુણાતીતાનંદ મૂળ અક્ષર' એ નાદ ગુંજી રહ્યો છે.
- ગુણાતીત સત્પુરુષ **ગુરુહરિ મહંતસ્વામી મહારાજના સાંનિધ્યમાં સૌને શ્રીજી મહારાજના પ્રગટપણાની સ્પષ્ટ અનુભૂતિ થાય છે.**



ભગતજી મહારાજે **અનેક વર્ષો ગોપાળાનંદ સ્વામીના સત્સંગમાં** વિતાવ્યાં. બાદ કઠોર સાધના કરી અક્ષરબ્રહ્મ **ગુણાતીતાનંદ સ્વામીને ફક્ત સાડા ત્રણ વર્ષમાં રાજી** કરી લીધા. અને અનેક ઉપાધિ વચ્ચે **'ગુણાતીતાનંદ મૂળ અક્ષર'** એ વાતનો સંપ્રદાયમાં **ઉદ્‌ઘોષ** કર્યો.

આ કાર્યમાં તેમને **ઘણાં કષ્ટો અને અપમાનો સહન** કરવાં પડ્યાં હતાં, પણ તેમના મુખની રેખા પણ બદલાઈ ન હતી. આ બાબત તેમની **બ્રહ્મસ્થિતિ** સિદ્ધ કરે છે.

■ ■ ■

વરતાલના કોઠારી ગોરધનભાઈ હતા. તેમના ભત્રીજાનું નામ **ગિરધરભાઈ** હતું. તેમણે **દેહ છતાં બ્રહ્મસ્થિતિ કરવાનો નિશ્ચય** કર્યો હતો. 'વચનામૃત' વાંચતાં તેમને સ્પષ્ટ થયું કે સત્પુરુષ મળે તો બ્રહ્મસ્થિતિ થાય. તેથી તેઓ સત્સંગમાં **સત્પુરુષની શોધ** માટે નીકળ્યા. ઘણા સંતોનો સત્સંગ કર્યો, પણ ક્યાંય તેમનું મન ઠર્યું નહીં.

છેવટે તેઓ **વરતાલ** આવ્યા. **હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સામે એક પગે ઊભા રહી માળા** ફેરવવાની શરૂ કરી. **એક મહિનો** વીતી ગયો ત્યારે હરિકૃષ્ણ મહારાજે **દર્શન** દઈને કહ્યું, '**ભગતજી મહારાજ** પરમ એકાંતિક સત્પુરુષ છે. તેમના **દ્વારા હું સત્સંગમાં પ્રગટ છું**.'

# ૧૨. આવા હતા ભગતજી મહારાજ

**ભગતજી મહારાજ**નું **બાળપણનું નામ પ્રાગજી** હતું. તેમનો **જન્મ મહુવા ગામે** થયો હતો. તેમનાં **માતા**નું નામ **મલુબા** અને **પિતા**નું નામ **ગોવિંદભાઈ** હતું. નાનપણથી જ તેઓ ભગવાનની ભક્તિમાં લીન રહેતા હતા. તેઓ **મિત્રોને** કહેતા, '**હું તો બધું ભણેલો છું.** આપણે તો પ્રભુ ભજવા અને ભજાવવા છે.'

■ ■ ■

BAPS

પણ ગિરધરભાઈને **શંકા** થઈ કે 'ભગતજી તો ગૃહસ્થ છે. તેઓ મને બ્રહ્મસ્થિતિ કરાવશે?' તેથી તેમણે **ફરી એક પગે માળા** ફેરવવાની શરૂ કરી. **ફરી હરિકૃષ્ણ મહારાજે** દર્શન દઈને **ભગતજી મહારાજની જ વાત કરી**.

ગિરધરભાઈને **પ્રતીતિ** થઈ ગઈ. તેઓએ ભગતજી મહારાજને ગુરુ તરીકે સ્વીકાર્યા. આ ગિરધરભાઈ પછી **દીક્ષા લઈ 'સ્વામી વિજ્ઞાનદાસજી' બન્યા** હતા.

■ ■ ■

કોઠારી ગોરધનભાઈ સાથે મદદનીશ તરીકે **બેચરભગત** કામ કરતા હતા. તેમણે એક વખત ભગતજી મહારાજને **કેડિયું** સીવવા આપ્યું. ભગતજી મહારાજે **માપ લીધા સિવાય એકદમ બંધબેસતું** સુંદર કેડિયું સીવી આપ્યું. એ જોઈ બેચરભગત ખૂબ **રાજી** થયા ત્યારે **ભગતજી મહારાજે કહ્યું**, 'આ તો શરીરનું કેડિયું સીવ્યું છે, પણ મને તો **અંતરનું કેડિયું સીવતાં પણ આવડે છે**.'

**અંતરનું કેડિયું એટલે બ્રહ્મસ્થિતિ.** આજ્ઞા અને ઉપાસના દૃઢ થાય ત્યારે હૃદય શુદ્ધ થાય, બ્રહ્મરૂપ થવાય, અને ત્યારે જ શ્રીજી મહારાજની ભક્તિનો અધિકાર મળે, એ અંતરનું કેડિયું.

આવી વાત સાંભળી **બેચરભગત** ભગતજી મહારાજનો સત્સંગ કરવા માંડ્યા. પછી તો તેઓ **દીક્ષા** લઈ '**સ્વામી મહાપુરુષદાસજી**' થયા.

**આવા હતા ભગતજી મહારાજ !**

**સાક્ષાત્ અક્ષરબ્રહ્મ. પરબ્રહ્મના ધારક અને અનેકને બ્રહ્મસ્થિતિ કરાવનાર.**

■ **<u>પ્રાગજી ભક્તનો ઉપદેશ</u>**

- **ગુરુનું વચન અધ્ધર ઝીલવું**, હેઠું ન પડવા દેવું.
- મુમુક્ષુને તો કાગનિદ્રા અને હરણફડકો (જાગૃતિ) રાખવાં. **સર્વક્રિયામાં ભજનનો આગ્રહ રાખવો.** તો જીવ ધારે તે કરી શકે.
- **બ્રહ્મચર્ય**થી જ ભગવાન વશ થાય છે. પંચ **વિષયો સામે વાઘ જેવા** શૂરવીર **થવું**. ગરીબ ન થવું.
- શ્રીજી મહારાજ જેવા અક્ષરધામમાં છે, એવા જ અહીં સત્પુરુષમાં મનુષ્યાકારે છે - એમ સમજાશે ત્યારે સર્વ કાર્ય સિદ્ધ થશે. **સત્પુરુષમાં આત્મબુદ્ધિ એ જ કલ્યાણનું અસાધારણ સાધન છે.**



BAPS


# ૧૩. તેઓ આપણા માટે જીવ્યા

'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો !' **શાસ્ત્રીજી મહારાજ** સ્વયં આ આહ્‌લેક જગાવી ઘરે-ઘરે **ઝોળી** માંગતા. એકવાર તેમણે **જમરાળા** ગામમાં આખો દિવસ ઝોળી માંગી. આ ગામમાં અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા કોઈ હરિભક્ત હતા નહિ.

અચાનક શાસ્ત્રીજી મહારાજને **શૌચ** જવાની ઇચ્છા થઈ. તેઓ ગામની બહાર દિશાએ જઈ આવ્યા. પછી **એક મંદિરના ચોકમાં** પાણીની કૂઈ હતી ત્યાં **નાહવા** બેઠા. એવામાં એક વિરોધી આવી **જેમ-તેમ બોલવા લાગ્યા**, 'અરે વિરોધીઓ ! અમારા મંદિરમાં કેમ આવ્યા ? હમણાં જ ચાલ્યા જાઓ.' હજુ તો **ધોતિયું** પણ **અડધું જ પલળ્યું હતું**. ને શાસ્ત્રીજી મહારાજને ત્યાંથી **નીકળી જવું પડ્યું !**

મંદિરની બાજુમાં જ **મોતીભાઈ** રહેતા. તેઓએ શાસ્ત્રીજી મહારાજને પોતાને ઘરે લઈ જઈ સ્નાન કરાવ્યું. આટલું અપમાન થવા છતાં શાસ્ત્રીજી મહારાજની સ્થિરતા અને સાધુતા જોઈને તેમને આદર થયો હતો. એમણે વિનંતી કરી, '**અહીં રહી જાઓ. હું આપને સીધું આપું.** ઠાકોરજી જમાડીને જાઓ.'

પરંતુ શાસ્ત્રીજી મહારાજે 'ના' પાડી. મોતીભાઈએ બહુ વિનંતી કરી ત્યારે **શાસ્ત્રીજી**



**મહારાજ** કહે, 'જુઓ મોતીભાઈ ! અમારે હવે વધુ રોકાવાનો સમય નથી. આ **ઝોળીમાં લોટ** છે, એ લઈને **સારંગપુર** પહોંચીશું, ત્યારે ત્યાં ઠાકોરજીનો **થાળ થશે**. અને ત્યાં કામ કરનારા **સંતો - ભક્તો રોટલા ભેગા થશે. ઝોળી પર આ બધાં મંદિરો ચાલે છે.'**

આમ કહી શાસ્ત્રીજી મહારાજ ત્યાંથી ચાલવા તૈયાર થયા. પરંતુ મોતીભાઈએ લોટ સારંગપુર પહોંચાડવાની વ્યવસ્થા કરી આપી. અને શાસ્ત્રીજી મહારાજને રોકી જમાડીને મોકલ્યા.

**આવા હતા શાસ્ત્રીજી મહારાજ !**

**તેમણે આપણા માટે સહન કર્યું. ભીડો વેઠ્યો. ઝોળી માંગી ! તેઓ આપણા માટે જીવ્યા હતા.**

■ **<u>શાસ્ત્રીજી મહારાજના સમયની પરિસ્થિતિ</u>**

- એ સમયે સંતોને **પૂરતું ખાવા પણ મળતું નહીં**. ક્યારેક તો લોટ ફાકીને કે પાણી પીને પેટ ભરવું પડતું. ઘણાં વર્ષો સુધી સંતોએ **કેરોસીનના ડબ્બામાં ખીચડી** રાંધવી પડી હતી. તો પછી બીજી વ્યવસ્થા હોય જ ક્યાંથી !
- સંતો માટે **રહેઠાણની વ્યવસ્થા ન હતી**. આખો દિવસ મંદિરની સેવા કરી રાત્રે જ્યાં-ત્યાં સૂઈ જવું પડતું.
- **એક સંત**ને **અનેક પ્રકારની જવાબદારીઓ** એક સાથે નિભાવવી પડતી.
- સેવામાં જોડાયેલા સંતો પોતાના **રોગની પણ પરવા** કરતા **નહીં**.
- આ સાથે અનેક **અપમાનો** પણ સહન કરવાં પડતાં. વિરોધીઓ શાસ્ત્રીજી મહારાજને **મારી નાંખવા સુધીના પ્રયત્નો** કરતા હતા !

...ઉપરની કઠિન પરિસ્થિતિમાં પણ શાસ્ત્રીજી મહારાજ હિંમત હાર્યા ન હતા. તેમના સંગે સૌ સંતો પણ અનેક કષ્ટો અને અપમાનો વચ્ચે આનંદથી સેવા-ભક્તિ કરતા હતા.

ખરેખર, આપણને સૌને શુદ્ધ ઉપાસનાનાં મંદિરો મળે અને આપણું કલ્યાણ થાય, તે માટે એટલે કે **આપણા માટે જ શાસ્ત્રીજી મહારાજ જીવન જીવ્યા હતા. એમનું આ ઋણ આપણે ક્યારેય ચૂકવી નહીં શકીએ.**



# ૧૪. યોગીજી મહારાજની દિવ્ય દૃષ્ટિ

સને ૧૯૫૯. **આફ્રિકા**ના ટાન્ઝાનિયા દેશનું **દારેસલામ** શહેર. ત્યાં **યોગીજી મહારાજ** વિરાજમાન હતા. એકવાર તેઓ લઘુ કરવા **બાથરૂમમાં** ગયા. ત્યાં તેમણે કપડાંનો ઢગલો જોયો. તેઓ સમજી ગયા કે **યુવકોનાં કપડાં ધોવાનાં બાકી** છે.

કંઈ પણ બોલ્યા વિના તેઓ બાથરૂમ બંધ કરી કપડાં ધોવા બેસી ગયા ! **ઘણા સમય પછી** આવી **સેવા મળી**, તેથી તેમને **આનંદ** સમાતો નહોતો. સ્વામી કપડાં ધોઈ બહાર આવ્યા, ત્યારે સૌ **યુવકોને ખબર પડી** કે **સ્વામીએ આપણાં કપડાં ધોઈ નાખ્યાં** છે.

યુવકોને ઘણું દુઃખ થયું. યોગીબાપાના પગે પડી એક યુવક કહે, 'સ્વામી! અમારે આપનાં કપડાં ધોવાનાં હોય, અને આપે અમારાં કપડાં ધોયાં!!'

તરત જ યોગીજી મહારાજે હસીને કહ્યું, 'તમારા જેવા ધર્મભાવનાવાળા યુવકોની **સેવા કરવાનો લાભ મને ક્યારે મળે !** એટલે જરી એ લહાવો લેતો હતો.' આવું સાંભળી યુવકોની આંખો અને હૃદય ભરાઈ આવ્યાં.

■ ■ ■

સને ૧૯૫૬. યોગીજી મહારાજ **સ્પેશિયલ ટ્રેનમાં યાત્રા**એ નીકળ્યા હતા. **પોંડિચેરી**માં સૌ **અરવિંદ આશ્રમ** જોવા ગયા હતા. શારીરિક તકલીફને લીધે યોગીજી મહારાજ જઈ શક્યા ન હતા. તેઓ, જોડના સંત, વિનુભાઈ (હાલ પૂજ્ય મહંતસ્વામી) અને જશભાઈ ચાર જ ટ્રેન પાસે હાજર હતા.

એકાએક યોગીજી મહારાજ કહે, 'ચાલો, પ્રસાદીની ગાડીની પ્રદક્ષિણા કરીએ.' એમ કહી તેઓ **૧૮ ડબ્બાની ટ્રેનની દોઢ પ્રદક્ષિણા** ફર્યા. ને પછી ટ્રેનની સામે **દંડવત્** કરવા લાગ્યા.

જશભાઈ કહે, 'બાપા ! **કોને દંડવત્ કરો છો ?**' યોગીજી મહારાજ કહે, '**હરિભક્તોને.**' જશભાઈ કહે, 'તેઓ તો **આશ્રમ જોવા** ગયા છે.' યોગીજી મહારાજ તરત જ કહે, 'તેમનો **સામાન તો છેને !**'

**આવા હતા યોગીજી મહારાજ !**

**તેમની દૃષ્ટિમાં દિવ્યતા ભરી હતી. ગુરુ થઈ તેઓ શિષ્યની સેવા કરતા. તેમને દંડવત્ કરતા. તેમનો મહિમા સમજતા.**

**તેઓએ શીખવ્યું કે મહારાજ-સ્વામીના સંબંધમાં આવેલા સૌ સંતો-ભક્તો દિવ્ય છે. કોઈના અવગુણ સામે ન જોવું. સંબંધનો મહિમા સમજવો.**


તેઓ વારંવાર કહેતા : 'હું બધામાં ગુણાતીત ભાવ લાવીને શ્રીજી મહારાજને દેખું છું. તેથી અહો અહો થાય છે.'



# ૧૫. કળિયુગનો જાદુ

**જૂનાગઢના દીવાન હરિદાસજી ચાર ધામની યાત્રાએ** જવાના હતા. તેથી તેઓ **ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને** આવ્યા. સ્વામી કહે, 'દીવાન સાહેબ ! તમે જાત્રાએ જાઓ છો, તે તમારાં સગાં માટે કાંઈક લેતા આવશો કે નહિ ?' હરિદાસજી કહે, 'હા સ્વામી, એ તો રિવાજ છે.'

ત્યારે સ્વામી કહે, 'તમે અમારા માટે કાંઈ નહિ લાવો ?' દીવાન સાહેબને મૌન જોઈ સ્વામી





કહે, 'મૂંઝાશો નહિ. અમને બીજું કંઈ જોઈતું નથી, જાત્રામાં ક્યાંય **ધનના ત્યાગી અને સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળનારા સંત મળે તો એક લેતા આવજો.'** હરિદાસજી કહે, 'સ્વામી ! એ તો હું જરૂર લઈ આવીશ.'

હરિદાસજી **ચાર મહિના તીર્થયાત્રા** કરી, પાછા જૂનાગઢ સ્વામી પાસે આવ્યા, ત્યારે સ્વામીએ પૂછ્યું, 'અમારું **સંપેતરું લાવ્યા ?'** દીવાનજી કહે, 'સ્વામી ! **તમારું સંપેતરું તો તમારે ઘરે જ છે. ચારે ધામ ફર્યો પણ તમારા જેવા ધનના ત્યાગી અને સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળનારા સંત કોઈ જગ્યાએ મળ્યા નહિ.** સારી કથા કરનારા અને યોગ સાધવાવાળા ઘણાને હું મળ્યો, પણ સ્ત્રી અને ધનનો સંપૂર્ણ ત્યાગ ક્યાંય ન હતો.'

ખરેખર, **ધનના ત્યાગી અને સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળનારા સંતો આપણા સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા** છે. **કળિયુગનો** આ **એક જાદુ** જ છે. **આજે** મોટા ભાગના યુવાન જ્યારે મોજ-મજા અને ભોગ-વિલાસ પાછળ પાગલ બન્યા છે, ત્યારે **૨૦-૨૦ વર્ષના નવયુવાનો સ્વામીબાપાના હસ્તે સંતદીક્ષા લે છે**. સંસારનો મોહ અને કારકિર્દીનો ત્યાગ કરે છે. મોક્ષના માર્ગે ચાલે છે અને અનેકને મોક્ષના માર્ગે ચઢાવે છે.

યોગીજી મહારાજે સંકલ્પ કર્યો હતો કે પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ૭૦૦ સાધુ કરવા છે, એ સંકલ્પ સ્વામીબાપાએ સવાયો પૂરો કર્યો અને **૧,૦૦૦ થી વધુ સંતો** કર્યા.

■ **આપણા સંતોની વિશેષતા**

- આપણા સંતો નિષ્કામ, નિર્લોભ, નિ:સ્વાદ, નિ:સ્નેહ અને નિર્માન એમ **પંચવર્તમાન** પાળે છે. એટલે કે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે. પૈસા રાખતા નથી. **પત્તરમાં જમે છે**. પોતાનાં સગાં-વહાલાંનો ત્યાગ રાખે છે. નિર્માનીપણે મંદિરની નાની-મોટી તમામ સેવા કરે છે. સૌને નમતા રહે છે.
- આપણા સંતો સાદાં **ભગવાં વસ્ત્રો** પહેરે છે. માથે **મુંડન** રાખે છે.
- આપણા સંતો **સુશિક્ષિત** છે. ડૉક્ટર, એન્જિનિયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, M.B.A., પાઈલોટ, LL.B., ગ્રેજ્યુએશન, Ph.D., શિક્ષક વગેરે ડિગ્રી ધરાવે છે. અનેક સંતો અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકા, ન્યુઝીલેન્ડ કે ઓસ્ટ્રેલિયાની **સિટિઝનશિપ** ધરાવે છે. ઘણા સંતો માતા-પિતાના **એકના એક સંતાન** છે.
- આપણા સંતો પ્રારંભમાં **સારંગપુરમાં તાલીમ** લે છે. ત્યારબાદ સ્વામીબાપાની **આજ્ઞા પ્રમાણે જુદાં-જુદાં મંદિરોમાં ભક્તિ-સત્સંગ** કરે-કરાવે છે. સાથે નિ:સ્વાર્થભાવે **સમાજસેવા** કરે છે.

ખરેખર, આવા પવિત્ર સંતો સ્વામીબાપાએ સર્જેલ ચમત્કાર જ છે !

BAPS









# ૧૬. ભક્તો માટે જ જીવન

સ્વામીબાપા પંચમહાલમાં **દેવગઢ બારિયા** ગામે વિરાજમાન હતા. ત્યાં બાજુના **મલાવ ગામનો ચારેક વર્ષનો શંભુ નામનો બાળક** આવ્યો અને સ્વામીબાપાને કહેવા લાગ્યો, '**બાપા ! મારા ઘરે આવશો ?** આવોને !' સ્વામીબાપા હેતથી તેના માથે હાથ મૂકતાં કહે, 'ટાઈમ મળે એટલે આવીશું હોં...!'

શંભુ ખુશ થઈને દોડી ગયો. બીજે દિવસે **સ્વામીબાપા રાબોડ ગામે** પધાર્યા. ત્યાં પણ સ્વામીબાપાએ **શંભુને જોયો**. એટલે સંતોને કહે, 'જુઓ, આ શંભુ આવી ગયો ! આપણે તેને ઘરે આવવાનું **વચન આપ્યું હતું, તે જવું પડશે**.' એ વિસ્તારમાં ફરતા અનુભવી સંત કહે, 'પણ સ્વામીબાપા ! આપનું **સ્વાસ્થ્ય સારું નથી**. ને મલાવ ગામનો **રસ્તો સાવ ધૂળિયો ને કાચો** છે.' સ્વામીબાપા કહે, 'આપણે ઘોઘંબા તો જઈએ જ છીએને. વચ્ચે જ ગામ આવે છે. જવામાં કાંઈ વાંધો નહીં આવે !'



સૌ સંતો મૌન રહ્યા. **રાત્રે ૧૦ વાગે** ગાડી **મલાવ ગામને પાદર** પહોંચી. પિતા અશ્વિનભાઈ મિસ્ત્રી સાથે **શંભુ** ત્યાં રાહ જોઈ ઊભો હતો. તેને **આનંદિત** થયેલ જોઈ સ્વામીબાપા કહે, 'ચાલો ઘરે !' સ્વામીબાપા શંભુના ઘરે પધાર્યા. **પૂજન-આરતી** થયાં. બાળક શંભુએ ઠાકોરજી અને સ્વામીબાપાની આરતી ઉતારી. સૌ કોઈ સ્વામીબાપાની બાળવત્સલતાને વંદી રહ્યા.

■ ■ ■

સને ૧૯૮૦માં સ્વામીબાપા **અમેરિકામાં** હતા. એક વાર **ફિલાડેલ્ફિયા** શહેરમાં પધરામણી દરમ્યાન **મોજડી** પહેરવામાં તેઓને **અવળસવળ** થઈ ગયું. જમણો પગ ડાબી મોજડીમાં ને ડાબો પગ જમણી મોજડીમાં.

સંતોએ પૂછ્યું, 'આમ કેમ થયું ?'

સ્વામીબાપા કહે, 'હમણાં ઘણા સમયથી બરાબર દેખાતું નથી.'

પછી તો **બોસ્ટનમાં ડૉક્ટરને બતાવ્યું**. તેમણે નિદાન કર્યું કે '**મોતિયો** પાકી ગયો છે. જો તમે **થોડા દિવસ મોડા પડ્યા હોત**, તો આંખે **ઝામરનો રોગ થઈ જાત**.'

આમ કહી **ડૉક્ટરોએ તાત્કાલિક ઑપરેશન કરવાનું જણાવ્યું**. પરંતુ **બાપાએ 'ના' પાડી** ! અને કહ્યું, 'ભારતમાં જઈને ઑપરેશન કરાવીશું.' સંતોએ બાપાને સમજાવ્યા, 'જો ઑપરેશન નહીં થાય, તો દેખાતું બંધ થઈ જશે.'

ત્યારે બાપા કહે, 'હરિભક્તોએ રજા લઈને તૈયારીઓ કરી હોય અને આપણે ન જઈએ, તો તેમને કેટલી મુશ્કેલી પડે ? **આપણું તો જે થવાનું હોય તે થાય, પણ હરિભક્તોને રાજી કરવા.**' છેવટે બધાના આગ્રહને વશ થઈ સ્વામીબાપાએ અમેરિકામાં જ ઑપરેશન કરવાની 'હા' પાડી.

**આવા હતા આપણા સ્વામીબાપા !**

**હરિભક્તોને તેમણે જીવન માન્યા છે. તેમનાં મન સાચવવાં, તેમને રાજી કરવા સ્વામીબાપાએ પોતાના શરીર કે પોતાનાં દુઃખની પરવા જ નથી કરી. ત્યારે સત્સંગ આટલો વધ્યો ને હરિભક્તો તેમના માટે પ્રાણ પાથરવા તૈયાર થતાં હતાં.**

# ૧૭. પંચ વર્તમાનમાં દૃઢ

■ **નિર્લોભી વર્તમાન**

૧૦/૧૨/૧૯૯૩. સ્વામીબાપા **ટ્રેનમાં આણંદથી મુંબઈ** જવા નીકળ્યા હતા. ટિકિટ ચેકરે ટિકિટ તપાસી સંતોને કહ્યું, 'સ્વામીજી ! **રિઝર્વેશનના ૫૦ રૂપિયા** ભરવાના **બાકી** છે.' સંતો કહે, 'સાહેબ ! અમે સંતો પૈસા રાખતા નથી. મુંબઈ સ્ટેશને પૈસા અપાવી દઈશું.'

સામે બેઠેલા **ઘાટકોપરના એક સજ્જને** મિત્રો પાસેથી સ્વામીબાપાનું નામ સાંભળ્યું હતું. તેથી તેમણે **૫૦ રૂપિયા આપ્યા** અને કહે, 'આ સેવાનો લાભ મને લેવા દો.'

કેવું આશ્ચર્ય ! સ્વામીબાપાએ સેંકડો મંદિરો બાંધ્યાં છે. બી.એ.પી.એસ. **સંસ્થાના** તેઓ **પ્રમુખ** છે. કરોડો રૂપિયાની જનકલ્યાણ પ્રવૃત્તિઓ કરે છે. છતાં... એમની પાસે **૫૦ રૂપિયા ન હતા**!

■ **નિષ્કામી વર્તમાન**

૧૯૯૫. **લંડન**ના **મંદિર મહોત્સવ** સમયે સ્વામીબાપા **હવેલીનું કામ** નિહાળવા પધાર્યા. ત્યાં એક **મેલવીન નામનો અંગ્રેજ કારીગર** હતો. તેણે સંતોના પંચ વર્તમાન વિશે વાત જાણી હતી. તેથી એક સંતને પૂછ્યું, '**સ્વામીબાપા કેટલા સમયથી બ્રહ્મચર્ય પાળે છે ?**' સંત કહે, '**૬૦ વર્ષથી**.' સંતે સ્વામીબાપાએ દીક્ષા લીધી ત્યારથી હાલ સુધીની વાત કરી. આ સાંભળી **સ્વામીબાપા કહે**, '૬૦ વર્ષથી નહીં, **૭૫ વર્ષથી** આ વ્રત પળાય છે.'

સ્વામીબાપા આવું બોલ્યા. કારણ કે તેઓની ઉંમર ત્યારે ૭૫ વર્ષ થઈ હતી. સ્વામીબાપા તો અક્ષરબ્રહ્મ છે. ભગવાનનું સ્વરૂપ છે. તેઓ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે. અનાદિ સિદ્ધ પુરુષ છે.

■ **નિર્માની વર્તમાન**

૧૯૮૫. **લંડન**ના QPR સ્ટેડિયમમાં સ્વામીબાપાની **સુવર્ણતુલા** થઈ. આ પહેલાં ત્યાં આવું સન્માન કોઈને મળ્યું ન હતું. સમૈયો ખૂબ જ ભવ્યતા અને દિવ્યતાપૂર્વક ઊજવાયો હતો.

પણ **બીજે દિવસે** બપોરે **એક ભાઈ** સ્વામીબાપા પાસે આવ્યા. તેમને **ગેરસમજ** થઈ હતી. તેઓ જેમ-તેમ બોલવા લાગ્યા. સ્વામીબાપા **અપમાન** સહન કરી ગયા ને આજુબાજુ ઊભેલા સંતો- ભક્તોને શાંત રાખ્યા. તેઓ બોલી રહ્યાં ત્યારે **સ્વામીબાપાએ સેવક સંતને કહ્યું**, 'આ ભાઈને **જમાડી દેજો**.'

સુવર્ણતુલાના સન્માન વખતે કે બીજા દિવસના આવા અપમાન વખતે, સ્વામીબાપાના **મુખની** એક પણ **રેખા બદલાઈ ન હતી** !

■ **નિઃસ્વાદી વર્તમાન**

સ્વામીબાપા **ઈંગ્લેન્ડ**માં હતા. **રાત્રિભોજન**માં તેઓ ખીચડી જમી રહ્યા હતા.



સેવક સંતે આગ્રહ કરી **કઢી** થોડી વધારે આપી. ત્યાં તો રસોડામાંથી બીજા સંતે બૂમ મારતાં કહ્યું કે, 'સ્વામીબાપાને કઢી ન આપતા. કઢી ખરાબ છે. ખૂબ **ગંધાય છે** !'

સેવક સંતે તપાસ કરી તો જાણ થઈ કે **દહીંને બદલે ભૂલમાં ફ્રીજમાં પડેલ વાસી મલાઈની કઢી** બની ગઈ હતી. કેવો વિચિત્ર સ્વાદ હશે! છતાં **સ્વામીબાપા કાંઈ ન બોલ્યા**. ને કહે, 'ઠાકોરજી જમ્યા, પછી આપણને શું વાંધો ?'

■ **નિઃસ્નેહી વર્તમાન**

એકવાર સ્વામીબાપા **ગોંડલ**માં હતા. બપોરે ભોજન વખતે કોઈ કહે, 'સ્વામી ! આજે આપનાં **પૂર્વાશ્રમનાં માતુશ્રી** સમૈયામાં આવ્યાં હતાં. તેઓને **દોઢ કલાક** સુધી ફરવું પડ્યું. **પછી** માંડ **ઉતારો** મળ્યો.' સ્વામીબાપાએ આ વાતમાં જરાય રસ ન લીધો. ઊલટું વાત બદલતાં કહે, '**સમૈયામાં તો એવું જ હોય.**'

આમ, દીક્ષા બાદ સ્વામીબાપાએ પોતાના પૂર્વાશ્રમનાં ગામ કે સગાં-સંબંધીમાં ક્યારેય રસ લીધો નથી.

**આવા હતા આપણા સ્વામીબાપા !**


**પંચ વર્તમાનમાં દૃઢ. શ્રીજી મહારાજ વચનામૃત ગઢડા અંત્ય-૨૭માં કહે છે : 'શાસ્ત્રે કહ્યાં જે નિર્લોભી, નિષ્કામી, નિર્માની, નિઃસ્વાદી, નિઃસ્નેહી ઈત્યાદિક સંતનાં લક્ષણ જ્યાં દેખાય, એવા સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે.' એવા સંત હતા આપણા પ્રમુખસ્વામી મહારાજ!**



# ૧૮. પ્રમુખસ્વામી મહારાજ : જીવન અને કાર્ય

સને ૧૯૮૮. સ્વામીબાપા અમેરિકાના **લૉસ એન્જલસ** શહેરમાં વિરાજમાન હતા. એક હિંદુ મિત્ર સાથે શ્રી **કાર્લોસ વેગા** નામની **ધનાઢ્ય** વ્યક્તિ સ્વામીબાપાનાં દર્શને આવી. સ્વામીબાપા સાથેની થોડી જ ક્ષણોમાં તેમને દિવ્યતાનો અનુભવ થયો.

તેઓ બોલી ઊઠ્યા, 'સ્વામીજી ! આપની પાસે આવવાથી આજે મને **જિંદગીમાં સર્વપ્રથમ વાર શાંતિનો** ને શીતળતાનો **અનુભવ** થયો છે.' થોડીવાર અટકી તેઓ એક સાથે બોલવા લાગ્યા, 'સ્વામીજી ! **મારી પાસે** બંગલો છે, મોટર છે, પૈસા છે, કીર્તિ છે, **બધું જ છે**... આઈ હેવ



BAPS

એવરીથીંગ... **પરંતુ શાંતિ નથી.'**

'આઈ હેવ ગોડ ! (મારી પાસે ભગવાન છે.)' સહજ રીતે સ્વામીશ્રી બોલી ઊઠ્યા. પછી કહે, 'નો મની. (પૈસા નથી.) **આઈ હેવ ગોડ. પાસે ભગવાન રાખ્યા છે, તેમાં બધું જ આવી ગયું !'**

ખરેખર, **સ્વામીબાપા** ભગવાનના ધારક હતા. **અનેકનું કલ્યાણ કરવા** તેઓ અક્ષરધામથી **પૃથ્વી પર** પધાર્યા હતા.

ચાલો, આ પાઠમાં એમનાં જીવન અને કાર્ય વિશે માહિતી મેળવીએ.

- **બાળપણનું નામ :** શાંતિલાલ
- **જન્મ :** સંવત્ ૧૯૭૮, માગશર સુદ ૮, તા. ૭-૧૨-૧૯૨૧.
- **જન્મસ્થળ :** ચાણસદ (વડોદરા, ગુજરાત)
- **માતાનું નામ :** દિવાળીબા
- **પિતાનું નામ :** મોતીભાઈ

■ **જીવનક્રમ**

| | |
|---|---|
| સને ૧૯૨૧ | : જન્મ |
| સને ૧૯૩૯ | : ગૃહત્યાગ (ઉંમર : ૧૮ વર્ષ) |
| સને ૧૯૪૦ | : શાસ્ત્રીજી મહારાજના હસ્તે ભાગવતી દીક્ષા (ગોંડલ) નામ : **સાધુ નારાયણસ્વરૂપદાસ** |
| સને ૧૯૫૦ | : શાસ્ત્રીજી મહારાજે સંસ્થાના પ્રમુખ બનાવ્યા. (અમદાવાદ) |
| સને ૧૯૭૧ | : યોગીજી મહારાજના ધામગમન બાદ ગુરુપદે આવ્યા. |
| સને ૨૦૧૬ | : ધામગમન |

■ **કાર્ય**

૧. ૧,૧૦૦ થી વધુ **મંદિરો** તથા ૨ **અક્ષરધામ**.
૨. ૧,૦૦૦ થી વધુ સુશિક્ષિત **સંતો**.
૩. ૧૭,૫૦૦ થી વધુ ગામોમાં **વિચરણ**.
૪. ૨,૫૦,૦૦૦ થી વધુ ઘરોમાં **પધરામણી**.
૫. ૭,૦૦,૦૦૦ થી વધુ **પત્રો** દ્વારા સૌને માર્ગદર્શન.
૬. **ફોન અને મુલાકાત** દ્વારા લાખોના પ્રશ્નોનું નિરાકરણ.
૭. **સમગ્ર વિશ્વમાં હિંદુ સંસ્કૃતિનો** અને સંસ્થાનો **ભવ્ય ઉદ્‌ઘોષ**.
૮. **યુનો અને ગિનિસ બુકમાં** અનેકવાર **નામ** ધરાવનાર બી.એ.પી.એસ. સંસ્થાનું નેતૃત્વ.
૯. નાત-જાતના ભેદ વિના **આદિવાસીથી લઈ અમેરિકાવાસી સુધી સૌનું કલ્યાણ**.

■ **જીવનભાવના અને ઉપદેશ**

૧. **બીજાના ભલામાં આપણું ભલું.**
૨. પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ.
૩. **શ્રદ્ધા અને ભક્તિ જીવનમાં દૃઢ કરો.**
૪. જીવનમાં સંયમ આવે, એ જ સાચો વિકાસ. **મોટાપુરુષની આજ્ઞા પાળે તેટલો 'પ્રોગ્રેસ'.**
૫. **ભગવાન અને સંતને જાણવા, સમજવા અને રાજી કરવા એ જ બુદ્ધિ.**

■ **અભિપ્રાયો**

૧. 'તમને દીકરા દેનારા મળશે, લાખો-કરોડો રૂપિયા દેનારા મળશે, તમારો રોગ ટાળનારા મળશે, પણ તમારો હાથ ઝાલી તમને **ભગવાન સુધી પહોંચાડનાર પ્રમુખસ્વામી જેવા સંત નહીં મળે**.'

- પૂજ્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી
(ભાગવત વિદ્યાપીઠ, અમદાવાદ)

૨. **'પ્રમુખસ્વામી મહારાજે સમાજને જે આપ્યું છે,** તે શબ્દમાં વર્ણવી શકાય તેમ નથી. **તેના માટે** ઇતિહાસનું એક પાનું નહીં, **એક આખો ગ્રંથ રિઝર્વ્ડ (આરક્ષિત) રાખવો પડશે**.'

- પૂજ્ય શ્રી સત્યમિત્રાનંદગિરિજી
(સમન્વય કુટિર, હરિદ્વાર)

# ૧૯. આપણે કોણ ?

કોઈ તમને પૂછે : તમારો **ધર્મ** કયો ? તમે તરત જ કહેશો: **હિંદુ** વળી. બીજો પ્રશ્ન પૂછે : તમારો સંપ્રદાય કયો ? હવે તમે શું કહેશો ? આ પાઠમાં એનો જવાબ મળશે.

બાળમિત્રો, હિંદુધર્મમાં ઘણા સંપ્રદાયો છે. સૌમાં ભગવાનને પામવાના માર્ગો દર્શાવાયા છે, પરંતુ એ બધામાં આપણો '**સ્વામિનારાયણ સંપ્રદાય**' વિશિષ્ટ છે. વેદ-ઉપનિષદમાં બ્રહ્મ અને પરબ્રહ્મનો એટલે કે અક્ષર અને પુરુષોત્તમનો સિદ્ધાંત પડ્યો જ છે. શ્રીજી મહારાજે પ્રગટ થઈ તેનો પ્રસાર કર્યો. અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૦૭માં **બી.એ.પી.એસ. સંસ્થા**ની સ્થાપના કરી, એ જ્ઞાન મૂર્તિમાન કર્યું.

હવે ત્રીજો પ્રશ્ન : આપણે સ્વામિનારાયણ સંપ્રદાયના - **બી.એ. પી.એસ.ના સત્સંગી ક્યારે કહેવાઈએ ? ઉપાસના અને આજ્ઞા દૃઢ હોય ત્યારે.** આજ્ઞા અને ઉપાસના જ અક્ષરધામમાં જવાની બે પાંખો છે.

■ **<u>ઉપાસનામાં આપણે ૪ વસ્તુ માનવાની છે</u>**

વેદાદિક શાસ્ત્રોના સાર એવા વચનામૃત અને સ્વામીની વાતો અનુસાર આપણે ઘણી બાબતો માનવાની છે, પરંતુ તેમાં મુખ્ય નીચેની ૪ છે :

૧. **સહજાનંદ મમ પરમેશ્વર :** શ્રીજી મહારાજ કર્તાહર્તા, દિવ્ય-સાકાર, સર્વોપરી અને પ્રગટ છે.

૨. **ગુણાતીતાનંદ મૂળ અક્ષર :** ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે.

૩. **પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર :** પ્રગટ અક્ષરબ્રહ્મ મહંતસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર છે.

૪. **બી.એ.પી.એસ. અસ્મિતા :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો, ગ્રંથો, પરંપરા વગેરે પરમ સત્ય છે.

■ **<u>આજ્ઞામાં આપણે ૮ વસ્તુ કરવાની છે</u>**

શિક્ષાપત્રી મુજબ આપણે ઘણી બાબતો કરવાની છે, પરંતુ બાળકો માટે હાલ વધુ જરૂરી ૮ બાબતો નીચે મુજબ છે :


૧. **કંઠી :** કંઠી પહેરી શ્રીજી મહારાજનો આશરો કરવો.

૨. **પૂજા-પંચાંગ :** તિલક-ચાંદલા સહિત પૂજા કરવી. માતા-પિતાને પંચાંગ પ્રણામ કરવા.

૩. **બાળસભા-ઘરસભા :** નિયમિત અને સમયસર બાળસભામાં જવું. ઘરસભામાં બેસવું.

૪. **આરતી-અષ્ટક :** ઘરમંદિરમાં કે વ્યક્તિગત બે સમયે આરતી-અષ્ટક કરવાં.





૫. **આહારશુદ્ધિ :** ડુંગળી-લસણનો ત્યાગ કરવો. બજારુ ખાણી-પીણી અને વ્યસનનો ત્યાગ કરવો. એકાદશી (ફરાળી કે સજળા કે નિર્જળા) કરવી.

૬. **વાંચન-પરીક્ષા :** 'સત્સંગ વિહાર' પુસ્તિકાઓનું રોજ વાંચન કરવું. 'સત્સંગ વિહાર' પુસ્તિકાઓની પરીક્ષા અવશ્ય આપવી.

૭. **કુસંગ ત્યાગ :** ખરાબ મિત્રો, સિનેમા-સિરિયલનો ત્યાગ કરવો.

૮. **સારો અભ્યાસ :** રોજ ૩ કલાક વિશેષ અભ્યાસ કરવો.

■ **આપણું તત્ત્વજ્ઞાન**

બાળમિત્રો, આપણું તત્ત્વજ્ઞાન સાવ સરળ છે. એ નીચેનાં બે નાનાં ગીતરૂપે રજૂ કરીએ છીએ.

• **પંચતત્ત્વ ગીત**

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ;
આપ્યું શ્રીજી મહારાજે, પંચતત્ત્વ-જ્ઞાનમ્...
જીવ, ઈશ્વર માયામાં, અનાદિથી અટવાય;
અક્ષરબ્રહ્મનો સંગ થાતાં, પરબ્રહ્મ પમાય...

• **ઉપાસના ગીત**

સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ...
આત્મા ને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ...
સ્વામી તે ગુણાતીત સ્વામી,
નારાયણ સહજાનંદ સ્વામી...
અક્ષર તે ગુણાતીત સ્વામી,
પુરુષોત્તમ સહજાનંદ સ્વામી...
અક્ષરપુરુષોત્તમ ઉપાસના... (૨)...
અક્ષરરૂપ થઈને, પુરુષોત્તમની,
ભક્તિ કરવાની આ સાધના...
અક્ષરરૂપ થવું એટલે અક્ષર જેવા થાવું,
પ્રગટ અક્ષર મહંતસ્વામી મહારાજ જેવા થાવું...
પુરુષોત્તમની ભક્તિ એટલે પ્રેમ શ્રીજીમાં કરવો,
સર્વોપરી સાકાર પ્રગટ કર્તાનો નિશ્ચય કરવો...
આદર્શ બાળક થઈને, એકમના રહી,
અક્ષરધામે જવાની આરાધના...
અક્ષરપુરુષોત્તમ ઉપાસના... (૨)...

**અંતે આટલું યાદ રાખીએ : હું ધર્મથી હિંદુ છું. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયનો અનુયાયી છું. શ્રીજી મહારાજનો આશ્રિત છું. મહંતસ્વામી મહારાજનો શિષ્ય છું.**

# ૨૦. પતિવ્રતાની ટેક

ઉત્તર ગુજરાતમાં **વિજાપુર** ગામ છે. ત્યાં **વજીબા** રહેતાં હતાં. ઘરે જે કોઈ સાધુ-સંતો આવે તેમની તેઓ સેવા કરતાં હતાં. એકવાર ભગવાન સ્વામિનારાયણના પરમહંસ રામદાસ સ્વામી વિજાપુર પધાર્યા. તેમનું સાધુતાવાળું જીવન જોઈ વજીબા અને તેમના પતિ **નિષ્ઠાવાન્ સત્સંગી** થઈ ગયાં.

હવે ચલમ કે બીડી ફૂંકનાર, ગાંજો પીનાર કે રામકીઓ રાખનાર કોઈ **ઢોંગી બાવા આવે, તો વજીબા ઉતારો આપતાં નહીં**. આ વાતની **શ્રીજી મહારાજને જાણ** થઈ, ત્યારે તેમણે વજીબાની **પરીક્ષા લેવાનું વિચાર્યું**. **બ્રહ્મચારીનો વેશ** ધારી તેઓ વિજાપુર આવ્યા. વજીબાના ઘરે જઈ કહે, 'અમે તીર્થવાસી છીએ. **એક રાત રહેવા દો.**' વજીબા કહે, 'જા જા, તારા જેવા ઢોંગી-ધુતારા ઘણા આવે છે. **કોઈ પાસે કલ્યાણ નથી.** તારેય કલ્યાણ કરવું હોય, તો સ્વામિનારાયણનો આશરો કર.'

શ્રીજી મહારાજ કહે, 'એ બાઈ ! તને કોઈએ ભરમાવી લાગે છે ! સ્વામિનારાયણ કાંઈ ભગવાન નથી. એ તો...' વાતને વચ્ચેથી જ અટકાવી વજીબા કહે, 'ખબરદાર એકપણ અક્ષર આગળ બોલ્યો છે તો ! તને ને તારા લબાચાને ક્યાંય ફેંકી દઈશ. **અમને સ્વામિનારાયણની પતિવ્રતાની ભક્તિ છે.**' વજીબાની નિષ્ઠા જોઈ શ્રીજી મહારાજ પણ આશ્ચર્ય પામી ગયા. પછી ધીરેથી કહે, 'મૈયા, અમે કાંઈ નહીં બોલીએ અને **કાંઈ નહીં માંગીએ**. ફક્ત એક રાત રહેવા દે.'

વજીબાને **દયા** આવી. તેઓ અંદર ગયાં. પણ થોડી જ વારે શ્રીજી મહારાજ કહે, 'મૈયા, **પલંગ આપ**.' વજીબા કહે, 'નથી.' શ્રીજી મહારાજ કહે, 'અંદરના બીજા **ઓરડામાં** રંગીન ઢોલિયો **છે** તે આપ.' વજીબાને નવાઈ લાગી કે બાવો અંદરની વાત કેમ જાણે છે ? પણ પછી તેમણે વિચાર કર્યો કે એવા તો ઘણા હોય, મારે શું ? એમ વિચારી વજીબાએ પલંગ આપ્યો. થોડીવારે શ્રીજી મહારાજે **ગોદડું** માંગ્યું. વજીબાએ 'ના' પાડી, તો કહે, '**અંદર** ગોદડાંની થોકડી છે. તેમાં વચ્ચે **નવું છે તે આપ**.'

એક પછી એક **ચમત્કાર**ના પ્રસંગો બનતા જતા હતા, **છતાં** વજીબાની **નિષ્ઠા જરાય ડગી નહીં**. વજીબા તો ગોદડું આપી દરવાજો બંધ કરી સૂઈ ગયાં. પણ આ શું ! અચાનક જ તેમને તેજ દેખાયું. આગ તો નથી લાગીને ! તે જોવા તેઓ બહાર આવ્યાં. અને જોયું કે બાવા બનેલા **શ્રીજી મહારાજનાં ચરણ લાંબાં થઈ છેક પીપળે અડ્યાં** હતાં ! અને જમણા **અંગૂઠામાંથી ઝળહળ તેજ** નીકળતું હતું ! આવો ચમત્કાર જોઈ કોનું મન ન ડગે ! પણ **વજીબાને** આ વાતની પણ **કાંઈ જ અસર ન થઈ !** તેઓ દરવાજો બંધ કરી આરામથી સૂઈ ગયાં.

બીજે દિવસે સવારે શ્રીજી મહારાજે ત્યાંથી વિદાય લીધી. **થોડા વખત પછી વજીબા ગઢડા** આવ્યાં. શ્રીજી મહારાજે તેમને જોયાં કે તરત જ બોલાવ્યાં ને પૂછ્યું, 'તમારા પીપળે અડ્યાં હતાં, તે આ જ ચરણારવિંદ કે બીજાં ?' વજીબા નવાઈ પામ્યાં અને **માફી** માંગવા લાગ્યાં, 'મહારાજ ! એ આપ હતા ?!' ત્યારે શ્રીજી મહારાજ કહે, '**તમે તો મારાં સાચાં ભક્ત છો.** અમે ખુદ ચમત્કાર કરી તમને ડગાવ્યાં તોય ડગ્યાં નહિ !'


**આવા હતા શ્રીજી મહારાજના ભક્તો !**

**પાક્કી પતિવ્રતાની ટેક. શ્રીજી મહારાજ સિવાય કોઈ ગમે તેવા ચમત્કાર દેખાડે, તોય તેમની નિષ્ઠા જરાય ડગે જ નહિ.** આપણેય આવા ભક્ત બનવાનું છે. આપણે ગળામાં પહેરેલી કંઠી આવા આશરાનું જ પ્રતીક છે.

■ **કંઠી અંગે પ્રશ્નોત્તરી**

**૧. કંઠી શા માટે ?**

**જવાબ :** કંઠી શરણાગતિ-**આશરાનું પ્રતીક** છે. 'હું ભગવાનનો છું. ભગવાન મારા છે.' એ



ભાવ કંઠી દ્વારા દૃઢ થાય છે.

**૨. કંઠીમાં બે સેર શા માટે ?**

**જવાબ :** કંઠીની બે સેર **અક્ષર અને પુરુષોત્તમનું પ્રતીક** છે. જે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાનો સિદ્ધાંત યાદ અપાવે છે.

**૩. કંઠી કોના દ્વારા પહેરવી જોઈએ ?**

**જવાબ :** સત્સંગી થનાર પુરુષ હોય, તો સ્વામીબાપા, સદ્‌ગુરુ સંતો કે અન્ય સંતો પાસેથી અને સ્ત્રી હોય તો વડીલ બહેનો પાસેથી વર્તમાન મંત્ર લઈ, કંઠી પહેરવી જોઈએ.

**૪. કંઠી તૂટે તો શું કરવું ?**

**જવાબ :** કંઠી તૂટે ત્યારે નવી કંઠી લઈ, સંતો દ્વારા કે ઘરમંદિરમાં પ્રસાદીની કરીને જાતે પહેરી શકાય. ઘરમાં ૨-૩ કંઠી રાખી મૂકવી જોઈએ.

# ૨૧. વિધિ છે તો કારણ પણ છે

આપણો **હિંદુ ધર્મ સનાતન ધર્મ** છે. આપણે જે ધાર્મિક વિધિઓ કરીએ છીએ, તે ઋષિઓએ શરૂ કરેલ છે. આ **ઋષિઓ મહાન વૈજ્ઞાનિકો**, **ત્રિકાળજ્ઞાની** અને **સિદ્ધ પુરુષો** હતા. તેમણે શરૂ કરેલ **પરંપરાઓ પાછળ** ઊંડું તત્ત્વજ્ઞાન અને શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક **લાભો** છુપાયેલા છે. આજે આપણે પૂજા સંબંધિત વિધિઓનું રહસ્ય જાણીશું.

**૧. પૂજા સવારે જ શા માટે ?**

**જવાબ :** દરેક સવાર જીવનનું એક નવું કોરું પાનું છે. તે સમયે ભગવાન અને સંતને યાદ કરીએ, તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના શુભ વિચારો આવે છે.

વળી, **શાસ્ત્રોમાં બ્રાહ્મમુહૂર્ત** એટલે કે વહેલી સવાર**નો ખૂબ જ મહિમા** કહેવાયો છે. આ સમયે **મન** ખૂબ જ **શાંત અને પ્રફુલ્લિત હોય** છે. તેથી સવારે



પૂજા કરવાથી **આખો દિવસ મંગલમય વીતે** છે.

**૨. પૂજા ઉત્તર કે પૂર્વ દિશામાં જ શા માટે ?**

**જવાબ :** પૂર્વ દિશામાં સૂર્ય ઊગે છે. તેથી જ સમગ્ર સૃષ્ટિમાં ચેતન પ્રગટે છે. આમ **પૂર્વ દિશા નવજીવન અને પ્રગતિની પ્રેરણા આપે છે**. તથા **ઉત્તરદિશા સ્થિરતાનું પ્રતીક** છે. તે **મુક્તિની દિશા** છે.

**૩. તિલક-ચાંદલો શા માટે ?**

**જવાબ :** તિલક-ચાંદલો બુદ્ધિનું પૂજન છે. કપાળ વચ્ચે **બ્રહ્મરંધ્ર પર ચંદનનો લેપ** કરવાથી **મેધાનાડી પવિત્ર** રહે છે. અને મનમાં ખરાબ વિચારો આવતા નથી.

વળી, **તિલક-ચાંદલો એ સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રતીક** છે. 'આપણને ભગવાન અને સંત મળ્યા છે.' એ સૌભાગ્યની નિશાની એટલે તિલક ચાંદલો. ખાખી ડ્રેસ પહેરવાથી પોલીસની શક્તિ વધતી નથી, પણ તેના દ્વારા તેને પોતાના **કર્તવ્યનું ભાન** રહે છે; તેમ તિલક-ચાંદલાથી 'હું સ્વામિનારાયણ સંપ્રદાયનો છું. મારાથી ખોટું કામ ન થાય.' એ વાત યાદ આવતી રહે છે.

મસ્તક ઉપરાંત; **હાથથી સત્કાર્યો થાય - એ ભાવના સાથે બે ભુજા પર** તથા **હૃદયમાં ભગવાન બિરાજે** અને શુભભાવનાઓ ધબકે, **એ હેતુથી છાતી પર** ચંદનનો તિલક-ચાંદલો કરવામાં આવે છે. **બહેનોએ** સંપ્રદાયની પ્રણાલિકા અનુસાર ફક્ત કપાળે **કંકુનો ચાંદલો કરવો જોઈએ**.

- **તિલક-ચાંદલાની દૃઢતા**

**જામનગરનો** એક બાળક. નામ **દિશાંત**. તે શાળામાં ભપકાબંધ **તિલક-ચાંદલો** કરીને જાય. **શિક્ષકે** એમ કરવાની ઘસીને **'ના'** પાડી. છતાં તેણે તિલક-ચાંદલો કરવાનું બંધ ન કર્યું. છેવટે વાત પ્રિન્સિપાલ સુધી પહોંચી. **પ્રિન્સિપાલે પણ 'ના'** પાડી તો દિશાંત કહે, 'સાહેબ, મારા કપાળે **જન્મથી જ આવો ડાઘ હોત તો ?'** પ્રિન્સિપાલ કહે, 'તો અમને વાંધો ન હોત.'

ત્યારે દિશાંત કહે, 'તો સાહેબ, એમ જ માનોને કે આ ડાઘ જન્મથી જ છે. જે દિવસે મારા કપાળે આ નિશાન ન હોય, મને જે સજા આપશો તે સ્વીકારીશ.' બાળકની દૃઢતા સામે **પ્રિન્સિપાલે નમતું જોખ્યું** અને તેને તિલક-ચાંદલો કરવાની પરવાનગી આપી.

(અહીં સત્યપ્રસંગનાં નામ અને સ્થળ બદલ્યાં છે.)

**૪. માળામાં ૧૦૮ મણકા શા માટે ?**

**જવાબ :** મનુષ્ય ૨૪ કલાકમાં સરેરાશ ૨૧,૬૦૦ શ્વાસ લે છે. રાત્રિના **૧૨ કલાક**ના શ્વાસો બાદ કરીએ, તો દિવસના **૧૦,૮૦૦ શ્વાસ** થાય. દરેક શ્વાસે ભગવાનનું નામ લેવાની ઈચ્છા ભક્તને રહે છે, પણ અનેક કામ વચ્ચે એ શક્ય બનતું નથી.

પરંતુ **મનુસ્મૃતિ**માં કહ્યું છે : **ઉપાંશુ જપ** કરીએ તો ૧ જપનું **ફળ ૧૦૦ ગણું** થાય. એ ગણતરીથી ૧૦૮ વાર જપ કરીએ, તો ૧૦,૮૦૦ જપનું ફળ મળે. આથી **શ્વાસોચ્છ્વાસે ભજન કરવાના પ્રતીકરૂપે માળામાં ૧૦૮ મણકા** રાખવામાં આવે છે. (ઉપાંશુ જપ એટલે હોઠ થોડો હલે, પણ મંત્ર બીજાને સંભળાય નહીં તે રીતે થતો જપ.)

**૫. મેર કેમ ઓળંગાય નહીં ?**

**જવાબ :** એક પરંપરા મુજબ **માળા નક્ષત્રમાળાનું પ્રતીક** છે તથા ફૂમકા નીચેનો મોટો મણકો કે જે **મેર** કહેવાય છે, તે **સુમેરુ પર્વતનું પ્રતીક** છે. આપણા બ્રહ્માંડની નક્ષત્રમાળા સુમેરુ પર્વતને કેન્દ્રમાં રાખી ફરે છે. ટૂંકમાં **સુમેરુ પર્વત સ્થિર** છે. તેને કોઈ ઓળંગતું નથી. ભક્ત પણ એ જ મહિમા સ્વીકારી મેર એટલે કે સુમેરુનો સ્પર્શ કરી, માળાની દિશા ફેરવી પુન: મંત્રજાપ કરે છે.

**૬. માળા બીજી આંગળીએથી જ કેમ ફેરવાય ?**

**જવાબ :** બીજી એટલે કે **મધ્યમા આંગળીની ધમનીનો હૃદય સુધી સીધો સંબંધ** છે. આથી અંગૂઠા અને મધ્યમા આંગળીના ઘર્ષણથી ઉત્પન્ન થતી વિદ્યુત શક્તિ **હૃદયચક્રને પ્રભાવિત** કરે છે. તેથી શારીરિક અને આધ્યાત્મિક લાભો થાય છે.

**૭. ગૌમુખી શા માટે ?**

**જવાબ :** મંત્રજાપ માટે વપરાતી **માળા પવિત્ર રહે તે જરૂરી** છે. તેને અયોગ્ય સ્પર્શ ન થાય, એ

હેતુથી માળાને ગાયના મુખ જેવા આકારના સીવેલા કપડામાં એટલે કે ગૌમુખીમાં રાખવામાં આવે છે.



**૮. તપની માળા શા માટે ?**

**જવાબ :** 'મારે કોઈપણ ભોગે - **કોઈપણ સંજોગે ભગવાનની પ્રાપ્તિ કરવી જ છે.' એ વિચાર સાથે ભક્ત તપની માળામાં જોડાય છે**. શ્રીજી મહારાજે **નીલકંઠવર્ણી** વેશે પુલહાશ્રમમાં એકપગે ઊભા રહી **તપ** કર્યું હતું, તેની **સ્મૃતિ** પણ તપની માળા દ્વારા થાય છે.

**૯. પ્રદક્ષિણા શા માટે ?**

**જવાબ : ભગવાન અને સંત આપણા જીવનનું કેન્દ્ર છે**, એ વાતને પ્રદક્ષિણા યાદ અપાવે છે. વળી, શાસ્ત્રો કહે છે : **૧૦૦ અશ્વમેધ યજ્ઞ કરતાં** ભગવાન અને સંતની **૧ પ્રદક્ષિણાનું ફળ અધિક** છે.

**૧૦. દંડવત્ પ્રણામ શા માટે ?**

**જવાબ :** દંડવત્ **સમર્પણનું પ્રતીક** છે. દંડવત્ અને પંચાંગ પ્રણામથી વિવિધ **આસનોનો લાભ** પણ શરીરને મળે છે.

**૧૧. પ્રાર્થના શા માટે ?**

**જવાબ :** પ્રાર્થનાથી ઘણા **આધ્યાત્મિક લાભો** મળે છે. પ્રાર્થના આપણને ભગવાન સાથે જોડે છે અને તેમની સાથે વાત કરવાનો અવસર આપે છે. વળી, આજે **વિજ્ઞાન પણ સ્વીકારે છે** કે પ્રાર્થનાથી માનસિક **તણાવમાંથી મુક્તિ** મળે છે. તેનાથી **રોગપ્રતિકારક શક્તિ વધે** છે.

... આ રીતે આપણા **હિંદુ ધર્મની ધાર્મિક વિધિઓમાં** આધ્યાત્મિક ઉપરાંત અનેક શારીરિક, માનસિક **લાભો** તથા ભાવનાઓ સમાયેલાં છે. વળી, દરેક વિધિ પાછળ **ઊંડું તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન છુપાયેલું છે.** ખરેખર, આવી દિવ્ય સંસ્કૃતિના વારસદાર હોવું, એ આપણું ગૌરવ છે.

આપણે આ બધી વિધિઓમાં નિયમિતતા રાખી, શ્રદ્ધાપૂર્વક જોડાઈ મહારાજ-સ્વામીને રાજી કરવા જોઈએ.



# ૨૨. ઘર બને મંદિર, જીવન બને મંદિર

આદર્શ સત્સંગીની દિનચર્યા કેવી હોય ? શિક્ષાપત્રીનો મુખ્ય આધાર લઈને આ પાઠમાં આપણે તેની ટૂંકમાં માહિતી મેળવીશું.

- <u>**પ્રાતઃવિધિ**</u>
- સત્સંગીએ સૂર્ય ઊગે તે પહેલાં **જાગવું** અને ભગવાન અને સંતનું સ્મરણ કરવું.
- **શૌચ**વિધિ બાદ **દંતશુદ્ધિ** કરી સ્નાન કરવું.
- બાદ સ્વચ્છ વસ્ત્રો પહેરી **પૂજા** કરવી.
- <u>**મંદિર દર્શન અને ભોજન**</u>
- પૂજા બાદ **ઘરમંદિરમાં દર્શન** કરવાં.
- ત્યાર બાદ **માતા-પિતાને પંચાંગ પ્રણામ** કરવા. તથા સૌને 'જય સ્વામિનારાયણ' કહેવાં.
- ઘરમંદિરમાં રોજ **આરતી** અને થાળ કરવાં.
- સવારે, બપોરે અને રાત્રે પ્રસાદીરૂપ અન્ન **શ્લોક બોલીને જ જમવું**.
- <u>**નોકરી-વ્યવસાય / અભ્યાસ**</u>
- દુનિયાના લોકો નોકરી-વ્યવસાય કે અભ્યાસ કરે અને સત્સંગી કરે તેમાં ફેર છે. કારણ કે સત્સંગી **ભગવાન અને સંતની આજ્ઞા મુજબ, તેમને રાજી કરવા જ જીવનની દરેક ક્રિયા** કરે છે.
- નોકરી-વ્યવસાયમાં **પ્રામાણિકતા, નિયમિતતા** રાખવી. અણહકનું લેવું નહિ. **મહેનત કરી જીવન** જીવવું. **સૌ સાથે પ્રેમભર્યો વ્યવહાર** રાખવો.
- ધન સંબંધિત લેવડ-દેવડ લેખિતમાં કરવી.
- પૈસાની **આવક-જાવકનું નામું** રોજ લખવું.
- પોતાની આવક કરતાં વધુ ખર્ચ ન કરવો.
- જે બાળકો કે યુવકો અભ્યાસ કરતા હોય, તેને મહેનત કરવી. નિયમિતતા રાખવી. સારામાં સારો અભ્યાસ કરવો. ક્યારેય ચોરી ન કરવી.



■ **સંધ્યા આરતી**

- શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે : 'અમારા સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે **સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું**.'
- તેથી શક્ય હોય તો હરિભક્તોએ પાસેના હરિમંદિર કે શિખરબદ્ધ મંદિરનાં દર્શનનો નિયમ રાખવો જોઈએ. ત્યાં આરતી-અષ્ટક, દર્શન, દંડવત્ પ્રણામ કે પંચાંગ પ્રણામ, પ્રદક્ષિણા, પ્રાર્થના, દાન વગેરે કરવાં જોઈએ. મંદિર નજીક ન હોય, તો વ્યક્તિગત રીતે કે ઘરમંદિરમાં બે વાર આરતી બોલવી જોઈએ.
- શ્રીજી મહારાજે ગઢડા મધ્યના દ્દરમા વચનામૃતમાં કહ્યું છે : 'જે સારો (આખો) દિવસ પ્રવૃત્તિ માર્ગમાં રહીને ગમે તેવી ક્રિયા કરી હોય ને ભગવાનનું ભજન કરવા બેસે તે સમે ઘડી કે અર્ધી ઘડી **એકાગ્ર થઈને ભજન**માં જોડાય તો સમગ્ર **(દિવસનાં બધાં) પાપ બળીને ભસ્મ** થઈ જાય છે.'

■ **ઘરસભા**

- આજના આધુનિક જમાનામાં કુટુંબના પ્રશ્નો ઘણા વધ્યા છે. માટે દરેક સત્સંગીએ **રોજ કે ઓછામાં ઓછું અઠવાડિયે બે વાર** ઘરસભા કરવી જ જોઈએ.
- તેમાં ધૂન, પ્રાર્થના, ગ્રંથવાંચન, ગોષ્ઠી, કુટુંબના સભ્યોના દિવસભરના સારા-માઠા અનુભવોની વાતો વગેરે કરવું જોઈએ.

■ **અન્ય**

- સત્સંગીએ સાદગી, સ્વચ્છતા, સુવ્યવસ્થિતતા, શિસ્ત, વાણીવિવેક, દયા, કોઈની નિંદા ન કરવી, સમજણપૂર્વક દરેક પ્રશ્નોને ઉકેલવા વગેરે સદ્‌ગુણો કેળવવા જોઈએ.
- **સત્સંગીનું જીવન આદર્શ** અને **ભગવાનમય** હોવું જોઈએ, કે જેથી **તેના યોગમાં આવનારને સત્સંગનો ગુણ આવે** અને તેને સત્સંગ કરવાની પ્રેરણા મળે.
- સત્સંગીનાં **ભાષા, ભૂષા(વસ્ત્રો) અને ભોજન સત્સંગની પરંપરાને શોભે તેવાં** હોવાં જોઈએ.
- દિવસમાં **૧ વાર સમૂહભોજન** કરવાનો આગ્રહ રાખવો જોઈએ. કુટુંબમાં સૌએ એકબીજાનો આદર કરવો જોઈએ.
- **ઘરમંદિર** સુંદર અને **ચોખ્ખું** રાખવું. ઘરમાં શક્ય હોય તેટલો સમય **ઓડિયો દ્વારા કીર્તનો અને કથા** સાંભળવાં જોઈએ.

■ **ઝોકની લાજ**


**જૂનાગઢ**ના ગીર પ્રદેશમાં **ખીમો ટાલિયો** કરીને એક ભરવાડ રહેતો હતો. એના **દીકરાએ** ગુણાતીતાનંદ સ્વામીને **કહ્યું** હતું, 'મારે **બે ગાયો મંદિરમાં** આપવી છે. કોઈને લેવા મોકલજો.' સ્વામીના કહેવાથી **બે હરિભક્તો** ગાયો **લેવા** ગયા. તેઓ ગાયો લઈ બહાર નીકળતા હતા. ત્યાં તેમને સામે **ભરવાડણ મળી**. તે કહે, 'ભાઈ! **ગાયો** પાછી **ઝોક (ગૌશાળા)માં લઈ આવો**.'


પછી ઝોકમાં ભરવાડણે ગાયોનું **પૂજન** કર્યું. પ્રેમથી તેમના કપાળે અને બરડે હાથ ફેરવ્યો. પછી ગાયોને પગે લાગીને કહ્યું, 'મારી વહાલી ગાયું ! કોઈને શિંગડાંથી, પૂંછડાંથી કે પગથી મારશો નહિ. માલિકની મરજી હોય ત્યારે દૂધ દોહવા દેજો. ને આ **ઝોકની લાજ રાખજો**.'

બંને હરિભક્તોને આ જોઈ આશ્ચર્ય થયું. તેમણે મંદિરમાં આવીને **ગુણાતીતાનંદ સ્વામી**ને આ બધી વાત કરી. સ્વામી કહે, 'સૌ ભક્તો સાંભળો ! એ બાઈને પોતાના ઝોકની આબરૂની કેવી ચિંતા છે! તેમ **આપણે સૌ સ્વામિનારાયણની ઝોકના** છીએ. માટે આપણે પણ આપણા સંપ્રદાયની આબરૂની ચિંતા રાખવી જોઈએ. આપણે તિલક-ચાંદલો કરીએ, સ્વામિનારાયણના કહેવાઈએ, છતાં અઘટિત વર્તન કરીએ; તો આપણા સંપ્રદાયની લાજ જાય. પશુ પણ જો ઝોકની લાજ રાખવાનું સમજતું હોય; તો સ્વામિનારાયણના સત્સંગી તરીકે **આપણે સંપ્રદાયની અને આપણા ગુરુની લાજ જાય, તેવું વર્તન ક્યારેય ન જ કરવું જોઈએ**.'

## ■ <u>સમાપન</u>

સત્સંગીની **દિનચર્યા** ઉપર મુજબની **આદર્શ** બને, તો તેનું **ઘર મંદિર** બની જાય. તેનું **જીવન પણ મંદિર** બની જાય. અને **ભગવાન અને સંત રાજી** રહે તથા અખંડ સુખ-શાંતિ રહે.






# ૨૩. એક પણ સભા છોડવી નહીં

**કનકોટ** ગામના એક **દરબારનાં દીકરી વિધવા** થયાં. તેઓ **પાછાં પિયર** આવ્યાં ત્યારે **ભાભીઓએ** તેમને **મહેણાં** મારવા માંડ્યાં. રોજના અપમાનના શબ્દો સાંભળી તેમણે **આત્મહત્યા કરવાનું નક્કી** કર્યું. રાત્રે તેમણે આખી તાંસળી ભરીને **અફીણ ઘોળ્યું**. પણ જેવાં તેઓ અફીણ પીવા ગયાં કે તેમની **બહેનપણીનો સાદ** પડ્યો.

બન્યું એવું હતું કે ગામમાં મુક્તાનંદ સ્વામી આવ્યા હતા. તેથી બહેનપણી આ બહેનને **કથા સાંભળવા** બોલાવતી હતી. બહેનને થયું, 'મરતાં પહેલાં છેલ્લે સંતનાં દર્શન કરી આવું. એટલું પુણ્ય મળે પછી મરીશ.' એમ વિચારી, તાંસળી કબાટમાં મૂકી, તેઓ બહેનપણી સાથે સભામાં આવ્યાં.

સભામાં **મુક્તાનંદ સ્વામી કથા** કરતા હતા કે '**મનુષ્ય દેહ મળવો દુર્લભ છે.** તેનાથી ભક્તિ કરી મોક્ષ કરી લેવો જોઈએ. સંસારમાં સુખ-દુઃખ અને માન-અપમાન તો આવે, પણ તેનાથી ઉદાસ થવું નહિ. **આત્મહત્યા એ દુઃખનો ઉકેલ નથી. એ તો ઘોર પાપ છે.**' મુક્તાનંદ સ્વામીની વાતો સાંભળી આ બહેનને થયું, 'આ તો મારા અંતરની વાત જાણી ગયા. આમનો સત્સંગ કરવા જેવો છે.'



તેમના **અંતરમાં શાંતિ** થઈ ગઈ. તે પછી તેઓ **આત્મહત્યા કરવાનું મૂકી સત્સંગી** થયાં.

■ ■ ■

**ખંભાત**માં **સદાશિવભાઈ** નામે હરિભક્ત રહેતા હતા. તેઓ ખૂબ ધનવાન હતા. તેમણે **સાત માળની** લાકડાના નકશીકામવાળી ભવ્ય **હવેલી** બાંધી હતી. હવેલીનું બાંધકામ પૂરું થયું કે તેઓ **વરતાલ** આવ્યા. યોગાનુયોગ **ગોપાળાનંદ સ્વામી** પણ વરતાલ આવ્યા હતા. તેથી સદાશિવભાઈએ સ્વામીને જ **ઉદ્‌ઘાટન** માટે આવવા વિનંતી કરી.

પણ ગોપાળાનંદ સ્વામી ભવિષ્યનું જાણતા હતા. તેઓ કહે, 'સદાશિવભાઈ ! ઉદ્‌ઘાટનની વાત પછી, પહેલાં તમે **થોડા દિવસ અહીં રહી કથા સાંભળો**.'


સદાશિવભાઈએ સ્વામીની **આજ્ઞા માથે ચઢાવી**. સ્વામી પણ રોજ **સાંખ્યની વાતો** કરવા લાગ્યા કે '**જગત નાશવંત છે.** આ દુનિયામાં આપણે કાંઈ લઈને આવ્યા નહોતા અને કાંઈ લઈને જવાના નથી. માટે ગમે તેટલાં દુઃખ આવે, ગમે તેવું નુકસાન થાય, ભગવાનની મરજી સમજી રાજી રહેવું. હિંમત ન હારવી. દુઃખી ન થવું. **ભગવાન જે કરે છે તે સૌના ભલા માટે જ કરે છે.**'

**સતત ૭ દિવસ** સુધી **સાંખ્યની આવી વાતો** સાંભળવાથી સદાશિવભાઈને જગતના નાશવંતપણાનું અને ભગવાનના કર્તાપણાનું **જ્ઞાન દૃઢ** થઈ ગયું હતું. સાતમે દિવસે ગોપાળાનંદ સ્વામીએ તેમને એક **ચિઠ્ઠી** આપી. એ ચિઠ્ઠી સ્વામી પાસે ઘણા દિવસથી આવી હતી. તેમાં આગ લાગવાથી **હવેલી બળી ગયાના સમાચાર** હતા.

આવા સમાચાર વાંચીને પણ સદાશિવભાઈને **જરાય દુઃખ ન થયું !** તેઓ કહે, 'સ્વામી ! આપે **કથા કરી મારા અંતરની હવેલી તો ક્યારનીય બાળી નાંખી છે**. જો એમ ન થયું હોત, તો હવેલી સાથે હુંય બળી મરત.'

**આવો છે કથાવાર્તાનો પ્રતાપ !**

**સભામાં થતી કથાવાર્તાથી સમજણ દૃઢ થાય છે. અને તેનાથી જીવનની દરેક પરિસ્થિતિમાં સુખી રહી શકાય છે. માટે આપણે બાળસભા કે ઘરસભા ક્યારેય છોડવી ન જોઈએ. મોટા થઈ યુવાસભા ને સત્સંગસભામાં પણ જવું જ જોઈએ.**



# ૨૪. ઈન્દ્રિયોની એકાદશી

**શાસ્ત્રીજી મહારાજ**નું **બાળપણ**નું નામ હતું **ડુંગર ભગત**. એકવાર સૌ કુટુંબીજનો સાથે તેઓ **કરમસદ** ગયા હતા. કોઈ **સગાનો લગ્નપ્રસંગ** હતો. સૌ લગ્ન માણવામાં પડ્યા ત્યારે **ડુંગર ભગત** ગામના **પાદરે** પહોંચી ગયા. અને ત્યાંના **મંદિરમાં** માળા-પ્રદક્ષિણા-ધ્યાન કરવા લાગ્યા. જેવો **જમવાનો સમય** આવ્યો કે **સૌ** ડુંગર ભગતને **શોધવા** લાગ્યા.

બહુ શોધ્યા ત્યારે **ભાળ મળી** કે ડુંગર ભગત મંદિરમાં છે. તેથી ત્યાં **ઘણા માણસો ભેગા** થઈ ગયા. કોઈ કહે, '**ચાલો** હવે **જમવા**. અનેક સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી છે. ખૂબ મજા આવશે.' ત્યારે **ડુંગર ભગત** કહે, 'આજે એકાદશી છે. મેં શાસ્ત્રમાંથી સાંભળ્યું છે કે **એકાદશીના દિવસે અન્ન ખાવું, તે માંસ ખાધા બરાબર છે**. માટે હું નહીં જમું.' એક પછી એક અનેક લોકોએ ડુંગર ભગતને સમજાવ્યા પણ તેઓએ **દૃઢતા મૂકી જ નહીં**.

છેવટે સૌ નમી પડ્યાં. ડુંગર ભગત માટે **આણંદથી** પેંડા, બરફી વગેરે **ફરાળ** મંગાવવામાં આવ્યું, ત્યારે તેઓ થોડું **જમ્યા**. આખા ગામમાં આ નાના બાળકની ટેકની વાત પ્રસરી ગઈ. સૌ આ બાળભક્તનાં દર્શન કરવા આવવા લાગ્યાં. એ વખતે ડુંગર ભગતની **ઉંમર** હતી **ફક્ત ૬ વર્ષ** !

**આવા હતા ડુંગર ભગત !**

**એકાદશી કરવાની એટલે કરવાની જ. ચાહે કોઈ પણ પ્રસંગ હોય, ચાહે ગમે તેટલા લોકો લલચાવે, પણ ટેક ન મૂકે તે ન જ મૂકે.**

**આપણે પણ દરેક એકાદશી નિર્જળા, સજળા કે ફળાહાર (ફરાળ) સાથે કરવી જ જોઈએ. તો ભગવાન અને સંત રાજી થાય.**

■ **<u>ઈન્દ્રિયોની એકાદશી</u>**

- શ્રીજી મહારાજ ગઢડા મધ્યના ૮મા વચનામૃતમાં કહે છે : 'એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગિયારે ઈન્દ્રિયોને આહાર કરવા દેવા નહિ. એવું વ્રત પંદર દિવસમાં એકવાર આવે તે ખબડદાર થઈને કરવું, તો તેની ઉપર ભગવાન પ્રસન્ન થાય છે; પણ તે વિના જે ઢોરલાંઘણ તેણે કરીને ભગવાન પ્રસન્ન થતા નથી.'
- અહીં **અગિયાર ઈન્દ્રિયો એટલે ૧૦ ઈન્દ્રિયો અને ૧૧મું મન**. શ્રોત્ર (કાન), ત્વક્ (ચામડી), રસના (જીભ), ઘ્રાણ (નાક) અને ચક્ષુ (આંખ) એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે તથા હાથ, પગ, વાણી, ગુદા અને શિશ્ન એ પાંચ કર્મેન્દ્રિયો છે. આ બધી જ ઈન્દ્રિયોનો **સંયમ** ન રાખે અને ફક્ત ઉપવાસ કરે એ ઢોરલાંઘણ કહેવાય.
- આ મુજબ **એકાદશી વ્રત તો જીવનના દરેક દિવસે દરેક ક્ષણે કરવાનું થાય**. એટલે કે કાનથી ફિલ્મનાં ગીતો, નિંદાની વાતો સાંભળવી નહીં. ચામડીથી અયોગ્ય સ્પર્શ કરવો નહીં. આંખથી ખરાબ વસ્તુ જોવી નહીં, જીભથી બજારનું અને આજ્ઞા બહારનું ખાવું નહીં. તથા નાકથી અપવિત્ર સુગંધ લેવી નહિ. હાથ, પગ અને વાણીથી કુકર્મ કરવાં નહિ તથા મનથી ભૂંડા સંકલ્પો ન કરવા. તથા **તમામ ઈન્દ્રિયોને ભગવાનના માર્ગે ચલાવવી. આમ થાય તો ઈન્દ્રિયોની એકાદશી થઈ કહેવાય.**
- દર ૧૫ દિવસે કરવામાં આવતી ફળાહારી એકાદશી તો ઈન્દ્રિયોની એકાદશી તરફ દોરી જતો માર્ગ છે.





# ૨૫. માંસાહાર અને વ્યસન ત્યાગ

**ગુણાતીતાનંદ** સ્વામી ફરતાં ફરતાં જૂનાગઢના **માળિયા** ગામમાં આવ્યા. ગામના ચોકમાં લીંબડા નીચે **રામો હાટી** નામનો માણસ બેઠો હતો. તે બધાં અપલક્ષણે પૂરો હતો.

સ્વામીએ પૂછ્યું, 'રામા ! **સિંહ લાડુ કે જલેબી ખાય ?**' રામાએ કહ્યું, 'ના.' સ્વામીએ પૂછ્યું, 'કેમ ન ખાય ?' રામાએ કહ્યું, '**એ એનું ભોજન નહીં.**'

સ્વામીએ કહ્યું, '...તો **માણસ પશુનું ભોજન ખાય, એ કેવું કહેવાય ?** વળી, ન પીવાનું પીએ, તે કાંઈ માણસનાં લક્ષણ કહેવાય ?'

રામો હાટી તરત સમજી ગયો ને બોલ્યો, 'સ્વામી ! આજથી **માંસાહાર**, **દારૂ** વગેરે તમામ વ્યસન **બંધ**.' પછી તેણે વર્તમાન ધરાવ્યાં.

- **માંસાહાર શા માટે ન કરાય ?**

- માંસાહાર માટે પ્રાણીઓને મારવાં એ **ક્રૂરતા** છે. એ ખૂબ મોટું **પાપ** છે.
- **મનુષ્યની શરીરરચના માંસાહાર માટે નથી.**
- **વિજ્ઞાને સ્વીકાર્યું છે** કે માંસાહારથી કેન્સર, હાર્ટએટેક, ડાયાબિટીસ, કિડની, લીવર અને પાચનતંત્રના પ્રશ્નો જેવા **અનેક રોગોની શક્યતા ખૂબ વધે છે**.
- **માંસાહારથી જ તાકાત મળે એ ખોટો ભ્રમ છે.** હાથી, ઘોડો, ગેંડો વગેરે **પ્રાણીઓ** શુદ્ધ શાકાહારી છે. છતાં **મહા શક્તિશાળી** છે.

- **ઈંડાં કેમ ન ખવાય ?**

- **પ્રમુખસ્વામી મહારાજ કહેતા** : 'બાળકોમાં તાકાત આવે તે માટે ઘણાં મા-બાપ અને ડૉક્ટરો ઈંડાં ખવડાવે છે, પણ કોણે કહ્યું કે ઈંડાંમાંથી જ તાકાત આવે છે ? આ તો સાવ અમથું તૂત છે. ઘણાં ઈંડાંને વેજિટેરિયન કહેવડાવે છે, પણ **ઈંડાં ઓછાં ઝાડ પર ઊગે છે ? એ મરઘીના પેટમાંથી નીકળે છે. તેમાંય જીવન છે**.'
- ઈંડાં કરતાં કઠોળ, મોસંબી, અનાજ વગેરેમાંથી વધુ શક્તિ મળે છે.

■ ■ ■

**ગુણાતીતાનંદ સ્વામી** વિચરણ કરતાં-કરતાં એક ગામમાં ગયા. **ગામના ચોરે સભા** થઈ. સ્વામીએ વાત કરી કે 'દારૂ, ચલમ, અફીણ, તમાકું વગેરેનું **વ્યસન** જે **છોડશે તેને** અમે દર વર્ષે **૧ ગાડું બાજરો આપીશું**.' બાજરાની લાલચે ઘણાએ વ્યસનમુક્તિનો નિયમ લીધો.

બરાબર **૧ વર્ષ પછી સ્વામી ફરી તે ગામમાં** પધાર્યા. કોઈએ પૂછ્યું, 'સ્વામી ! ક્યાં છે અમારો બાજરો ?' સ્વામી કહે, 'પહેલાં એ કહો કે નિયમ લીધા પહેલાં તમે **કેટલા રૂપિયાનું વ્યસન** કરતા હતા ?' પેલા ભાઈ કહે, '**વર્ષે ૪૦ થી ૫૦ રૂપિયા** થઈ જતા હતા.' સ્વામીએ પૂછ્યું, 'એમાંથી **કેટલાં ગાડાં બાજરો આવે ?**' પેલા ભાઈ કહે, '**બે ગાડાં.**'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી હસીને કહે, 'અમે તો તમને ૧ ગાડું બાજરો આપવાનું કહ્યું હતું. આ તો બે ગાડાં બાજરો આપ્યો. ૧ ગાડું વધ્યું તે અમને પાછું આપો.' સ્વામીની **ગણતરી સૌના મગજમાં બેઠી**. અને જેમણે નિયમ લીધા ન હતા, તે **બધાએ** પણ **વ્યસન ન કરવાની પ્રતિજ્ઞા કરી.**

- **વ્યસન કેમ ન કરાય ?**


- ગુટખા, દારૂ, બીડી, સિગારેટ, ડ્રગ્સ વગેરે અનેક પ્રકારનાં વ્યસનો છે.
- કામનું ટેન્શન, મિત્રોનું દબાણ, સ્ટેટસ, એક્ટરોનું આંધળું અનુકરણ વગેરેને લીધે લોકો વ્યસનની લતે ચઢી જાય છે, પછી એ માર્ગથી પાછા વળી શકતા નથી.
- વિશ્વમાં દર **વર્ષે** આશરે **૫૦ લાખ**

લોકો ફક્ત તમાકુના વ્યસનથી **મરે છે** !

- વ્યસનથી **શરીરનાં દરેક અંગને નુકસાન** થાય છે. અકાળે મૃત્યુ આવે છે. આવા વ્યસનીની **પત્ની વિધવા** થાય છે, **બાળકો અનાથ** થાય છે, **કુટુંબ વેરણછેરણ** થઈ જાય છે.

■ **આપણે શું કરવું ?**

- **જે લોકો માંસાહાર, વ્યસન, જુગાર વગેરે કુટેવવાળા હોય તેનો સંગ ન જ રાખવો.**
- **શક્ય હોય તો તેઓને સમજાવી શુદ્ધ જીવન જીવવા માટે પ્રેરણા આપવી.**



# ૨૬. અમારા પર દયા રાખજો

**શ્રીજી મહારાજ કચ્છ-ભૂજમાં** હતા. દૂરનાં ગામોમાંથી **કેટલાક હરિભક્તો** શ્રીજી મહારાજનાં **દર્શને** આવ્યા. સમૈયો કરી, તેઓ **વિદાય લેવા** શ્રીજી મહારાજ પાસે ગયા ત્યારે બોલ્યા, 'મહારાજ ! અમે ઘરે જઈએ છીએ. **અમારા પર દયા રાખજો.**' **શ્રીજી મહારાજે** તરત જ સામે **કહ્યું**, '**તમે પણ મારા પર દયા રાખજો.**'

ભક્તો તો ચાલી નીકળ્યા, પણ રસ્તામાં વિચારવા લાગ્યા, 'અરે ! શ્રીજી મહારાજે આપણને દયા રાખવાનું કેમ કહ્યું ?' અંદર-અંદર ચર્ચા તો થઈ, પણ **કોઈને રહસ્ય સમજાયું નહિ**.

**અડધે રસ્તેથી** તેઓ **પાછા** શ્રીજી મહારાજ પાસે આવ્યા. શ્રીજી મહારાજે પૂછ્યું, 'કેમ પાછા આવ્યા ?' તેઓ કહે, 'મહારાજ ! અમને તમારા પર દયા રાખવાનું કેમ કહ્યું ? દયા તો આપે અમારા પર રાખવાની હોય. ભગવાન તમે છો, અમે તો ભક્ત છીએ.'

શ્રીજી મહારાજ કહે, 'તો કહો જોઈએ, ભગવાન ક્યાં રહે છે ?' ભક્તોએ છાતી પર હાથ મૂકી કહ્યું, 'અહીં હૃદયમાં.'

શ્રીજી મહારાજ કહે, 'બસ ! એ જ વાત મારે તમને કરવી છે. **તમારા હૃદયમાં અમારો વાસ છે. માટે એ હૃદયને શુદ્ધ ને પવિત્ર રાખજો.** તમારા હૃદયમાં દુર્ગુણોનો કચરો હશે, તો અમારાથી ત્યાં નહિ રહેવાય. અમને તમારા શુદ્ધ હૃદયમાં રહેવું ગમે છે. માટે તેને ચોખ્ખું રાખવાની દયા રાખજો.'

ભક્તો આ રહસ્ય સાંભળી ચકિત થઈ ગયા. સૌએ ત્યારે જ નિર્ણય કર્યો, 'અમે અમારું હૃદય સાવ ચો... ખ્ખું રાખીશું !'

- **હૃદય શુદ્ધ રાખવા માટે**

૧. **પંચવર્તમાન** પાળવાં : **(૧) દારૂ** : દારૂ ન પીવો. **(૨) માટી** : માંસાહાર ન કરવો. **(૩) ચોરી** : ચોરી ન કરવી. **(૪) અવેરી** : વ્યભિચાર ન કરવો. અને **(૫) વટલવું-વટલાવું નહીં** : અયોગ્ય આહાર-વિહાર ન કરવો.

૨. ખરાબ મિત્રો, ખરાબ પુસ્તકો વગેરે **કુસંગ ન કરવો**.

૩. **સિનેમા-સિરિયલનો સંપૂર્ણ ત્યાગ** કરવો. ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલ વગેરેનો ખોટો ઉપયોગ ન કરવો.

૪. **સ્ત્રી-પુરુષ મર્યાદાનો ભંગ ન કરવો.** દરેક બાળકે દુનિયાની દરેક સ્ત્રીને માતા કે બહેન સમાન માનવી. દરેક બાલિકાએ તમામ પુરુષને પિતા કે ભાઈ માનવા. ગર્લફ્રેન્ડ-બોયફ્રેન્ડ, ડેટિંગ, ચેટિંગ, ડાન્સ વગેરે આપણી સંસ્કૃતિ નથી.

૫. નિંદા, **અભાવ-અવગુણ** તથા **કોઈનું ખરાબ કરવાના વિચારોથી દૂર રહેવું**.

૬. **નિયમિત સત્સંગ કરવો.** સત્સંગ સભા ભરવી. ઘરસભા કરવી.







# ૨૭. વાંચન કરીએ, રાજીપો મેળવીએ

એક નાનકડો બાળક. નામ તેનું **ભરત**. આણંદમાં રહે. નાનપણથી જ સત્સંગ. બાળસભામાં નિયમિત આવે. એકવાર બાળસભામાં વાત આવી, 'સત્સંગમાં ઊંડાણ મેળવવું હોય તો સત્સંગના ગ્રંથો વાંચવા પડે.' તેને આ વાતની લગની લાગી. તેણે **સત્સંગનાં તમામ પુસ્તકો વાંચી લેવાનો** મોટ્ટો **સંકલ્પ** કર્યો.

હવે તે સૂવા-ઊઠવામાં **નિયમિત** થઈ ગયો. શાળા, ટ્યૂશન, લેશન વગેરેમાં બરાબર ધ્યાન દઈ, તે **ભણવામાં પણ પહેલો નંબર જ રાખતો** હતો. પરંતુ જેવો **સમય મળે કે તે વાંચવા જ માંડે**. દિવસમાં થોડું રમી પણ લે, પણ પછી તરત જ વાંચવા માંડે.



**રવિવારના દિવસે કે રજાઓના દિવસે** તો તેને મોજ પડે. **એકધારું કલાકો સુધી વાંચ્યા રાખે.** જ્યાં જાય ત્યાં એની સાથે સત્સંગનું પુસ્તક તો હોય જ. એક પુસ્તક લે કે જ્યાં સુધી પૂરું ન થાય ત્યાં સુધી તેને ચેન ન પડે.

આ રીતે છેલ્લાં **૧૦ વર્ષમાં** તેણે સત્સંગનાં **૧૦૦ થી વધુ પુસ્તકો વાંચી લીધાં** છે. આ બધાં પુસ્તકોનાં **પાનાં** ગણીએ તો **૨૬,૦૦૦ થી વધુ** થાય ! આ વાત **સ્વામીબાપા**એ જાણી ત્યારે તેઓ ખૂબ જ રાજી થયા અને **કહે**, 'બાળક **નાનો છે પણ કામ મોટું કર્યું. મહારાજ-સ્વામી ખૂબ રાજી થશે. અંતરે શાંતિ રહેશે. અક્ષરધામ મળશે.**' આવા રૂડા આશીર્વાદ પામી ભરત પણ ધન્યતા અનુભવવા લાગ્યો.

૧૬ વર્ષની ઉંમરે **આજેય** તેની સત્સંગ **વાંચનયાત્રા ચાલુ જ** છે. સતત વાંચવાને લીધે તેનું સત્સંગનું જ્ઞાન તો વધ્યું જ છે, સાથે **પ્રવચન કળા** પણ તેના માટે સાવ સહેલી થઈ ગઈ છે. તેની **યાદશક્તિ, સંકલનશક્તિ અને સમજણશક્તિ પણ વધી** છે.

(અહીં સત્યપ્રસંગનાં નામ અને સ્થળ બદલ્યાં છે.)

- **પ્રમુખસ્વામી મહારાજ કહેતાં :**

- **'૧ વચનામૃત અને ૫ સ્વામીની વાતો દરેક સત્સંગીએ રોજ વાંચવી જ જોઈએ.** આપણે બીજા નિયમો લઈએ છીએ, પણ આ સર્વોપરી નિયમ છે.'
- 'કદાચ **સ્ટ્રેચર પર સૂતા હોઈએ** અને બેઠા થવાની શક્તિ પણ ન હોય, **તોપણ સત્સંગ પરીક્ષા આપવી** જોઈએ.'
- '**સત્સંગનું જ્ઞાન હશે**, તો આ લોક અને પરલોક બંને સુધરશે. **અખંડ શાંતિ રહેશે.** પરિવારમાંય એકતા રહેશે. **સત્સંગમાં ઊંડાણ આવશે.** જીવનો સત્સંગ થશે. **સત્સંગ કાયમ ટકી રહેશે.**'

... સ્વામીબાપા આ શબ્દો ફક્ત બોલ્યા નથી, તેઓએ આટલી મોટી સંસ્થાની જવાબદારી નિભાવવાની સાથે-સાથે જમતા સમયે, વૉકિંગ સમયે કે વ્યક્તિગત રીતે વાંચન કરી, સંસ્થાનું લગભગ દરેક પુસ્તક અનેક વાર વાંચી-સાંભળી લીધું હતું.

- **આટલું કરીએ**

આપણે સ્વામીબાપાને રાજી કરવા નીચે મુજબ કરવું જ જોઈએ.

૧. રોજ ૧ વચનામૃત અને ૫ સ્વામીની વાતો વાંચવાં.
૨. ઘરસભામાં કે વ્યક્તિગત રીતે સત્સંગના કોઈ એક પુસ્તકનું ૧ પાનું રોજ વાંચવું.
૩. મુસાફરી કે માંદગીના સમયે **ઓડિયો બુકનું શ્રવણ** કરવું.
૪. 'સત્સંગ વિહાર' પુસ્તિકાઓની **પરીક્ષા અવશ્ય** આપવી અને 'બાળસભા' પુસ્તિકાનો સમયાંતરે **મુખપાઠ** કરવો.

# ૨૮. દાનનો લહાવો લઈ લેજો

**સુરતના એક હરિભક્ત.** ઘરની **આર્થિક સ્થિતિ સામાન્ય**. એવામાં ત્યાં **શિખરબદ્ધ મંદિરનું કાર્ય શરૂ** થયું. આ હરિભક્તે **સંકલ્પ** કર્યો કે મારે આવકમાંથી **૧૦મો ભાગ ચોખ્ખો કાઢવો જ** છે. ઘરે આવી તેમણે પત્નીને વાત કરી. તેઓ પણ રાજી થયાં. બંનેએ ભેગાં થઈ **દાનકુંભ** બનાવ્યો.

હવે શરૂ થઈ દાનની યાત્રા. **પતિ અને પત્ની ખમણ વેચવાનો ધંધો કરતાં** હતાં. ખમણ બનાવવાનાં, તપેલામાં ભરવાનાં અને કારખાને-કારખાને ફરીને વેચવાનાં. **રાત્રે ઘરે આવી** બંને રોજની કમાણીમાંથી **૧૦મો ભાગ** ચોખ્ખો કાઢી **દાનકુંભમાં મૂકે**. ક્યારેક દાન મૂકવાનું ભૂલી જવાય, તો પતિ-પત્ની એકબીજાને યાદ પણ કરાવે.

ધીરે-ધીરે તેમની **આર્થિક સ્થિતિ સુધરવા લાગી.** ખમણ વેચવાની આવકમાંથી જ તેઓ બે માળનું મકાન પણ કરી શક્યાં. આજે ભલે તેઓ લાખો-કરોડોપતિ નથી, પરંતુ **અંતરમાં અને ઘરમાં સૌને શાંતિ** છે.

એકવાર **પ્રમુખસ્વામી મહારાજ સુરત** પધાર્યા હતા. સભામાં **આ હરિભક્તનો ઉલ્લેખ** થયો. તેઓ સ્ટેજ ઉપર આવ્યા. સ્વામીબાપાના **આશીર્વાદ માંગતાં કહે**, 'બાપા ! **જીવનભર** આ રીતે **૧૦મો ભાગ** ધર્માદામાં અમે અને ભવિષ્યમાં અમારી પેઢીઓ પણ **આપી શકીએ, એવા આશીર્વાદ આપજો**.' આવી પ્રાર્થના સાંભળી સ્વામીબાપા પણ ગદ્‌ગદ થઈ ગયા. અને ખૂબ આશીર્વાદ આપ્યા.

શિક્ષાપત્રીની શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ સમર્પિત ભક્તો ૫ % કે ૧૦ % ધર્માદો આપે છે. પરંતુ **ઘણા ભક્તો ૨૫ થી ૫૦ %** કે તેથી વધુ **ધર્માદો** કરી વધુ રાજીપો પણ મેળવે છે !

- **<u>સમયનો ધર્માદો</u>**

**શિવરાજભાઈ પટેલ.** તેઓ **ધરમપુર** વિસ્તારના **કાર્યકર** છે. **નોકરી માટે** રોજ ૧૬૦ કિલોમીટર દૂર **સુરત** જાય છે. સાંજે **થાક્યા-પાક્યા ઘરે** આવે. પણ **રાત્રે**





મહિનામાં ૨૦ દિવસ ધરમપુર વિસ્તારમાં થતી **સભાઓની મુલાકાત લેવા જાય**. આ મુલાકાત માટે તેમને ૭૦ થી ૮૦ કિલોમીટર મુસાફરી કરવી પડે. **મોડી રાત્રે** ૧૨-૦૦ થી ૨-૦૦ વચ્ચે **ઘરે** આવવાનું થાય ! બીજે દિવસે વહેલી સવારે ફરી નોકરીએ જવાનું !

તેમનાં માતા-પિતા અને **પત્નીએ** તેમને **કહ્યું**, 'આ રીતે **કુટાવાની શી જરૂર છે !** શરીરનું કે ઘર-પરિવારનું પણ ધ્યાન રાખવું જોઈએ. વળી, આપણા જંગલના વિસ્તારમાં હિંસક પ્રાણીઓ તથા લૂંટારાઓની પણ બીક છે.'

**શિવરાજભાઈએ** ગુસ્સે થયા વિના વાત સાંભળી અને પરિવારજનોને ધીરે-ધીરે **સમજાવવાનું શરૂ કર્યું**. તેમની નિષ્ઠા, પવિત્ર જીવન, પ્રેમભરી સમજાવટથી સૌને સાચી વાત સમજાઈ. એટલું જ નહીં તેમનાં **પત્ની** અને પિતા પણ **કાર્યકર** બની ગયાં !

(અહીં સત્યપ્રસંગનાં નામ અને સ્થળ બદલ્યાં છે.)

- આજે **બી.એ.પી.એસ. સંસ્થામાં ૨૫,૦૦૦ થી વધુ** સ્ત્રી-પુરુષ **કાર્યકરો** બાળ, યુવા, સત્સંગ તથા મહિલા સભાઓમાં સેવા આપે છે. તથા ૫૫,૦૦૦ થી વધુ હરિભક્તો સ્વયંસેવક તરીકે સેવા આપે છે. **પ્રમુખસ્વામી મહારાજે કહ્યું છે : 'આ કાર્યકરો ધોળે કપડે સાધુ છે. આ સેવાનું ફળ અક્ષરધામ છે.'**
- 'ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે : '**૧૨ આના આવરદા (ઉંમર) સંસારમાં વાપરવી અને ૪ આના સત્સંગમાં વાપરવી.** ને સંસારમાં બહુ તાણ (જરૂર) હોય, તો સત્સંગમાં ૨ આના તો વાપરવી જ. તો જ ભગવાન રાજી રહે.'

**આવા છે આપણા હરિભક્તો !**

**તનથી, મનથી અને ધનથી સમર્પણ કરવામાં ક્યારેય પાછા ન પડે. આપણે પણ આવા સમર્પિત ભક્ત બની, મહારાજ-સ્વામીને રાજી કરવા જોઈએ.**

# ૨૯. આનું નામ જોડાણ

**શ્રીજી મહારાજ ગઢડામાં** વિરાજમાન હતા. એમણે એક **નવું પ્રકરણ** ફેરવ્યું. પ્રકરણ એટલે નિયમ. **હીરાદાસ નામના પરમહંસ**ને થયું, 'આ નિયમ હું નહીં પાળી શકું.' તેથી તેઓ **સત્સંગ છોડી નીકળી ગયા**. અને એકલવાયા ફરવા લાગ્યા.


**નિષ્ઠા** તેમના **જીવમાં** હતી. નીકળ્યા છતાં તેઓ સાધુ તરીકેના તમામ નિયમો પાળતા, ભજન કરતા, ગામોગામ ફરતા અને ભાવિકોને શ્રીજી મહારાજના સર્વોપરી સ્વરૂપની વાતો કરતા.

એકવાર **રાત્રે** ૧૦ વાગ્યે તેઓ **એક ગામમાં પ્રવેશ્યા**. **એક મંદિરમાં ઉતારો** કર્યો. અહીં અન્ય **બાવા-વૈરાગીઓએ** પણ ઉતારો કર્યો હતો. ભગવાં વસ્ત્રો જોઈ **બાવાઓએ** પૂછ્યું, 'એ મહારાજ ! તુમ કિસકે સાધુ હો ?' હીરાદાસ કહે, 'સ્વામિનારાયણ કા...' સ્વામિનારાયણ નામ પડતાં જ બાવાઓ ભભૂક્યા, '**સ્વામિનારાયણ કા નામ છોડ દે, નહીં તો હમ તુઝે જલા દેંગે.**' પણ હીરાદાસને તો શ્વાસેશ્વાસે 'સ્વામિનારાયણ'નું ભજન થતું હતું. તેઓ બાવાની ધમકીને ગણકાર્યા વિના એક ખૂણામાં બેસી **ભજન** કરવા લાગ્યા.

આ જોઈ એક બાવાનો **ગુસ્સો** આસમાને ચઢ્યો. તે કહે, 'બાબુડી ! અભી



કહેતા હૂँ, સ્વામિનારાયણ કા નામ મત લે. વર્ના જલા દૂँગા.' એમ કહી બાવા બાજુમાં સળગતી ભઠ્ઠી પાસે ગયો અને ગરમ **લાલચોળ ચીપિયો** લાવ્યો. હજુ પણ હીરાદાસના હોઠે ભજન જ ચાલતું હતું. આ જોઈ બીજા બાવાએ હીરાદાસને ગરમ ચીપિયાથી **ડામ દેવાનું શરૂ** કર્યું. જેમ-જેમ **દર્દ વધે** તેમ હીરાદાસથી **વધુ ને વધુ 'સ્વામિનારાયણ' બોલાઈ જતું** હતું. તેથી બાવાઓ તેમને વધુ ને વધુ પીટવા લાગ્યા. **બાવાઓ મારતાં થાક્યા** પણ હીરાદાસના મોંમાંથી 'સ્વામિનારાયણ' **નામ ગયું નહીં !** અંતે લોહીલુહાણ અને **બેભાન** થયેલ હીરાદાસ મરી ગયા છે - એમ જાણી **બાવાઓ** ત્યાંથી **ભાગી ગયા**.



થોડા જ દિવસોમાં **હીરાદાસ ગઢડા** પાછા આવ્યા. ચાલુ સભામાં **શ્રીજી મહારાજનાં ચરણોમાં** પડી ગયા ને કહે, 'કાં તો મારા જીવમાંથી આપના સ્વરૂપનો **નિશ્ચય કાઢી નાંખો કાં તો** મને **સત્સંગમાં** પાછો **સ્વીકારો.**' એટલું કહેતાં હીરાદાસની આંખોમાંથી આંસુ સરવા માંડ્યાં. પછી શ્રીજી મહારાજના પૂછવાથી હીરાદાસે બધી વાત કરી. વાત સાંભળી શ્રીજી મહારાજની આંખો પણ ભીની થઈ ગઈ !

તેમણે બે હાથ પકડી હીરાદાસને ઊભા કર્યા. ત્યાં તો હીરાદાસના શરીર પરથી **ગાતરિયું સરકી ગયું**. આખી સભાએ જોયું કે હીરાદાસનો આખો **બરડો ને પેટ લોહીલુહાણ** હતાં. ઘણી જગ્યાએ તો **માંસના લોચા** બહાર આવી ગયા હતા !

દયાળુ **શ્રીજી મહારાજે** હીરાદાસને **પાસે બેસાડ્યા**. તેમના આખા શરીરે આશીર્વાદનો હાથ ફેરવ્યો અને **કહ્યું**, 'હીરાદાસની **પથારી** અમારી સાથે **અક્ષર ઓરડીમાં કરાવો**. એમની **સેવા અમે જાતે કરીશું**. આ ડામ હીરાદાસના શરીર પર નથી, મારા શરીર પર છે. આટલું જીવલેણ કષ્ટ પડ્યું તોય આ સાધુએ અમારું નામ છોડ્યું નહિ, તો હવે અમેય તેને નહીં તરછોડીએ.'

**આવા હતા શ્રીજી મહારાજના પરમહંસો !**

**શ્રીજી મહારાજની નિષ્ઠા એમને જીવમાં. પ્રાણ જાય પણ નિષ્ઠા ન જાય. આને કહેવાય જોડાણ. આવું જોડાણ ભગવાન અને સંતમાં થાય, ત્યારે પાકો સત્સંગ થયો કહેવાય.**

BAPS

# ૩૦. દુઃખો સામે અડગ


**મીતિયાળા** ગામમાં **વીરો શેલડિયો (વીરા ભગત)** નામે હરિભક્ત રહેતા હતા. **એ જ ગામમાં હાદા નામનો એક સત્સંગનો વિરોધી વ્યક્તિ રહેતો** હતો. એકવાર વીરા ભગત પરિવાર સાથે ગઢડા ગયા, ત્યારે તેમનાં **ઘર** વિરોધી દ્વારા **સળગાવી દેવામાં આવ્યાં.** વીરા ભગત આવ્યા ત્યારે હાદાએ કહ્યું, 'જો! તું સ્વામિનારાયણનો થયો ને ગઢડા ગયો. તેમાં તારું શું સારું થયું ?'

ત્યારે વીરા ભગત કહે, 'સ્વામિનારાયણે તો મારું બહુ સારું કર્યું. ગઢડા ગયા તેથી હું, મારો પરિવાર, પેલું ગાડું ને આ અનાજની કોઠીઓ બચી ગયાં. **સ્વામિનારાયણે તો મારાં ઘરનાંય પાપ બાળ્યાં !**'

▪ ▪ ▪

**નેનપુર** ગામમાં **દેવજીભગત** રહેતા હતા. તે અને તેમનાં પત્ની પાક્કાં સત્સંગી હતાં. તેમને એક દીકરો હતો. તે શ્રીજી મહારાજની મૂર્તિને અખંડ દેખતો હતો.

પરંતુ યુવાનીમાં જ તે ધામમાં ગયો. **યુવાન દીકરો ધામમાં** જાય તેનું દુઃખ કોને ન થાય ?



પણ દેવજી ભગત અને તેમનાં પત્નીએ વિચાર્યું, **'જેવી શ્રીજી મહારાજની ઈચ્છા.** દીકરો પરણીને મૂર્તિ ભૂલી જાત, એ કરતાં શ્રીજી મહારાજે તેને પોતાની અખંડ સેવામાં લઈ લીધો.'

સમાચાર મળતાં સૌ સગાં ખરખરો કરવા આવવા લાગ્યાં. એટલે **દેવજી ભગતે** તેમનાં **પત્નીને કહ્યું**, 'આપણે અહીં રહીશું તો સગાં રોકકળ કરશે ને ભજન થવા નહીં દે. માટે **હું જાઉં છું ખેતરે** અને **તમે** આ ઘીનો ઘડો લઈ **શ્રીજી મહારાજ પાસે ઊપડો**.'

પટલાણી જ્યારે **ગઢડા** પહોંચ્યાં, ત્યારે શ્રીજી મહારાજ દરબારની ઓશરીમાં બિરાજમાન હતા. ઘીનો ઘડો નીચે મૂકી પટલાણી પગે લાગ્યાં. **શ્રીજી મહારાજ** તો અંતર્યામીપણે બધું જાણતા જ હતા, છતાં તેમણે હસીને પૂછ્યું, 'કેમ, **પટેલ સુખી તો છેને ?**' પટલાણી કેફમાં કહે, 'મહારાજ! **પટેલ સુખી તો હતા જ ને હવે વધુ સુખી થયા.**' પછી પટલાણીએ માંડીને બધી વાત કરી.

ત્યારે **શ્રીજી મહારાજ રાજી** થઈ કહે, **'દેવજી ભગતની સમજણ તો જુઓ !** યુવાન દીકરો ધામમાં ગયો તોય જરાય શોક કરતા નથી.'

સાંભળનારા સૌ દેવજી ભગત અને તેમનાં પત્નીની સમજણ જોઈ, તેમને મનોમન પગે લાગ્યાં.

■ ■ ■

**ગોઠિબ ગામના કડવા ભગત જન્મથી અંધ** હતા. પણ શ્રીજી મહારાજની મૂર્તિને અંતરમાં દેખતા હતા. એકવાર તેઓ માંદા થયા. **પેટમાં** એવી **ચૂંક** આવે કે મોટી **રાડ પડાવી દે**. ત્યારે પણ કડવા ભગત બોલતા, 'હે મહારાજ ! લેવી હોય તેટલી આ કડવાની **પરીક્ષા લો**. દેવું હોય તેવું દુઃખ દો. હું જાણું છું કે તમે ઊભાં-ઊભાં જુઓ છો, એટલે **કડવો મોઢેથી** એમ **નહીં કહે કે** મારું **દુઃખ ટાળો**.'

**આવા હતા શ્રીજી મહારાજના ભક્તો !**

**ગમે તેવું દુઃખ આવે. સત્સંગ જરાય ઓછો ન થાય. ધંધા-વ્યવહારમાં ખોટ જાય, શરીરમાં રોગ આવે, ઘરમાં કોઈનું મૃત્યુ થાય વગેરે ગમે તેવાં દુઃખો આવે તેમને મન એક જ વિચાર રહે કે, 'જેવી શ્રીજી મહારાજની ઈચ્છા. તેઓ જે કરે છે, તે સારા માટે જ કરે છે.'**

શ્રીજી મહારાજ કહે છે : 'દેહમાં કોઈ દીર્ઘ રોગ આવી પડે, અન્ન-વસ્ત્ર ન મળે, ઇત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ આવે, તોપણ ભગવાનની ભક્તિ, નિયમ-ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે, રતીવા સરસ થાય, તેને ખરો હરિભક્ત કહીએ.'


(વચનામૃત : ગઢડા અંત્યનું ૨૫મું)



# ૩૧. ઉકાખાચરની સેવા

સવારનો પહોર હતો. એક પછી એક હરિભક્તો **ગઢડા**માં અક્ષર ઓરડી તરફ જતા હતા. પણ જે **ઓટલા ઉપર** શ્રીજી મહારાજ સભા કરવાના હતા, તેના પર **કૂતરું મળ** કરી ગયું હતું. 'અરર ! કૂતરાએ આ શું કર્યું. હવે સભા ક્યાં થશે ?' એમ **અંદર-અંદર ચર્ચા કરી**, નાક દાબી **સૌ ત્યાંથી ચાલ્યા જતા હતા**. બધાને થતું, 'આ મળ સાફ કરવા રહીશું, તો ફરી સ્નાન કરવું પડશે ને શ્રીજી મહારાજનાં દર્શન જશે.'

થોડીવારમાં **ઉકાખાચર** લીંબડાના ઝાડ નીચેના એ ઓટલા પાસે **આવ્યા**. તેમણે પણ આ દૃશ્ય જોયું. કાંઈપણ બોલ્યા વિના **સાવરણો અને પાણી લઈ તેમણે ઓટલો સાફ કરી નાંખ્યો**. પછી ઘેલા નદીએ જઈ, ફરી સ્નાન કરી શ્રીજી મહારાજનાં **દર્શને** પહોંચ્યા. આજે તેઓ **મોડા પડ્યા** હતા. સૌને ધારણા હતી કે, મોડા આવવા બદલ શ્રીજી મહારાજ ચોક્કસ ઠપકો આપશે.



પણ આ શું ?! હકીકત જાણી **શ્રીજી મહારાજ ખૂબ રાજી** થયા ને ઊભા થઈ તેમને **ભેટી પડ્યા**. છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને સૌને સંબોધીને બોલ્યા, 'કૂતરાનું મળ જોઈ તમે સૌએ ફક્ત વાતો કરી, પણ સેવા ન કરી. પરંતુ જેને **અમારો ખરો મહિમા સમજાયો હોય, તે જ આવી નીચી સેવા કરી શકે**. ઉકાખાચર અમારા ખરેખરા સેવક છે.'


ઉકાખાચરની સેવા માટેની **શ્રદ્ધા ખરેખર અદ્‌ભુત** હતી. **તેઓ તથા તેમનાં પત્ની** સવારમાં વહેલાં ઊઠતાં. સ્નાન-પૂજાથી પરવારી, **સંતો ૪ વાગ્યે ઊઠે તે પહેલાં, દરરોજ દાદાખાચરના દરબારથી ઘેલા નદી સુધીનો રસ્તો વાળી નાખતાં**. રસ્તા પરના કાંટા-કાંકરા પણ વીણી લેતાં, કે જેથી શ્રીજી મહારાજ અને સંતો-ભક્તો સ્નાન કરવા પધારે ત્યારે કોઈને કાંઈ વાગે નહીં. ઉનાળામાં તો દરરોજ રસ્તો વાળ્યા બાદ **પાણી** પણ **છાંટી દેતાં**, જેથી સૌને ઠંડકનો અનુભવ થાય. ઉકાખાચરને **સેવાનું** આવું **વ્યસન** પડ્યું હતું. શ્રીજી મહારાજના **સંબંધવાળા તમામ સંતો-હરિભક્તોનો મહિમા** સમજી, શ્રીજી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત થાય તે માટે ઉકાખાચર **એકધારી સેવા** કરતા હતા.

ઉકાખાચર આખા સંપ્રદાયમાં તેમના નિર્માનીપણા માટે તથા સેવાના અંગ માટે પ્રસિદ્ધ છે. શ્રીજી મહારાજે તેમની સેવાથી પ્રસન્ન થઈ **વચનામૃત ગઢડા મધ્ય ૨૫**માં જણાવ્યું છે કે 'જેને **ઉકાખાચરના જેવું સેવા કરવાનું વ્યસન હોય** તેની **વાસના તત્કાળ નાશ પામે** છે.' વ્યસન એટલે તે કર્યા વિના રહેવાય નહિ તેવી લગની.

**આવા હતા શ્રીજી મહારાજના ભક્તો !**

**સેવા એ એમનું જીવન. સેવાનું એવું વ્યસન કે કર્યા વિના રહી જ ન શકે. ગમે તેવી નીચી સેવા હોય તોય મહિમાથી અને ઉમંગથી કરે.**

આપણા મંદિરમાં ને મંડળમાંય સેવા તો હોય જ છે. ચર્ચા કરનારા ઘણા હોય, પણ આપણે સેવાની તક ઝડપી લેવી જોઈએ. તો શ્રીજી મહારાજ આપણા પર રાજી થાય.
અને આપણી વાસના ટળે.





# ૩૨. આજ્ઞા પાળે તેને લાભ જ લાભ

**ભાદરા ગામમાં** ઘણા સત્સંગી રહેતા હતા. એકવાર ત્યાં **શ્રીજી મહારાજનો પત્ર આવ્યો**. એમાં ૮ કણબી પટેલ **ભક્તોનાં નામ** હતાં. પત્રમાં લખ્યું હતું કે 'પત્ર મળે કે તરત જ આ આઠેય ભક્તો **ગઢપુર આવે**.'

જે વખતે **ભક્તોને પત્ર મળ્યો** ત્યારે ખેતરમાં બાજરાનો પાક તૈયાર થઈ ગયો હતો. ફક્ત લણીને ઘરમાં લાવવાનો જ બાકી હતો. ૨-૩ મહિનાની મહેનત એમ એળે કેમ જવા દેવાય ? તેથી **૪ ભક્તોએ વિચાર્યું**, 'આજ્ઞાની વાત બરાબર છે, પણ આપણું કામ પણ જરૂરી જ છે. વળી, શ્રીજી મહારાજ કેટલું રોકશે, એ પણ ક્યાં નક્કી છે! માટે **પાકનો બંદોબસ્ત કરી** પછી **ગઢડા જઈશું**.'

બીજી બાજુ બીજા **૪ ભક્તો** તો **પત્ર મળતાંની સાથે જ ગઢડા જવા નીકળી ગયા**. 'પાકનું શું થશે ?' એવો વિચાર પણ તેમને ન આવ્યો. ઊભો મોલ શ્રીજી મહારાજના ભરોસે મૂકી તેઓ ગઢડા પહોંચી ગયા. **શ્રીજી મહારાજે** પણ તેમને **૧૫ દિવસ રોક્યા**. તેઓ આ ચાર ભક્તોને રોજ પોતાના થાળની પ્રસાદી પણ આપતા.


કથાવાર્તા, દર્શન, પ્રસાદી વગેરેનું સુખ લઈ આ **૪ ભક્તો પાછા ભાદરા** પહોંચ્યા. ગામમાં પ્રવેશ્યા ને તેઓ સ્તબ્ધ થઈ ગયા ! **રસ્તાનાં બધાં ખેતરો ઉજ્જડ** હતાં. બધો મોલ આડેધડ ખૂંદાઈ ગયો હતો. તેમને શંકા થઈ કે 'જરૂર આપણાં ખેતરો પણ ઉજ્જડ થઈ ગયાં હશે.' તેથી તેઓ

પોતાનાં ખેતરે જવા નીકળ્યા. **રસ્તામાં પેલા ૪ હરિભક્તો મળ્યા**. તેમણે રડતાં-રડતાં વાત કરી કે, 'તમે ગયા ને બીજે જ દિવસે **બાબા સાહેબનું કટક** આવ્યું ને તેમના ઘોડાઓએ ગામનાં બધાં ખેતરોમાંથી **પાક સાફ** કરી નાંખ્યો. **ફક્ત તમારાં ચારેયનાં ખેતરો અકબંધ** છે.'

ગઢડા જઈ આવેલા આ હરિભક્તોને આશ્ચર્ય થયું, 'એવું કઈ રીતે બન્યું ?' પેલા ભક્તો કહે, '**તમારા ખેતરમાં કોઈ દાખલ થવા જતું કે વીજળીનો ઝાટકો વાગતો.** વળી, ખેતરને કિનારે કિનારે માણકી ઘોડીના ડાબલા હજુ પણ દેખાય છે. તમે શ્રીજી મહારાજની **આજ્ઞા પાળી** તો દર્શન પણ થયાં અને **શ્રીજી મહારાજે** તમારો **પાક પણ સાચવ્યો**. અમે **આજ્ઞા લોપી તો બેય ખોયું.**'

**આવો છે આજ્ઞાપાલનનો મહિમા !**

**આજ્ઞા પાળે તેને લાભ જ લાભ. અને આજ્ઞા લોપે તેને નુકસાન જ થાય. માટે આપણે પણ ભગવાન અને સંતની નાની-મોટી તમામ આજ્ઞા શંકા કર્યા વિના, ખૂબ જ વિશ્વાસથી, તરત જ પાળવી જોઈએ.** તો ભગવાન અને સંત આપણી ઉપર રાજી થાય અને આપણી રક્ષા કરે.





# 33. ભગવાન કરે તે દિવ્ય

ગામનું નામ **વરજાંગજાળિયા**. **શ્રીજી મહારાજ** ત્યાં **હીરાભાઈના ઘરે** પધાર્યા અને કહે, 'અમારે **બીમારી** ગ્રહણ કરવી છે.' હીરાભાઈ દિવ્યભાવવાળા ભક્ત હતા. તેથી સહર્ષ કહે, 'અમારાં ભાગ્ય કે અમને આપની દિવ્ય સેવા મળશે.' પછી શ્રીજી મહારાજ એક એકાંત ઓરડીમાં રહ્યા. **રાત્રે જ** તેમને અચાનક **ખૂબ તાવ ચઢ્યો**. શરીર આખું લાલઘૂમ થઈ ગયું ! જોઈને સૌ ડરી ગયા. શ્રીજી મહારાજે કહ્યું તેથી સેવકોએ ગોદડાં ઓઢાડ્યાં અને તેઓ સૂઈ ગયા.

સવારે ઊઠીને તેમણે **અન્ન અને જળનો ત્યાગ** કર્યો. આમ ને આમ **૧૧ દિવસ**ના સળંગ **ઉપવાસ** થયા. સેવકો ઉપાડે ત્યારે સ્નાન થાય એવી પરિસ્થિતિ આવી ગઈ.

કોઈએ મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. સ્વામીએ ભોજન માટે વિનંતી કરી, તો કહે, 'અમને જમવાની રુચિ જ થતી નથી.' એમ કહી કોઈનેય ન સમજાય તેવું બોલવા લાગ્યા. અને **બધાના અંતરમાં ચાલતા સારા-ખરાબ વિચારો કહેવા લાગ્યા**.

એક દિવસ અચાનક ઢોલિયા ઉપર ઊભા થઈ તેઓ **તલવાર વીંઝવા લાગ્યા**. સેવકોએ રોક્યા તો કહે, 'હું અસુરોનો સંહાર કરું છું.' **ઉપવાસનો ૧૩મો દિવસ** હતો, તેથી **મુક્તાનંદ સ્વામીએ** જમવા માટે ફરી **ખૂબ વિનંતી** કરી તો કહે, 'ચાલો જમીએ. પેંડા, બરફી અને **જલેબી** મંગાવો. એ ન મળે તો **જવનો પોંક લાવો**.' હીરાભાઈ કહે, 'અડધી રાત્રે જલેબી ક્યાંથી લાવવી ?' ભગુજી કહે, 'મહારાજ ! આસો માસમાં જવ ક્યાંથી હોય?' આવું સાંભળી શ્રીજી મહારાજ વધુ ગુસ્સે થયા ને બોલવા લાગ્યા, 'ભૂજના બજારમાં જોઈએ એટલી જલેબી મળે છે. વળી, લાખો મણ જવનો પાક ઊભો છે. મને થોડાની ના પાડો છો ?'

આવું સાંભળી **હીરાભાઈ રાતોરાત ભાયાવદર** ગયા. **અડધી રાતે કંદોઈને જગાડ્યો**. તેણે અડધી રાતે જલેબી બનાવી આપી. આ બાજુ **ભગુજી** ક્યાંકથી **બાજરાનો પોંક પણ લઈ આવ્યા**. શ્રીજી મહારાજ બંને વસ્તુ જોઈ રાજી થયા ને **થોડું જમ્યા**. પણ પછી બોલ્યા, 'મારે અત્યારે જ **૧૦૦ બેડાં ગંગાજળથી સ્નાન કરવું છે**. અને એ પાણીનો **રેલો વેણુ નદી સુધી પહોંચવો જોઈએ**.' તાવમાં કોઈને ઠંડા પાણીથી કેમ નવડાવાય ! એ બીકે ભગુજીએ **૧૦ બેડાં જળથી** શ્રીજી મહારાજને **સ્નાન** કરાવ્યું. પછી એક **વાટકી** જળ **ભરી** કોઈને કહ્યું, 'આ જળ **વેણુમાં** નાંખી આવો.' પેલા ભક્ત આવ્યા ત્યારે ભગુજી બોલ્યા, 'મહારાજ ! રેલો વેણુ સુધી પહોંચી ગયો.'

આવા દિવ્યભાવવાળા સંતો-ભક્તોની સેવા જોઈ શ્રીજી મહારાજે તાવ ઉતારી દીધો ને જમીને આરામમાં ગયા. પણ બીજે દિવસે સવારે અચાનક જ બોલવા લાગ્યા, '**ગાડું લાવો, હાલ જ ગઢડા જવું છે.**' સેવક ગાડું લાવ્યા, ત્યારે ગાડા પર આડા પડી શ્રીજી મહારાજ કહે, '**ગાડું ટૂંકું** પડે છે. **ખેંચીને લાંબું કરો.**' આવું



સાંભળી તેમને રાજી કરવા સંતો-ભક્તો ગાડું ખેંચવા લાગ્યા. એટલામાં ગાડાનાં **કડાં ખખડ્યાં**. તેથી શ્રીજી મહારાજ નીચે ઊતરી ગયા ને કહે, 'ગાડામાં કાંઈક **દગો લાગે છે**.'

પછી ભક્તોએ **ડોલી** મંગાવી. તેમાં બેસી શ્રીજી મહારાજ **ઉપલેટા** પહોંચ્યા. ત્યાં ગઢડાથી **સિગરામ** આવી ગયો. તેમાં બેસી શ્રીજી મહારાજ **ઝાંઝમેર** ગામે પધાર્યા. ત્યાં **નગો બાબરિયો** દર્શને આવ્યો હતો. તેને જાળિયાની દિવ્ય લીલા જોઈ **શંકા** થઈ હતી, તેથી શ્રીજી મહારાજે તેને **વિરાટ સ્વરૂપ દેખાડ્યું**. પછી કરિયાણા થઈ શ્રીજી મહારાજ ગઢડા પધાર્યા અને મંદવાડની **મનુષ્યલીલાની સમાપ્તિ** થઈ.

**આવા હતા શ્રીજી મહારાજના સંતો-ભક્તો !**

**ભગવાન ગમે તેવી મનુષ્યલીલા કરે, તોય દિવ્યભાવ રાખે. ભગવાન અને સંતની દરેક લીલામાં આવો દિવ્યભાવ રહે, ત્યારે સાચા ભક્ત બનાય છે.**



# ૩૪. તપસ્વી ધ્રુવ

**ઉત્તાનપાદ** નામના એક **રાજા**. તેમને **બે રાણીઓ**. એકનું નામ **સુરુચિ**. તે **માનીતી** રાણી. એના **પુત્ર**નું નામ **ઉત્તમ**. બીજી રાણીનું નામ **સુનીતિ**. તે **અણમાનીતી**. એના **પુત્ર**નું નામ **ધ્રુવ**. બંને પુત્રો સરખી ઉંમરના.

એકવાર **ઉત્તમ પિતાના ખોળામાં** રમતો હતો. **ધ્રુવ ત્યાં** આવ્યો. પિતાનો પ્રેમ પામવા તે પણ ખોળામાં **ચઢવા દોડ્યો**, પણ રાણી **સુરુચિએ** તેને અટકાવ્યો ને **ધમકાવ્યો**, 'તારે **એ અધિકાર લેવો હોય તો ભગવાનને પ્રાર્થના કર** કે તને મારા પેટે જન્મ મળે !' આવું સાંભળી **ધ્રુવ રડતો-રડતો માતા** સુનીતિ **પાસે** ગયો. સુનીતિ રાણી **સંસ્કારી માતા** હતાં. તેમણે પુત્રને સમજાવ્યું, 'બેટા ! આ વાતનું દુઃખ ન લગાડતો. આ દુઃખમાંથી મુક્તિ મેળવવી હોય, તો **તપ કરી ભગવાનને પ્રસન્ન કર**. તારા પરદાદા બ્રહ્માજી અને દાદા સ્વાયંભુવ મનુએ પણ ભગવાનની આરાધના દ્વારા જ લોક અને પરલોકમાં શ્રેષ્ઠ પદ મેળવ્યું હતું.'

**ધ્રુવ ક્ષત્રિય પુત્ર** હતો. સાવકી માતાનાં કડવાં વચનો અને પોતાની માતાનાં પ્રેમભર્યાં વચનો તેના હૃદય સુધી પહોંચી ગયાં હતાં. તેથી માતાના આશીર્વાદ લઈ તે **જંગલ તરફ** ચાલ્યો. તેની **ઉંમર ફક્ત પાંચ વર્ષની** હતી. માર્ગમાં **નારદજી** તેને **સમજાવવા આવ્યા**, 'અરે ધ્રુવ ! તું ખૂબ નાનો છે. ભગવાન તો મોટા-મોટા જોગીઓને પણ મળતા નથી. માટે પાછો ઘરે જા.'

આવું સાંભળી ધ્રુવે મક્કમતાથી કહ્યું, 'હું ઘરે જવા નહીં, ભગવાન મેળવવા નીકળ્યો છું. મને માર્ગદર્શન આપો.' બાળકની **દૃઢતા જોઈ નારદજીએ** ધ્રુવને તપ કરવાની વિધિ શીખવી ને **'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્ર આપ્યો**. પછી ધ્રુવ **યમુના નદીને કિનારે મધુવનમાં** પહોંચ્યો. અને **એક પગે ઊભા રહી તપ** કરવા લાગ્યો. મહિને દર મહિને તેણે ખોરાક ઘટાડવા માંડ્યો. **પાંચમા મહિને** તો પ્રાણાયામ સિદ્ધ કરી અન્ન-જળ તો શું, પણ **શ્વાસ લેવાનુંય બંધ** કરી દીધું ! ધ્રુવને હવે ભગવાન સિવાય કોઈ ચિંતવન થતું ન હતું.

**હિંસક પ્રાણીના અવાજ** આવે, **શરીર પર સાપ** ચઢે, વાવાઝોડું કે વરસાદ આવે વગેરે **કાંઈ પણ** તેને **તપથી ડગાવી શકતું નહિ**. આવું કઠોર તપ જોઈ **ભગવાન વિષ્ણુ પ્રસન્ન** થયા અને તેમણે ધ્રુવજીને **દર્શન** આપ્યાં.

ભગવાનનાં દર્શન કરી તે એટલો અભિભૂત થઈ ગયો કે તેનાં મોંમાંથી શબ્દ જ નીકળે નહીં ! ત્યારે વિષ્ણુ ભગવાને તેના ગાલે શંખ અડાડ્યો. તેથી **ધ્રુવજીએ ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી**. ભગવાને પ્રસન્ન થઈ તેને **વરદાન** આપ્યું કે, 'આટલી નાની ઉંમરે તેં આટલું મોટું તપ કર્યું છે, તો જા... તારી ઇચ્છા મુજબ નક્ષત્ર અને તારામંડળ તારી પ્રદક્ષિણા કરે, એવું **અવિચળ ધ્રુવ પદ તને આપું છું**.'

**આવો હતો બાળભક્ત ધ્રુવ !**

**અચળ, તપસ્વી અને ધ્યેયનિષ્ઠ. આજે પણ આકાશમાં ધ્રુવનો તારો આપણને ધ્રુવની યાદ અપાવે છે અને તપ કરી ભગવાનને રાજી કરવાની પ્રેરણા આપે છે.**

BAPS



# ૩૫. 'સ્વામીની વાતો' જાદુગારી



સંવત્ ૧૯૧૨. **ગુણાતીતાનંદ સ્વામી આણંદ** પધાર્યા હતા. પધરામણી સમયે આચાર્યશ્રી **રઘુવીરજી મહારાજ સાથે** તેઓ **સિગરામમાં** બેઠા હતા. રઘુવીરજી મહારાજે સ્વામીને **પેંડો** આપ્યો, પણ **સ્વામીએ ખાધો નહીં**. આ જોઈ **આચાર્ય મહારાજ બોલ્યા**, 'સ્વામી ! અમને તો આપના જેવો વૈરાગ્ય નથી. **અમારું શું થશે ?**' સ્વામી કહે, 'તીર્થવાસી થઈ **જૂનાગઢ આવો**. તમારી **ગ્રંથિ** (વાસના) ન **ગાળી દઉં**, તો હું ગુણાતીત નહીં.'

આ શબ્દો **રઘુવીરજી મહારાજ**ને હૃદયમાં ચોંટી ગયા. સંવત્ ૧૯૧૭માં ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપી તેઓ સંવત્ ૧૯૧૮માં **જૂનાગઢ** જવા નીકળી ગયા. માન-મોટપ, રંગ-રાગ, વૈભવ બધું જ એક ઝાટકે છોડી દીધું. ને **તીર્થવાસી બની** સ્વામીનો **સત્સંગ** કરવા લાગ્યા. તેઓ મંગળા આરતી પહેલાં તૈયાર થઈ જતા. પછી સ્વામીની કથા સાંભળતા. સ્વામીની વાતોનો તેમને એવો તે રંગ ચઢ્યો કે **સૂવાનું અને જમવાનું પણ ગૌણ** થઈ ગયું. ઉતારે જઈ તેઓ ઝડપથી બાટી બનાવતા અને ખીચડીમાં જ શાક નાંખી, બાટી અને શાકવાળી ખીચડી જમી લેતા.

એકવાર તેઓએ **સ્વામીને પૂછ્યું**, '**અંતરમાં ટાઢું કેમ થાય ?**' સ્વામી કહે, 'ગાયના વાછરડાને દૂધનું સુખ આંચળમાંથી આવે, બીજેથી ન આવે; તેમ **સત્સંગ**, મૂર્તિઓ, શાસ્ત્ર, આચાર્ય વગેરે **શ્રીજી મહારાજનું શરીર** છે, પણ મોટા **એકાંતિક સંતમાં શ્રીજી મહારાજ અખંડ** રહ્યા છે. તેનો સત્સંગ કરે ત્યારે શ્રીજી મહારાજનું ચહચહ સુખ આવે છે.'

ગુણાતીતાનંદ સ્વામીના મુખે શ્રીજી મહારાજના સર્વોપરીપણાનાં, બ્રહ્મરૂપ થવાનાં, સત્પુરુષમાં જોડાવાનાં અને વિષયમુક્તિનાં વચનો સાંભળી ફક્ત **સાડા ત્રણ મહિનામાં** રઘુવીરજી મહારાજની **ગ્રંથિઓ ગળી ગઈ**.

**આવી છે ગુણાતીતાનંદ સ્વામીની વાતો !**

**એ સાંભળવાથી પંચ વિષયો ઊડી જાય. સાંભળનાર બ્રહ્મરૂપ થઈ જાય. એકાંતિક થઈ જાય ને અક્ષરધામનો અધિકારી થઈ જાય.**

■ **<u>સ્વામીની વાતો : ઇતિહાસ અને માહિતી</u>**

- **જૂનાગઢમાં** ગુણાતીતાનંદ સ્વામી **૪૦ વર્ષ** રહ્યા હતા. તેઓ જે **વાતો** કરતા તે જાગા ભક્ત, ઠક્કર નારણપ્રધાન, હરિશંકર રાવળ, સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી, સદાશંકર અમરજી, શામજીભાઈ વગેરે **સંતો-ભક્તો નોંધી લેતા**. આમ 'સ્વામીની વાતો'નો જન્મ થયો.
- આ બધી વાતો **સ્વામીએ ખુદ** સાંભળીને **પ્રમાણભૂત કરેલી** છે. ને કહ્યું છે, 'આ વાતુંમાં એકે શબ્દ આઘોપાછો નથી.'
- સ્વામીની વાતોના મુખ્ય ગ્રંથમાં કુલ **૭ પ્રકરણ** છે. જેમાં કુલ **૧,૪૮૯** નાની-મોટી **વાતો**નો સમાવેશ થયેલો છે. **આ સિવાય**ની બીજી વાતો '**અક્ષરામૃતમ્**' નામથી પ્રકાશિત થયેલ છે.

■ **<u>સ્વામીની વાતોની વિશેષતા</u>**

- સ્વામીની વાતો **'વચનામૃત'નું શ્રેષ્ઠ ભાષ્ય** છે. એટલે કે વચનામૃત સમજવા માટે સ્વામીની વાતોનું અધ્યયન કરવું જ પડે.
- સ્વામીની વાતોમાં શ્રીજી મહારાજના **સર્વોપરીપણાનું જ્ઞાન** ઠાંસોઠાંસ ભર્યું છે. એ જ સ્વામીની વાતોની સૌથી મોટી વિશેષતા છે.
- સ્વામીની વાતો **નાની, સરળ અને** ખૂબ જ **વેધક** છે. સાદા ગામઠી શબ્દોમાં સ્વામીએ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવાની વાત સચોટ રીતે સમજાવી દીધી છે.
- 'સ્વામીની વાતો'નો મહિમા ગુણાતીતાનંદ સ્વામી પોતે જ કહે છે : 'આ તો **અક્ષરધામની વાતું** છે. આ વાતું તો **જાદુ** છે. આ તે કાંઈ વાતું છે, આ તો **અમૃત** છે. આવી વાતું બીજે ક્યાંય નથી. આ તો **પુરુષોત્તમનારાયણની વાતું** છે. આ વાતું **ફરી જન્મ થવા દે તેવી નથી**.'
- 'સ્વામીની વાતો' સંપ્રદાયના ભક્તોથી માંડીને વિશ્વના દરેક મુમુક્ષુને માર્ગદર્શન આપતો અદ્‌ભુત ગ્રંથ છે.

# ૩૬. પાંદડે પાંદડે સ્વામિનારાયણ

જૂનાગઢ જિલ્લામાં **વંથળી** નામે ગામ છે. ત્યાં **કલ્યાણભાઈ** નામના એક નિષ્ઠાવાન હરિભક્ત રહેતા હતા. તેઓને **બીજાને સત્સંગ કરાવવાની ખૂબ ધગશ** હતી. તેઓ પોતાના ખેતરમાં કામ કરતા **મજૂરોને** પણ વાતો કરી **સત્સંગી** કરતા. **દર વર્ષે નવા મજૂરો** રાખી તેમને સત્સંગ કરાવતા.

પશુ માટે **લીલું ઘાસ લેવા કોઈ દૂરના ખેતરે જતું હોય**, ત્યારે કલ્યાણભાઈ કહેતા, **'મારા ખેતરમાંથી ઘાસ લઈ લો.'** પછી પોતે તેમની સાથે ઘાસ કાપવા બેસતા અને સત્સંગની **વાતો** કરતા. તેઓ જરૂર હોય તેને પૈસા ઉધાર આપીને પણ સત્સંગના યોગમાં લાવતા. તેમણે અનેક **યુવાનોને** જૂનાગઢ **સાધુ** થવા પણ મોકલ્યા હતા!

તેમના ખેતરની **બાજુમાં એક પટેલનું ખેતર** હતું. તેઓ સત્સંગની વાત સાંભળતા જ ન હતા. **કલ્યાણભાઈએ નક્કી કર્યું** કે તેમને મારે **સત્સંગી કરવા**. તેથી એક વાર તેઓ પટેલને કહે, 'મારે **શેરડીનો વાઢ** તૈયાર છે. તેમાં તમે **ભાગ રાખો તો સારું**.' પણ પટેલે ચોખ્ખી **ના** પાડી દીધી.

પટેલે જ્યારે તેમનાં પત્નીને આ વાત કરી ત્યારે **પત્ની** કહે, 'ઝાઝી **મહેનત કે ખર્ચ નથી**. તૈયાર ભાણે ભોજન મળ્યું છે, **તો જવા કેમ દો છો !**' બીજે દિવસે પટેલે કલ્યાણભાઈને કહ્યું, 'હું **ભાગ** રાખીશ, પણ કામ કરવા નહીં આવી શકું.' કલ્યાણભાઈ કહે, '**કામ અમે કરીશું.** તમે દિવસે એકવાર જોવા આવજો.' આ સાંભળી પટેલને કલ્યાણભાઈનો **ઘણો ગુણ** આવ્યો.

કલ્યાણભાઈએ ધીરે-ધીરે કરતાં પટેલને શ્રીજી મહારાજની **વાત કહેવાની શરૂ** કરી. પટેલને એવો **રસ** પડ્યો કે તેઓ શ્રીજી મહારાજની **મૂર્તિનાં દરેક ચિહ્ન યાદ** કરવા લાગ્યા. એકવાર **શ્રીજી મહારાજે પટેલને દર્શન આપ્યાં** અને કહ્યું, 'તમારે **એક ચિહ્નનું ધ્યાન કરવાનું રહી જાય છે.**'

પટેલે બીજા દિવસે કલ્યાણભાઈને આ વાત કરી. ત્યારે **કલ્યાણભાઈ** કહે, 'અહો ! તમને શ્રીજી મહારાજે દર્શન દીધાં ! **તમારાં** બહુ મોટાં **ભાગ્ય** કહેવાય. અને **મારી જ ભૂલ** હતી કે હું એક ચિહ્ન તમને કહેવાનું જ ભૂલી ગયો હતો.'

આ રીતે કલ્યાણભાઈએ પટેલને ખરેખરા નિષ્ઠાવાન સત્સંગી કરી દીધા.

- **શ્રીજીના સંકલ્પમાં ભળીએ**

**શ્રીજી મહારાજે સંકલ્પ** કર્યો છે કે અનંત કોટિ બ્રહ્માંડના જીવોનું કલ્યાણ કરવું.



એ સંકલ્પ પૂર્ણ કરવા માટે **આપણે નિમિત્ત બનવાનું છે**. આખી **દુનિયાના લોકો** જુદા-જુદા **દુઃખમાં** પીડાય છે. સૌને અખંડ સુખ જોઈએ છે. એ **સુખ મેળવવા** માટે **બ્રહ્મરૂપ થવું પડે અને પરબ્રહ્મની ભક્તિ કરવી પડે**. **એ વાત આપણી પાસે છે.**

શ્રીજી મહારાજના આ સંદેશ દ્વારા દુનિયાના લોકોનું સૌથી વધુ હિત થઈ શકે તેમ છે. શ્રીજી મહારાજે સંકલ્પ કરી જ દીધો છે, **આપણે** તો **ફક્ત** નિમિત્ત બની સૌને આ **સંદેશ પહોંચાડવાનો છે**. સામેવાળાના હૃદયમાં **પ્રવેશ તો શ્રીજીમહારાજ જ કરશે**.

■ **શ્રીજી મહારાજનો સંદેશ સમગ્ર વિશ્વમાં પહોંચાડવા માટે**

૧. **અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન** અને **બી.એ.પી.એસ. સંપ્રદાયનો ઇતિહાસ ઊંડાણથી સમજવો**.

૨. **જીવન** પવિત્ર અને **પ્રામાણિક** રાખવું. **કાર્યકર બનવું.**

૩. આપણા **યોગમાં આવનાર મિત્રો વગેરે દરેકને** શ્રીજી મહારાજ, મહંતસ્વામી મહારાજ, બી.એ.પી.એસ. **સંસ્થાની** પ્રવૃત્તિઓ વગેરેની **વાતો** કર્યા કરવી.

૪. **મિત્રોને બાળસભામાં આવતા કરવા.** તેઓને મંદિરમાં લાવવા. સમૈયા, ઉત્સવ અને પ્રસાદનો લાભ અપાવવો. સંતો સાથે પરિચય કરાવવો.

૫. **મિત્રોને** નિઃસ્વાર્થભાવે **મદદરૂપ** થવું.



# ૩૭. કાયમી મુખપાઠ

■ **જયનાદ**

શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય
અક્ષરપુરુષોત્તમ મહારાજની જય
ગુણાતીતાનંદ સ્વામી મહારાજની જય
ભગતજી મહારાજની જય
શાસ્ત્રીજી મહારાજની જય
યોગીજી મહારાજની જય
પ્રમુખસ્વામી મહારાજની જય
મહંતસ્વામી મહારાજની જય

■ **આરતી**

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,
અક્ષરપુરુષોત્તમ જય (૨), દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ... ટેક

મુક્ત અનંત સુપૂજિત, સુંદર સાકારમ્, (જય) (૨)
સર્વોપરી કરુણાકર(૨), માનવ તનુધારમ્... જય. ૧.

પુરુષોત્તમ પરબ્રહ્મ, શ્રીહરિ સહજાનંદ, (જય)(૨)
અક્ષરબ્રહ્મ અનાદિ(૨), ગુણાતીતાનંદ... જય. ૨.

પ્રકટ સદા સર્વકર્તા, પરમ મુક્તિદાતા, (જય) (૨)
ધર્મ એકાંતિક સ્થાપક(૨), ભક્તિ પરિત્રાતા... જય. ૩.

દાસભાવ દિવ્યતા સહ, બ્રહ્મરૂપે પ્રીતિ, (હો) (૨)
સુહૃદભાવ અલૌકિક (૨), સ્થાપિત શુભ રીતિ... જય. ૪.

ધન્ય ધન્ય મમ જીવન, તવ શરણે સુફલમ્, (હો) (૨)
યજ્ઞપુરુષ પ્રવર્તિત (૨), સિદ્ધાન્તં સુખદમ્... જય. ૫.

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ...
અક્ષરપુરુષોત્તમ જય(૨), દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ... જય સ્વામિ...

■ **પૂજાના શ્લોકો**

**આહ્વાન મંત્ર :**

**ઉત્તિષ્ઠ સહજાનંદ શ્રીહરે પુરુષોત્તમ ।**
**ગુણાતીતાક્ષર બ્રહ્મન્ ઉત્તિષ્ઠ કૃપયા ગુરો ॥**
**આગમ્યતાં હિ પૂજાર્થમ્ આગમ્યતાં મદાત્મતઃ ।**
**સાંનિધ્યાદ્ દર્શનાદ્ દિવ્યાત્ સૌભાગ્યં વર્ધતે મમ ॥**

હે સહજાનંદ શ્રીહરિ! હે પુરુષોત્તમ! કૃપા કરીને ઊઠો. હે અક્ષરબ્રહ્મ ગુણાતીત ગુરુ! કૃપા કરીને ઊઠો. મારી પૂજા સ્વીકારવા માટે મારા આત્મામાંથી પધારો. આપના દિવ્ય સાંનિધ્ય અને દર્શનથી મારું સૌભાગ્ય વધે છે.

**પુનરાગમન મંત્ર :**

**ભક્ત્યૈવ દિવ્યભાવેન પૂજા તે સમનુષ્ઠિતા ।**
**ગચ્છાથ ત્વં મદાત્માનમ્ અક્ષરપુરુષોત્તમ ॥**

હે અક્ષરબ્રહ્મ સહિત બિરાજમાન પુરુષોત્તમ નારાયણ! આપની પૂજા ભક્તિભાવથી અને દિવ્યભાવથી જ મેં સંપન્ન કરી છે. હવે આપ મારા આત્માને વિષે વિરાજિત થાઓ.

■ **જમતાં પહેલાં બોલવાનો શ્લોક**

**શ્રીમદ્સદ્ગુણશાલિનંચિદચિદ્વ્યાપ્તંચદિવ્યાકૃતિં**
**જીવેશાક્ષર-મુક્ત-કોટિ-સુખદંનૈકાવતારાધિપમ્।**
**જ્ઞેયં શ્રીપુરુષોત્તમં મુનિવરૈ ર્વેદાદિકીર્ત્યં વિભું**
**તન્મૂલાક્ષરયુક્તમેવ સહજાનન્દં ચ વન્દે સદા॥**

(શોભાયમાન, સદ્ગુણોથી યુક્ત, જડચેતનમાં વ્યાપ્ત, દિવ્ય આકૃતિવાળા, કરોડો જીવોને, ઈશ્વરોને તથા અક્ષરમુક્તોને સુખ આપનારા, સર્વાવતારી, મુનિશ્રેષ્ઠોને પણ જાણવા યોગ્ય, વેદો વગેરેને પણ સ્તુતિ કરવા યોગ્ય, સર્વાધિક સામર્થ્યવાળા અને મૂળ અક્ષરમૂર્તિ (શ્રી ગુણાતીતાનંદ સ્વામી) સહિત જ એવા પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીને હું સદાય વંદન કરું છું.)

**ૐ સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ,**
**સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિનાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥**

(હે પરમાત્મા ! આપ અમારા બંનેનું (ગુરુ-શિષ્યનું) સાથે રક્ષણ કરો અને પોષણ કરો. અમે બંને સાથે શક્તિ પ્રાપ્ત કરીએ. અમારા બંનેનું અધ્યયન તેજસ્વી બનો અને અમે બંને પરસ્પર દ્વેષ ન કરીએ.)

■ **રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના**

હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુદ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતાપિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.

■ **રોજ રાત્રે સૂતાં પહેલાં કરવાની પ્રાર્થના**

હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! આખા દિવસમાં જાણે અજાણે મારાથી ભૂલ થઈ હોય તે માફ કરજો. ફરી ભૂલ ન થાય તેવી પ્રેરણા આપજો અને સવારે મને વહેલો ઉઠાડજો. આવતી કાલે આપને વિશેષ રાજી કરી શકું તેવી શક્તિ આપજો.

# ૩૮. વિશેષ મુખપાઠ

■ **વચનામૃત : ગઢડા પ્રથમ-૧૬ : વિવેકનું**

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૧૬મું વિવેકનું... સ્વામિનારાયણ હરે.. સંવત્ ૧૮૭૬ના માગશર વદિ ચોથને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, 'જે ભગવાનના ભક્તને સત્-અસત્‌નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે. અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ અવગુણ ભાસે જ નહિ. અને ભગવાન અને સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને, પણ તે વચનને વિષે સંશય કરે નહિ. અને સંત કહે જે, 'તું દેહ, ઈન્દ્રિય, મન, પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એનો જાણનારો છું, અને એ દેહાદિક સર્વે અસત્ય છે.' એમ વચન કહે તેને સત્ય માનીને તે સર્વથી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહિ. અને જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવા જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે અને તેના બંધનમાં આવે નહિ. અને સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે. એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે તેને વિવેક છે.'

॥ ઈતિ વચનામૃતમ્ ગઢડા પ્રથમનું ૧૬મું થયું ॥

■ **ધૂન**

સ્વામી અને નારાયણ (૨)...
  સ્વામી તે ગુણાતીત સ્વામી,
  નારાયણ સહજાનંદ સ્વામી... ૧ સ્વામી અને ૦
અક્ષર અને પુરુષોત્તમ (૨)...
  અક્ષર તે ગુણાતીત સ્વામી,
  પુરુષોત્તમ સહજાનંદ સ્વામી... ૨ અક્ષર અને ૦
આત્મા ને પરમાત્મા (૨)...
  આત્મા તે ગુણાતીત સ્વામી,
  પરમાત્મા સહજાનંદ સ્વામી... ૩ આત્મા ને ૦
બ્રહ્મ અને પરબ્રહ્મ (૨)...
  બ્રહ્મ તે ગુણાતીત સ્વામી,
  પરબ્રહ્મ સહજાનંદ સ્વામી... ૪ બ્રહ્મ અને ૦

■ **પ્રાર્થના**

હે અક્ષરપુરુષોત્તમ પ્યારા, મંગલ કરનારા;
પાયે પડીને વંદન કરતા, બાળક સૌ તારા... ટેક
સર્વોપરી સાકાર દિવ્ય છો, છો કર્તા હર્તા;
સંત સ્વરૂપે પ્રગટ રહો છો, મુક્તિના દાતા... હે... ૧
નિયમ પાલનની શક્તિ દેજો, કષ્ટો હરનારા;
સંપ, સંયમ ને ભક્તિ દેજો, કરુણા ધરનારા... હે... ૨
ભણીએ ગણીએ, વિનયી બનીએ, થઈએ અમે સારા;
માત-પિતા ને જન સેવાના, આશિષ દો ન્યારા... હે... ૩

■ **કીર્તન**

સ્વામિનારાયણ નામની હો, કંઠી છે ડોકમાં,
સ્વામિનારાયણ નામની હો, માળા છે હાથમાં... ટેક
જૂઠું બોલાય નહિ, ખોટું લેવાય નહિ;
અવળું ચલાય નહિ હો, કંઠી છે ડોકમાં... સ્વા... ૧
ચોરી કરાય નહિ, કોઈને મરાય નહિ;
જ્યાં ત્યાં ખવાય નહિ હો, કંઠી છે ડોકમાં... સ્વા... ૨
પૂજા મુકાય નહિ, નિયમ છોડાય નહિ;
સત્સંગ લજવાય નહિ હો, કંઠી છે ડોકમાં... સ્વા... ૩
પ્રમુખસ્વામીને, ક્યારેય વીસરાય નહિ;
ભક્તિ ભુલાય નહિ હો, કંઠી છે ડોકમાં... સ્વા... ૪

■ **ધ્યેયમંત્ર અને પૂર્ણાહુતિ શ્લોક**

**ગુણાતીતં ગુરું પ્રાપ્ય બ્રહ્મ રૂપં નિજાત્મનઃ ।**
**વિભાવ્ય દાસભાવેન સ્વામિનારાયણં ભજે ॥**

(ગુણાતીત ગુરુને પ્રાપ્ત કરીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, દાસભાવે હું સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરું છું.)

**શ્રીહરિં સાક્ષરં સર્વદેવેશ્વરં,**
**ભક્તિધર્માત્મજં દિવ્યરૂપં પરમ્ ।**
**શાન્તિદં મુક્તિદં કામદં કારણં,**
**સ્વામિનારાયણં નીલકંઠં ભજે ॥**

(અક્ષરસહિતના શ્રીહરિ, સર્વાવતારી, ભક્તિ-ધર્મના પુત્ર, દિવ્ય સ્વરૂપવાળા, સર્વથી પર, શાંતિ અર્પનાર, મુક્તિ અર્પનાર, કામના (સંકલ્પ) સિદ્ધ કરનાર, સર્વના કારણ એવા નીલકંઠ પ્રભુ સ્વામિનારાયણ ભગવાનને હું ભજું છું.)



# ૩૯. જાણવા જેવું

## ભગવાન શ્રી સ્વામિનારાયણ

૧. **સ્વરૂપ :** પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ, સર્વોપરિ ભગવાન.

૨. **અવતરણ :** તા. ૩/૪/૧૭૮૧, સંવત્ ૧૮૩૭, ચૈત્ર સુદ ૯ (નોમ-રામનવમી), છપૈયા, ઉત્તરપ્રદેશ.

**માતા :** ભક્તિમાતા, **પિતા :** ધર્મદેવ.

**બાળપણનું નામ :** ઘનશ્યામ, **અન્ય નામ :** નીલકંઠ વર્ણી, સરજૂદાસ, નારાયણ મુનિ, સહજાનંદ સ્વામી, શ્રીહરિ, શ્રીજી મહારાજ, હરિકૃષ્ણ મહારાજ વગેરે.

૩. **જન્મહેતુ :** મેરા જો અવતાર હૈ સો તો જીવો કું આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે પુરુષોત્તમ જૈસા જો મૈં વો મનુષ્ય કે જૈસા બન્યા હૂઁ.

૪. **દિવ્ય બાળપણ :** અનેક ચમત્કારો. ૭ વર્ષની ઉંમરે તમામ શાસ્ત્રોમાં પારંગત થયા.

૫. **કલ્યાણમય વનવિચરણ :** ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી કઠોર તપ કર્યું. ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસ ભારતભરમાં વિચરણ કરી, લાખો મુમુક્ષુઓનું કલ્યાણ કર્યું.

૬. **૨૧ વર્ષે સ્વામિનારાયણ સંપ્રદાયનું સ્થાપન.**

૭. **મંદિરો :** ભક્તે સહિત ભગવાનની શુદ્ધ ઉપાસના દૃઢ કરાવવા ૬ શિખરબદ્ધ મંદિરો બાંધ્યાં. (અમદાવાદ, ભૂજ, વરતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડા.)

૮. **શાસ્ત્રો :** વચનામૃત અને શિક્ષાપત્રી ગ્રંથો આપ્યા.

૯. **પરમહંસો :** ૩,૦૦૦ થી વધુ સંતોને દીક્ષા આપી.

૧૦. **બે વરદાન :** (૧) ભક્તને વીંછી કરડવાનું દુઃખ થવાનું હોય, તો તે મને થાય, પણ ભક્તને ન થાય. (૨) ભક્તના ભાગ્યમાં રામપાતર (ભિક્ષા માંગવાનું) લખ્યું હોય, તો તે મને મળે. પણ ભક્ત અન્ન-વસ્ત્રે દુઃખી ન થાય.

૧૧. **'સ્વામિનારાયણ' મહામંત્ર આપ્યો.**

૧૨. **લાખો મનુષ્યોનું નિયમન :** હજારો સંતો અને લાખો ભક્તો એમની આજ્ઞામાં વર્તતા હતા.

૧૩. **સમાધિ અને બ્રહ્મસ્થિતિ :** અષ્ટાંગયોગ વિના સમાધિ કરાવી. અનેકને બ્રહ્મસ્થિતિ કરાવી.

૧૪. **અંતકાળે અક્ષરધામ :** ભક્તોને મૃત્યુ સમયે દર્શન દઈ અક્ષરધામમાં લઈ જવાનું વરદાન પાળ્યું.

૧૫. **સમાજસેવાઓ :** સતી પ્રથા બંધ, દૂધપીતી પ્રથા બંધ, કૂવા-વાવ સર્જન, અંધશ્રદ્ધા મુક્તિ, દલિત ઉદ્ધાર,

અહિંસક યજ્ઞો, સદાવ્રતો, જીવન પરિવર્તન, જીવનશુદ્ધિ, વ્યસનમુક્તિ, અક્ષરજ્ઞાન... વગેરે.

૧૬. **ધામગમન :** તા. ૧/૬/૧૮૩૦, સંવત્ ૧૮૮૬, જેઠ સુદ ૧૦ (દશમ), ગઢડા, ૪૯ વર્ષની વયે.

૧૭. **ગુણાતીત ગુરુપરંપરા દ્વારા પ્રાગટ્ય :** હાલ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ દ્વારા પ્રગટ.

## મહંતસ્વામી મહારાજ

૧. **સ્વરૂપ :** અક્ષરબ્રહ્મ, ગુણાતીત સત્પુરુષ, પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી, ભગવાનનું સ્વરૂપ, મોક્ષનું દ્વાર.

૨. **જન્મ :** તા. ૧૩-૯-૧૯૩૩, વિક્રમ સંવત ૧૯૮૯, ભાદરવા વદ-૯, જબલપુર, રાજ્ય - મધ્યપ્રદેશ. (મૂળ વતન - આણંદ)

૩. **માતાનું નામ :** ડાહીબહેન, **પિતાનું નામ :** મણીભાઈ **બાળપણનું નામ :** વિનુભાઈ. બાળપણમાં તેઓ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ પામ્યા હતા.

૪. **દીક્ષા :**

- ૨૫ વર્ષની ઉંમરે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના વચને ગૃહત્યાગ કરી પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી. (ગોંડલ)
- **પાર્ષદી દીક્ષાનું નામ :** વિનુ ભગત
- ૨૮ વર્ષની ઉંમરે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ભાગવતી દીક્ષા આપી. (ગઢડા)
- **ભાગવતી દીક્ષાનું નામ :** સાધુ કેશવજીવનદાસ.

૫. **અભ્યાસ અને સંતોના મહંત :** દીક્ષા બાદ મુંબઈમાં તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે તેમને ૫૦ સંતોમાં મુખ્ય તરીકે નીમ્યા. ત્યારથી તેઓ 'મહંતસ્વામી'ના નામે ઓળખાતા થયા.

૬. **જીવન-સાધુતા :**

- સુશિક્ષિત સંતોમાં પ્રથમ દીક્ષા લેનાર
- પંચવર્તમાનમાં દૃઢ
- શાસ્ત્રોમાં વર્ણવેલ સંતના તમામ સદ્‌ગુણોથી યુક્ત
- પરાભક્તિ અને ગુરુભક્તિ : પ્રત્યેક કાર્યનો યશ ભગવાન અને ગુરુને ચરણે ધરે છે.

૭. **કાર્ય :**

- બાળ-યુવા-સત્સંગ પ્રવૃત્તિને દિશાદર્શન
- ભવ્ય મહોત્સવોમાં સુશોભન સેવાઓ
- અક્ષરધામ અને અન્ય આંતરરાષ્ટ્રીય આયોજનોમાં માર્ગદર્શન
- સત્સંગ માટે સતત વિચરણ-ભીડો.

૮. **ગુરુપદે :** ૮૩ વર્ષની ઉંમરે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનુગામી તરીકે ગુરુપદે બિરાજ્યા.

૯. **જીવનભાવના :** ઊંચ-નીચ, ગરીબ-તવંગર, નાત-જાત કે ધર્મના ભેદ વિના સૌની સેવા - સૌનું કલ્યાણ, સંપ-સુહૃદભાવ-એકતા, દિવ્યભાવ, મહિમા, દાસભાવ વગેરે.

૧૦. **અન્ય :**

- તેઓની ઉપસ્થિતિમાં સૌને પરમશાંતિનો અનુભવ થાય છે. બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલ કે અભણ, દેશના કે વિદેશના સૌને પરમાત્માને મળ્યાનો આનંદ અનુભવાય છે.
- સૌ કોઈ એમના સાંનિધ્યમાં આધ્યાત્મિક પ્રગતિ કરે છે.

## બી.એ.પી.એસ. સંસ્થા

૧. **આખું નામ :** બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા. (બી.એ.પી.એસ.)

૨. **ટૂંકો પરિચય :** સનાતન હિંદુ વૈદિક તત્ત્વજ્ઞાન અને જીવનશૈલીના અનુસરણ સાથે નિઃસ્વાર્થભાવે સૌનું કલ્યાણ કરતી આધ્યાત્મિક-સામાજિક સંસ્થા.

૩. **સ્થાપના :** સને ૧૯૦૭, બોચાસણ.

૪. **સ્થાપક :** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ.

૫. **સૂત્રધાર :** પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ.

૬. **મુખ્ય સિદ્ધાંત :** અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.

૭. **પાયાની સમજણ :** ભગવાન સ્વામિનારાયણ સર્વોપરિ ભગવાન. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર. પ્રગટ સત્પુરુષ મહંતસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર.

૮. **હેતુ :** ભગવાન શ્રી સ્વામિનારાયણે કહેલ વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન સાથે સમાજનો સર્વાંગી ઉત્કર્ષ. ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોનું જતન અને સંવર્ધન.

૯. **મુખ્ય શાસ્ત્રો :** વચનામૃત, શિક્ષાપત્રી, સ્વામીની વાતો.

૧૦. ૩,૮૫૦ આંતરરાષ્ટ્રીય **કેન્દ્રો**.
૧૬,૦૦૦ અઠવાડિક બાળ, યુવા, સત્સંગ તથા મહિલા **સભાઓ**.

૧૧. દેશ-વિદેશમાં ૧૦ લાખથી વધુ **હરિભક્તો**.

૧૨. ૧,૦૦૦ થી વધુ સ્ત્રી-ધનના ત્યાગી સુશિક્ષિત **સંતો**.

૧૩. ૧,૧૦૦ થી વધુ મંદિરો. ગાંધીનગર, દિલ્હી અને રોબિન્સવીલ (અમેરિકા)માં સ્વામિનારાયણ **અક્ષરધામ**.

**૧૪.** અનેક પ્રકારની આંતરરાષ્ટ્રીય **સેવા પ્રવૃત્તિઓ :**

- દવાખાનાં-હોસ્પિટલો દ્વારા લાખો દર્દીઓની આરોગ્ય સેવા.
- શાળા - કોલેજ - છાત્રાલયો - શિષ્યવૃત્તિ દ્વારા લાખો વિદ્યાર્થીઓની શિક્ષણ સેવા.
- દુષ્કાળ - પૂર હોનારત - વાવાઝોડું - ભૂકંપ વગેરે આપત્તિઓમાં પીડિતોની સેવા.
- આદિવાસીઓના સર્વાંગી ઉત્કર્ષની સેવા.
- પર્યાવરણ જાગૃતિ, વાલી જાગૃતિ, શિક્ષક જ્યોતિ, મહિલા ઉત્કર્ષ, વ્યસનમુક્તિ, સાક્ષરતા અભિયાન, દહેજનાબૂદી, જળસંચય અભિયાન, નર્મદા યોજના જાગૃતિ... વગેરે.

**૧૫.** **આધ્યાત્મિક પ્રવૃત્તિઓ :** બાળ-યુવા-વડીલ-મહિલા સત્સંગ પ્રવૃત્તિઓ દ્વારા સૌમાં આધ્યાત્મિક ગુણોનો વિકાસ.

**૧૬.** અનેકવાર **ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ**માં સ્થાન. **યુનો દ્વારા માન્યતા.**

## ભગવાન ભજી લેવા

એક વાર એક શિક્ષક ગંગા નદીની યાત્રા કરવા નીકળ્યા. નાવમાં શિક્ષક અને નાવિક બે જ હતા. યાત્રાની શરૂઆત થતાં જ શિક્ષકે પૂછ્યું, 'એ નાવિક ! તને વિજ્ઞાન વિશે કે રાજકારણ વિશે કાંઈ ખ્યાલ છે ?' નાવિક બિચારો શું કહે ? તેણે ના પાડી. શિક્ષક કહે, '૨૧મી સદીમાં વિજ્ઞાન વિશે જાણતો નથી ? તારી અડધી જિંદગી પાણીમાં ગઈ.' નાવિક શરમાઈ ગયો.

એવામાં અચાનક ભયંકર વાવાઝોડું ફૂંકાયું. નાવ હાલક-ડોલક થવા લાગી. નાવિકે કહ્યું, 'સાહેબ ! તરતાં આવડે છે ?' શિક્ષકે કહ્યું, 'ના.' નાવિક કહે, 'તો સાહેબ, હવે તમારી આખી જિંદગી પાણીમાં જશે. મને ભલે વિજ્ઞાન, રાજકારણ, રમત-ગમત વગેરે આવડતું ન હોય, પણ તરતાં આવડે છે. છેલ્લા રામરામ...' અને નાવિક નદીમાં કૂદી પડ્યો.

મિત્રો ! આ દૃષ્ટાંત ખૂબ જ ઊંડો બોધ આપી જાય છે. આપણને આખી દુનિયાનું બધું જ્ઞાન હોય, પણ ભગવાન કે જે જીવનનું અંતિમ ધ્યેય છે, તેનું જ્ઞાન ન હોય, તો શિક્ષકની જેમ આપણી પણ આખી જિંદગી પાણીમાં જ ગઈ કહેવાય.

વેદના વિભાગ કરનાર, બ્રહ્મસૂત્ર અને ૧૮ પુરાણોની રચના કરનાર, મહા બુદ્ધિશાળી, જ્ઞાની, ભગવાનના અવતાર સમા મુનિ વેદવ્યાસ એટલે જ કહે છે કે,

**આલોડ્ય સર્વશાસ્ત્રાણિ**
**વિચાર્ય ચ પુનઃ પુનઃ ।**
**ઈદમ્ એકં સુનિષ્પન્નં**
**ધ્યેયો નારાયણો હરિઃ ॥**

એટલે કે બધાં જ શાસ્ત્રોનો સાર એક જ છે કે જીવનનું ધ્યેય ભગવાન છે. તેથી જ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ વારંવાર કહેતા કે ભગવાન ભજી લેવા... હા મિત્રો ! આ જરાય ખોટી વાત નથી. આ કોઈ વેવલાવેડા નથી. આ અનુભવસિદ્ધ વાત છે. જરા વિશ્વનો ઈતિહાસ તપાસી જુઓ.

અડધી દુનિયાનો રાજા બનનાર સમ્રાટ નેપોલિયન કહે છે, 'મેં સુખના ૬ દિવસો જોયા નથી.' મહાન શિલ્પકાર અને ચિત્રકાર માઇકલ એન્જેલો કહે છે, 'મને પસ્તાવો થાય છે કે મેં આત્મકલ્યાણ માટે કાંઈ ન કર્યું.' આથી વિરુદ્ધ નરસિંહ મહેતા, મીરાંબાઈ, ૫૦૦ પરમહંસો, ગુણાતીત ગુરુપરંપરા... પાસે ધન-સત્તા વગેરેમાંથી કાંઈ ન હતું, છતાં તેઓ અત્યંત સુખી હતા.

આનો અર્થ એવો નથી કે પૈસા ન જ કમાવા. સત્તા ન જ મેળવવી... બધું જ કરવું પણ શાસ્ત્રની મર્યાદા મુજબ. ધર્મની આજ્ઞા મુજબ. હંમેશાં યાદ રાખીએ ભગવાનને ભૂલીને થતું દરેક કાર્ય એકડા વિનાનાં મીંડા જેવું છે. નિરર્થક, હાસ્યાસ્પદ, પસ્તાવાજનક અને દુઃખજનક છે...

તો ચાલો મિત્રો ! જાગ્યા ત્યારથી સવાર. જીવનના અંતે આપણે કોઈએ પસ્તાવું ન પડે. ભગવાન ભજી લઈ આપણે આ લોકમાં અને પરલોકમાં મહાસુખિયા થઈએ. અંતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું એક સૂત્ર પણ યાદ કરી લઈએ, 'શ્રદ્ધા અને ભક્તિ જીવનમાં દૃઢ કરો...'.



# ૪૦. બી.એ.પી.એસ.ના સત્સંગમાં મોક્ષ પાક્કો



અંગ્રેજોના સમયની વાત છે. **જામનગર**નાં કેટલાંક ગામમાં **કરવેરો** ઉઘરાવવા **એક અંગ્રેજ અમલદાર**ની નિમણૂક થઈ હતી. એક પછી એક ગામમાં જવાનો તેમણે કાર્યક્રમ ગોઠવ્યો. બધાને તારીખો અપાઈ ગઈ. એક વાર સવારે ૪-૦૦ વાગ્યે તેઓ **હોળીસંગ અને ઘુડકોટ** ગામે જવા નીકળ્યા.

રસ્તામાં જોયું તો કેટલાક **ખેડૂતો સ્વચ્છ કપડાંમાં** ખૂબ **આનંદમાં** બળદ લઈને નીકળ્યા હતા. માથે **તિલક-ચાંદલો**. મુખમાં **પ્રભાતિયાં**ના શબ્દો. **બળદ પણ સ્વચ્છ** અને ઘૂઘરા વગેરેથી શણગારેલા. આ બધું જોઈ પેલા અંગ્રેજ **અમલદાર** ખૂબ **રાજી** થયા. આ બંને ગામમાં તેઓ ૧૫ દિવસ રહ્યા. સત્સંગીઓની **પ્રામાણિકતા** અને તેમનું **ભગવાનમય જીવન જોઈ** તેઓ ખૂબ **પ્રભાવિત** થયા.

હવે તેમને **બીજાં ગામોમાં** જવાનું હતું. તેઓ ગયા તો ખરા પણ **સત્સંગીના ગામ જેવું કાંઈ** ત્યાં **ન દેખાયું**. ત્યારે તેમણે પ્રસ્તાવ મૂક્યો કે '**સબ સ્વામિનારાયણ હો જાયે.** એસા એક **સરક્યુલર** નિકાલો.' આવું સાંભળી ત્યાંના સચિવે કહ્યું, 'સાહેબ! બધા એક જ ધર્મ પાળે એવી કોઈ નીતિ અહીં નથી.' અંગ્રેજ અમલદારને ધર્મ-સંપ્રદાયોની વાત વધુ ન સમજાઈ, પણ તેઓ **જ્યાં સુધી તે વિસ્તારમાં રહ્યા** ત્યાં સુધી જેને મળે તેને **કહ્યા કરતા**, 'તુમ સ્વામિનારાયણ ક્યોં નહીં હોતે હો ? **સ્વામિનારાયણ હોના અચ્છા હૈ**...' એમ કહી તેઓ સ્નાન, પૂજા, તિલક વગેરે કરવાની વાતો કરતા.

હા બાળમિત્રો, આપણા સ્વામિનારાયણના સત્સંગની વાત જ કાંઈક નિરાળી છે. એમાંય આપણી બી.એ.પી.એસ. સંસ્થાના સત્સંગના લાભો તો ગણ્યા ન ગણાય તેટલા છે.

■ **બી.એ.પી.એસ.સત્સંગના લાભ**

- જીવનનું **અંતિમ ધ્યેય (ભગવાન) સમજાય** છે. શાંતિ, આનંદ, સુખ અને **સંતોષભર્યું જીવન** જીવી શકાય છે.



- નિયમ-ધર્મને લીધે **કુસંગથી રક્ષા** થાય છે. સમાજમાં ગૌરવ મળે છે. ખોટા ખર્ચ અટકે છે.
- બાળ-યુવક મંડળને લીધે **સંતાનોમાં સંસ્કાર** જળવાઈ રહે છે. **ચારિત્ર્ય દૃઢ** થાય છે.
- વ્યસનમુક્તિને લીધે શારીરિક **સ્વાસ્થ્ય**ની રક્ષા થાય છે. ખોટા ખર્ચ અટકે છે.
- સત્સંગ સભા, ઘરસભાને લીધે મનની અને **કુટુંબની શાંતિ** જળવાય છે. **સમજણ** આવે છે.
- **પૂજા**, પ્રદક્ષિણા, દંડવત્, માળાજાપ, **પ્રાર્થના**, માનસી પૂજા... **વગેરેને લીધે અનેક લૌકિક અને પારલૌકિક** બંને **લાભો** થાય છે.
- **પ્રગટ સત્પુરુષમાં જોડાણ** થવાથી, ભગવાન સાથે **દિવ્ય જીવન** જીવતા હોઈએ, એવું **અનુભવાય** છે.
- સત્સંગદીક્ષા પાળવાથી **વિષય, વ્યસન, વહેમ ટળે** છે. આર્થિક પ્રશ્નો, ધંધાકીય પ્રશ્નો ઘટે છે.
- સ્વામીશ્રી, સદ્‌ગુરુ સંતો, **સંતોનું માગદર્શન** જીવનને ખૂબ ટેકો આપે છે. **હતાશા નિવારે** છે.



- સંસ્થા દ્વારા ચાલતી **સામાજિક પ્રવૃત્તિઓ**ને લીધે ; સારું **શિક્ષણ**, સારી સ્વાસ્થ્ય સુવિધાઓ, કુદરતી **આપત્તિઓમાં સહાય** વગેરેનો લાભ મળે છે.
- **હિંદુ સંસ્કૃતિનું જતન-સંવર્ધન** થાય છે. સાચા હિંદુ બનાય છે.
- **સમૈયા-ઉત્સવો**, **મંદિરો**, અક્ષરધામ, સેવા વગેરેને લીધે **'બી.એ.પી.એસ. એક પરિવાર'**ની ભાવના દૃઢાય છે. તથા **વૈશ્વિક સંસ્થાના સભ્ય હોવાનું ગૌરવ** અનુભવાય છે.
- **સત્પુરુષનો રાજીપો** મળતાં, જીવન દરમ્યાન પણ આનંદ અને **મૃત્યુ બાદ અક્ષરધામ**માં ભગવાનનું અખંડ સુખ મળે છે.

ખરેખર, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્ત થવું, એ ખૂબ મોટાં ભાગ્યની વાત છે. માટે ક્યારેય નાનું-મોટું સુખ-દુ:ખ આવે, અપમાન થાય, તોય ભગવાન અને સંતનો સત્સંગ છોડવો જ નહિ.










**તો ચાલો, સંકલ્પ કરીએ : LIVE FOR BAPS. હું બી.એ.પી.એસ. માટે જીવન જીવીશ. હું આજીવન સત્સંગ કરીશ.**

■ **<u>'અક્ષરધામમાં લઈ જતાં આવડે.'</u>**


- સને ૧૯૮૭. **રાજકોટ**. **પ્રમુખસ્વામી મહારાજ** એક હરિભક્તની **ગાડીમાં** બિરાજમાન હતા. એ હરિભક્તે પૂછ્યું, 'સ્વામી ! આપે સાઈકલ ચલાવેલી ?' સ્વામીશ્રી કહે, 'હા. સાઈકલ અને મોટર બન્ને ચલાવેલાં.'

**હરિભક્ત** કહે, **'આપે હેલિકોપ્ટર પણ ચલાવવું જોઈએ.'** **સ્વામીશ્રી** કહે, **'એ બધું તમારે ચલાવવું. અમને તો અક્ષરધામના હેલિકોપ્ટરમાં બેસાડી ભગવાન પાસે લઈ જતાં આવડે.'**

- સ્વામીશ્રી પોતાના **આશીર્વાદમાં ઘણીવાર કહેતા :**

'આપણને સર્વોપરી ભગવાન મળ્યા, તેમના ધારક સંત મળ્યા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ મળ્યા, તે **આપણો મોક્ષ પાક્કો**. આપણે સેવા-ભક્તિ કરીએ છીએ, **આજ્ઞા-ઉપાસના રાખીએ છીએ, તો** અક્ષરધામમાં જ બેઠા છીએ. જરાય શંકા કરવી જ નહિ. આ **આપણો છેલ્લો જન્મ** છે.'

... ખરેખર, આવા અક્ષરબ્રહ્મ સ્વરૂપ અને પરબ્રહ્મના ધારક ગુરુહરિ મહંતસ્વામી મહારાજને સંગે **અહીંયાં** (પૃથ્વી ઉપર) **પણ** આપણે **અક્ષરધામ**માં બેઠા છીએ અને **અંતકાળે પણ** તેઓ આપણને **તેડવા** આવી, અક્ષરધામમાં લઈ જશે.



## આદર્શ બાળકની

# દિનચર્યા

બાળમિત્રો! આપણે સૌ મહારાજ-સ્વામીના આદર્શ બાળકો છીએ. આપણો જન્મ મહારાજ-સ્વામીને રાજી કરવા થયો છે. આપણી દિનચર્યા એવી હોવી જોઈએ કે સૌ કહે, 'વાહ ! સ્વામિનારાયણના સત્સંગી બાળકો કેવા સંસ્કારી છે !' નીચે જણાવેલી દિનચર્યા સાથે તમારી દિનચર્યા સરખાવો.


પ્રાર્થના સાથે જાગવું


પૂજા


પંચાંગ પ્રણામ


ભોજન પહેલાં શ્લોક


નિયમિત અભ્યાસ


બાળસભા


આરતી-અષ્ટક


સત્સંગ વાંચન - ઘરસભા




## આજ્ઞા

૧. કંઠી
૨. પૂજા-પંચાંગ
૩. બાળસભા-ઘરસભા
૪. આરતી અષ્ટક
૫. આહારશુદ્ધિ
૬. વાંચન-પરીક્ષા
૭. કુસંગ ત્યાગ
૮. સારો અભ્યાસ


## ઉપાસના

૧. ગુણાતીતાનંદ મૂળ અક્ષર
૨. સહજાનંદ એક પરમેશ્વર
૩. પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર
૪. BAPS અસ્મિતા

# આજીવન સત્સંગ

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજના

# આશીર્વાદ



## ॥ આજીવન સત્સંગ ॥

(સત્સંગ પરીક્ષાથી સત્સંગની દૃઢતા થશે. સત્સંગ કાયમ ટકી રહે તેવો પાયો દૃઢ થશે. માટે સર્વે બાળકોએ અવશ્ય લાભ લેવો.)

સત્સંગ પરીક્ષાનું ફળ અક્ષરધામ

*The fruit of Satsang Exams is Akshardham*

Satsang Vihar-3 Guj. USD 1.00

1 3 5 6 4

BG 2 4 3

ISBN: 978-81-7526-604-9

BAPS